بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુન-૨૦૧૫**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૬, સળંગ અંક : ૧૩૮

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | મુસલમાનોની નાસમજી અને તેનો ઈલાજ | 02 |
| 02 | "જાગતામાં નબી ﷺનો દીદાર" એ ઈસ્લામી અકીદો છે | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 16 |
| 07 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 08 | કાનૂને શરીઅત | 20 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 25 |
| 10 | હદીષોના દુશ્મન ! | 28 |
| 11 | મક્તબો (મદ્રસાઓ)ના જિમ્મેદારો ગંભીર બની.... | 32 |
| 12 | ગૈર મુકલ્લિદોના કેટલાક સવાલોના જવાબો | 37 |
| 13 | બાદશાહ મહમૂદ ગઝનવીનો ન્યાય | 39 |
| 14 | ગુજરાતના ત્રાસવાદ વિરોધી વિધેયક... | 42 |
| 15 | ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ | 45 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


હબીબે ખુદા અર્શ પર જાને વાલે
વો ઈક આન મેં, જા કે ફિર આને વાલે
વો અકસા મેં મેઅરાજ કી શબ પહોંચ કર
ઈમામત નબીયોં કી ફર્માને વાલે
ઈન્હીં કી હય આલમ મેં નાફિઝ હુકૂમત
યહી હંય દરખ્તોં કે બુલવાને વાલે
ઈન્હીં લકબ હય, શફીએ ગુલામાં
યે હય એહલે ઈસ્યાં કે બખ્શાને વાલે
જો ચાહો વો માંગો, જો માંગો વો પાઓ
નહીં હય યે ઈન્કાર ફર્માને વાલે
ગુનેહગાર કયા ? બલ્કે હંય અમ્બિયા ભી
તેરી ઝાત પર ફખ્ર ફર્માને વાલે
જો અચ્છોં કી કિસ્મત મેં હય જામ તેરા
બદોં કો ભી ઈક બુંદ, મયખાને વાલે
હય જિન કા વઝીફા, અગિષની-હબીબી
યે હંય ઉન કી ઈમદાદ ફર્માને વાલે
દુઆ હય કે એહબાબ મેં હો યે ચર્ચા
**"જમીલ"** અબ મદીને કો હય જાને વાલે

# મુસલમાનોની નાસમજી અને તેનો ઈલાજ

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

કોઈ નુકસાનને જાણવું અલગ છે અને એ જાણેલી ચીજને અનુભવવી અલગ વાત છે. જ્યારે માણસ કોઈ ચીજની અનૂભૂતિ કરે છે, એનો એહસાસ કરે છે તો તેના માટે દિલગીર પણ થાય છે. અને તે નુકસાનના નિવારણની કોશિશ પણ કરે છે. તમો જુઓ કે આજે દુનિયાભરમાં મુસ્લિમ ઉમ્મતનું શોષણ થઈ રહ્યું છે, તેની સાથે જુલ્મ તથા અન્યાય થઈ રહ્યો છે. દુનિયાનો કદાચ જ કોઈ મુસલમાન એવો હશે જે આ વાતથી વાકેફ ન હોય, પણ શું તેને એનો એહસાસ પણ છે ? જો સાચા અર્થમાં એહસાસ થઈ જાય તો યક઼ીનન ! તો તે તેના માટે અમલી રીતે પ્રયત્નશીલ થઈ જશે, પડતી તથા જુલ્મ તથા જબરદસ્તીના માહોલમાંથી નીકળવાની કોશિશ કરશે. આજે હાલત એ છે કે દોસ્તોના રૂપમાં દુશ્મન હમદર્દીનો ઢોંગ રચીને મોટી મોટી મંડીઓમાં વ્યક્તિને નહીં બલ્કે ક઼ૌમોને વેચી રહ્યા છે અને આપણે ગફલતની નિદ્રામાં એટલા મસ્ત છીએ કે આપણને એનો એહસાસ સુધ્ધાં નથી. જ્યારે આંખ ખુલે છે તો સર્વ કાંઈ લૂટાઈ ચૂક્યું હોય છે. છેવટે મુસ્લિમ ઉમ્મત હક઼ તથા બાતિલ, હલાલ તથા હરામ, સત્ય તથા જૂઠ, દોસ્ત તથા દુશ્મનમાં ફરક કરવાની ક્ષમતાથી મેહરૂમ કેમ થઈ ગઈ છે ?! મુસલમાનોની શાન તો એ છે કે ન તે બેવકૂફ બને છે અને ન બેવકૂફ બનાવે છે. સાચો મોમિન કદી ધોકો નથી ખાતો. હદીષે નબવી છે. ''મોમિનને એક દરથી બે વાર નથી દંશવામાં આવતો.'' *(સહીહ બુખારી, કિતાબુલ અદબ, હદીષ–૬૧૩૩)* આપણા દુશ્મનો આપણને વારંવાર દંશી રહ્યા છે પણ આપણે ખામોશ પ્રેક્ષક બનીને બેઠેલા છીએ. જરૂરત છે કે આપણે આપણામાં બસીરત (દ્રષ્ટિ) પેદા કરીએ, પર્દાની આરપાર જોવાનું શીખીએ, ભાવિની આંખોમાં ઝાંકીએ અને માજી તથા વર્તમાનની કડવી વાસ્તવિકતાઓને લક્ષમાં રાખીને ભવિષ્યનો તાગ કાઢીએ. પરંતુ યાદ રાખશ કે આ નિગાહે બસીરત (દ્રષ્ટિ શક્તિ) ત્યાં સુધી પેદા નથી થતી જ્યાં સુધી ઈન્સાનમાં તક઼વા (ખુદાનો ડર)ની સિફત (ખૂબી) નથી પેદા થઈ જતી. કુર્આને મુક઼દસમાં અલ્લાહ ﷻએ નિગાહે બસીરતથી સજ્જ થવાના માટે એક ગુણનો ઉલ્લેખ કર્યો છે જેના કારણે ઈમાનવાળાઓમાં એ લાયકાત પેદા થાય છે અને તે છે તક઼વો. ઈર્શાદ ફર્માવે છે : ''હે ઈમાનવાળાઓ ! જો અલ્લાહથી ડરશો તો તમને તે આપશે જેના વડે હક઼ને બાતિલથી અલગ કરી લો, અને તમારી બુરાઈઓ ઉતારી આપશે અને તમને બખ્શી આપશે, અને અલ્લાહ ઘણો જ ફઝ્લવાળો છે.'' *(સૂ. અન્ફાલ, આ. ૨૯, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતે કરીમાથી એ વાત સ્પષ્ટ થાય છે કે તક઼વો એવો ગુણ છે કે જો કોઈ મોમિન એને અપનાવી લે તો અલ્લાહ તેને એવું નૂર અતા ફર્માવે છે જેના થકી દોસ્ત તથા દુશ્મન બંનેવને તે ઓળખી લે છે. બાતિલ હજાર પર્દા ઓઢીને આવે પણ મોમિનની નજરથી તે બચી નથી શકતો. તક઼વાની મહાન દૌલતથી સહાબા, તાબઈન તથા તબેઅ તાબઈન તથા અવલિયાએ કામિલીન માલામાલ હતા, એટલા માટે તેઓ માણસોના કેવળ જાહેરને જોઈને એમના બાતિન (અંતર)નો અંદાજો કરી લેતા હતા. ખૂદ આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા رحمۃ اللہ علیہ લોકોના વુઝૂના પાણીનાં ટીપાંઓને જોઈને જાણી લીધા કરતા હતા કે વુઝૂ કયા ગુનાહને મિટાવી રહેલ છે ! આ નજર તક઼વાના કારણે અલ્લાહે અતા કરી હતી. આજે આપણે દર દરની ઠોકરો ખાય રહ્યા છીએ અને આપણા હક઼્કોની પ્રાપ્તિના માટે ગલી ગલી ભટકી રહ્યા છીએ, છતાંય મેહરૂમી તથા નિષ્ફળતા સિવાય કાંઈ હાથ લાગતુ નથી. ખૂદ બદલાવું નહીં અને સંજોગોના બદલાવાની રાહ જોવી એ એવું સ્વપ્ન છે જે કદી પૂર્ણ થઈ શકશે નહીં. આપણે બધાથી ડરીએ છીએ સિવાય ખુદાના ! અને આપણે સૌનું સાંભળીએ છીએ, સિવાય ખુદાના ! જો આપણે તક઼વો અપનાવી લઈએ તો તે કયુ કામ છે જે ન બને ?! તક઼વો દરેક મુશ્કેલીનો હલ છે. કુર્આને મુક઼દસમાં રોજીની તંગીનો ઈલાજ પણ તક઼વાને દર્શાવવામાં આવ્યો છે. ફર્માવ્યું : ''અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના માટે છૂટકારાનો માર્ગ કરી દેશે.'' *(સૂ. તલાક઼, આ : ૨)* કામની આસાનીનો ઈલાજ પણ તક઼વાને જ બતાવવામાં આવ્યો, ફર્માવ્યું : ''અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના કામમાં સરળતા કરી દેશે.'' *(સૂ. તલાક઼, આ : ૪)* જન્નતની પ્રાપ્તિનો ઝરીયો પણ તક઼વાને જ ઠરાવવામાં આવ્યો, ફર્માવ્યું : ''આ તે બગીચાઓ છે જેના વારસદાર અમે પોતાના બંદાઓમાંથી તેમને કરીશું જે પરહેઝગાર છે.'' *(સૂ. મરયમ, આ. ૬૩)*

જો આપણે આ ગુણને અપનાવી લઈએ જેથી કોઈ આપણને ધોકો ન આપી શકે, કોઈ આપણુ શોષણ ન કરી શકે અને કોઈ આપણને માનસિક ગુલામ ન બનાવી શકે. અલ્લાહ ﷻ આક઼ાએ કરીમ ﷺના સદક઼ા વ તુફૈલ આપણને સૌને તક઼વાવાળા બનાવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# 'જાગતામાં નબી ﷺનો દીદાર'

## :: એ ઈસ્લામી અક્રીદો છે ::

**"બઝ્મે તવ્હીદ" માસિકવાળા ગૈર મુકલ્લિદોની ગુમરાહીનો પર્દાફાશ !**

**તંત્રી લેખ.....**

વર્તમાન સમયનો સૌથી બદતરીન તથા ગુમરાહ ફિર્કો જે હિંદમાં ઈ.સ. ૧૮૫૭ પછી અંગ્રેજોની કૂખેથી જન્મ પામ્યો છે તે એટલે કે કહેવાતો એહલે હદીષ, ગૈર મુકલ્લિદ વહાબી ફિર્કો જે નજદથી નીકળ્યો. હદીષે પાકમાં છે કે, નજદથી શૈતાનની શિંગ નીકળશે...તે શિંગ મુહમ્મદ અબ્દુલ વહહાબ નજદીના રૂપમાં નીકળી અને ઈસ્લામી જગતમાં આ ફિર્કાએ ધરતીકંપો ફેલાવ્યા અને વર્તમાનકાળમાં કેવળ મુસ્લિમોની જાની, માલી, ઈમાની બર્બાદીના સબબ આ જ ફિર્કાવાળાઓ બની ચૂક્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે અંગ્રેજોના સહારે નજદિયત, વહાબિયતનો જન્મ થતાં જ જગતમાં મુસ્લિમોની પડતી શરૂ થઈ. વર્તમાનકાળમાં પણ ઈરાક, લીબિયા, ઈજીપ્ત, અફઘાન, પાકિસ્તાન, સીરિયા, યમન, પેલેસ્ટાઈન....વગેરે દેશોમાં જે મુસ્લિમોની તબાહી થઈ રહી છે તેની પાછળ આ જ અહલે ખબીષનો હાથ સીધો કે આડકતરી રીતે કામે લાગેલો છે જે દુનિયા સમક્ષ જાહેર થઈ રહ્યું છે. એ જ બાતિલ ફિર્કાના અનુયાયીઓ હિંદમાં પણ પોતાની બદઅકીદગી ફેલાવવા કામે લાગેલા છે જેમ કે તેમના માસિક "બઝ્મે તવ્હીદ" ભરૂચ (જાન્યુ–ફેબ્રુ, ૨૦૧૫)ના અંકમાં સુન્ની પબ્લિકને વસવસામાં નાખવા માટે તેમણે નબી વલીની શાન વર્ણવતા લખાણોમાં વાંધા વચકા રજૂ કર્યા છે. જેમ કે "અલમુઈન" માસિક (મુા. થામ, તા.જિ. ભરૂચ)ના સપ્ટે–૧૯૯૩ના અંકમાં લખેલ હઝરત શાહ અલીજી ગામધણી રિફાઈ رحمۃ اللہ علیہની જાગૃતાવસ્થામાં તેમજ ખ્વાબમાં હુઝૂર ﷺની મુલાકાત પર આશ્ચર્ય વ્યક્ત કરી તેનો ઈન્કાર કરતાં પોતાનો વહાબી ગૈર ઈસ્લામી અકીદો જાહેર કર્યો છે કે **"હુઝૂર ﷺના જાગતામાં દીદાર થવું તથા ખ્વાબમાં દીદાર થતાં પાઘડી બાંધવી અને તે જાગૃત થતાં માથે હોવી એ અકીદો ઈસ્લામ બહારનો છે."** *(પેજ : ૧૪)*

### ★ "ખ્વાબમાં" તથા "જાગૃતાવસ્થામાં" દીદારે નબીની સાબિતી ★

ઈમામ તિબ્રાની અવસતમાં એક હદીષ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **من زارنی فی المنام فکانما زارنی فی الیقظه ان الشیطان لا یتمثل بی** "જેણે ખ્વાબમાં મારી ઝિયારત કરી તે એવું જ છે જાણે કે જાગૃતાવસ્થામાં મને જોયો, એટલા માટે કે શૈતાન મારું સ્વરૂપ ધારણ નથી કરી શકતો.

એ જ પ્રમાણે બુખારીમાં જ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. આપ ફર્માવે છે કે તેમણે નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, "જેણે મને જોયો તો તેણે હકીકતમાં મને જ જોયો." **فان الشیطان لا یتکوننی** "એટલા માટે શૈતાન મારા જેવો નથી બની શકતો."

અને બુખારીમાં જ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. આપ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **من رانی فی المنام فقد رانی فان الشیطان لا یتخیل بی** "જેણે ખ્વાબમાં મને જોયો તેહકીક

(ખરેખર) તેણે મને જ જોયો. એટલા માટે કે શયતાન મારી સૂરત અપનાવી શક્તો નથી.''

અને બુખારીમાં જ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા, **من رانی فی المنام فسیر انی فی الیقظه ولا یتمثل الشیطان بی** એનો તર્જુમો ગૈર મુક઼લ્લિદના જ મોલ્વી નવાબ વહીદુઝ્ઝમાંએ આ પ્રમાણે કર્યો છે :

''જે કોઈ ખ્વાબમાં મને જુએ નજીકમાં જ (એટલે મૃત્યુ બાદ) મને જાગૃતાવસ્થામાં પણ જોશે.'' *(તયસીરુલ બારી તર્જમા વતશ્રીહ સહીહ બુખારી, ૬/૪૫૬)*

આ રિવાયત **فسیر انی فی الیقظه**ના હેઠળ મુહદ્દિષોનાં વિવિધ મંતવ્યો છે. એક એ પણ છે કે એનાથી મુરાદ એ છે કે, **જેણે ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત કરી એના પર અલ્લાહનો કરમ થશે અને તે જાગૃતાવસ્થામાં પણ આપ ﷺની ઝિયારત પામશે.** અને આ જ હદીષના તર્જુમાથી પણ જાહેર થઈ રહ્યું છે.

**ઈમામ ઈબ્ને હજર અસ્કલાની** ''ફત્હુલ બારી''માં લખે છે : ''જો જોનારાએ નબી કરીમ ﷺને જાગૃતાવસ્થામાં જોયા એ જ સ્વરૂપમાં જેવા ખ્વાબમાં જોયા હતા તો પહેલું જોવામાં આવેલું હક્ક઼ સાબિત થયું, અને તેણે હક઼ીક઼તમાં રસૂલુલ્લાહ ﷺને જ જોયા. **અને જાગૃતાવસ્થામાં જે એણે રસૂલુલ્લાહ ﷺને જોયા તો તેનું એ જોવું હક્ક઼ છે,** પરંતુ તેણે આપની મિષાલી સૂરતને જોયી.

અને આ જ **ઈમામ ઈબ્ને હજર અસ્કલાની** એ જ ઠેકાણે ઈમામ ક઼ઝાઝ رحمۃ اللہ علیہનો ક઼ૌલ નક઼લ કરે છે કે આપે ઈર્શાદ ફર્માવ્યો, ''જે આપ ﷺ પર ઈમાન લાવ્યો અને આપ ﷺની ઝિયારત ન કરી શક્યો તો **મૃત્યુ પહેલાં જાગૃતાવસ્થામાં આપ ﷺની ચોક્કસ ઝિયારત કરશે.''** *(ફત્હુલ બારી, ૧૩/૩૨૯)*

મહાન બુઝુર્ગ હઝરત સૈયદ મહમૂદ આલૂસી رحمۃ اللہ علیہએ ''તફસીરે રૂહુલ મઆની''માં લખ્યું છે કે : નબી કરીમ ﷺની વફાત પછી પણ યક઼ીનન ! આ ઉમ્મતના કેટલાયે કામિલીને સરકાર ﷺના જાગતામાં દીદાર કર્યા છે.

સારાંશ કે હદીષોના ફર્માન તથા મહાન મુહદ્દિષોના કથનોના આધારે સ્પષ્ટ થઈ ગયું કે, **''જાગૃતાવસ્થામાં નબી કરીમ ﷺની ઝિયારત થવી (દીદાર થવો) એ અક઼ીદો ઈસ્લામ બહારનો નથી પણ ઈમાનવાળાઓનો અક઼ીદો છે.** હા ! **''ગૈર મુક઼લ્લિદો પોતે જ ઈસ્લામ બહાર'' હોવાથી તથા નબી તથા વલીઓથી અદાવતના કારણે** તેમની મહાનતા તથા શાન દર્શાવતી દરેક વાતથી આ ''બઝમે તવ્હીદ'' માસિકવાળા જેવા બદનસીબોને જલન થતુ હોવાથી તેઓ આવી બકવાસ છાપતા હોય છે. જેથી સુન્નીઓ એવા દૃષ્ટિવિહોણાઓની વાતોમાં ન આવે કે જેઓની સમક્ષ ઉઘાડા સૂરજની જેમ હક્ક઼ સાબિત થવા છતાં જોઈ શકતા નથી કે સ્વીકારી શક્તા નથી.

## ★ નબી ﷺએ ખ્વાબમાં આપેલ ચીજ જાગૃત થતાં પણ મૌજૂદ હોવાના પુરાવા ★

કિતાબ ''સીરતે મુસ્તફા'' ﷺમાં છે કે સૂફી હઝરત ઈબ્ને જિલા رحمۃ اللہ علیہનું બયાન છે કે હું મદીના મુનવ્વરામાં દાખલ થયો અને ભૂખ લાગેલી હતી. મેં ક઼બ્રે અન્વર પર હાજર થઈ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ હું આપનો મહેમાન છું ! આટલુ કહીને ઊંઘી ગયો. **સ્વપ્નમાં હુઝૂર નબી કરીમ**

ﷺએ મને એક રોટલી એનાયત કરી. અડધી મેં સ્વપ્નમાં જ ખાય લીધી, જ્યારે આંખ ખુલી ત્યારે અડધી રોટલી મારા હાથમાં હતી. સુબ્હાનલ્લાહ !

બીજો પ્રસંગ દિલ્હીના બાદશાહ શમ્સુદ્દીન અલ્તમશનો છે કે તેમને પાણી માટે હોઝ (તલાવ) બનાવવાની ઈચ્છા હતી. ખ્વાબમાં હુઝૂર નબી કરીમ ﷺની ઝિયારત નસીબ થાય છે તો હુઝૂર ﷺ તેમને જગા બતાવે છે કે આ જગાએ હૌઝ ખોદાવજે કે અહીંના હોઝનુ પાણી એટલુ સ્વાદિષ્ટ હશે કે કોઈ જગાનું એની સરખામણીમાં નહીં આવે. જ્યારે ખ્વાબથી જાગીને સવારે તે સ્થળે જઈને જુએ છે તો જ્યાં હુઝૂર ﷺ એ બતાવેલું અને હુઝૂર ﷺના ઘોડાએ ખરી મારી હતી ત્યાંથી પાણીનું ઝરણુ વહી રહ્યું હતું ! જેથી ત્યાં શમ્સુદ્દીને તળાવ બનાવ્યું જે "શમ્સી તાલાબ" તરીકે દિલ્હીમાં મહરોલી એરિયામાં આજે પણ પ્રખ્યાત છે. *(બહવાલા : ફવાઈદુસ્સાલિકીન, મલ્ફૂઝાતે કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)*

આવા અનેક દૃષ્ટાંતો વહાબિયત તથા ગૈર મુક઼લ્લિદોના આ જગતમાં અસ્તિત્વ પહેલાંના અનેક સુન્ની બુઝુર્ગો તથા મહાન ઉલમાની કિતાબોમાં મૌજૂદ છે કે હુઝૂર ﷺના ખ્વાબમાં આગમન બાદ જાગીને જોતાં પૂરા ઘરમાં ખુશ્બુ ફેલાયેલી હતી...વગેરે. જેથી હુઝૂર ﷺએ ખ્વાબમાં હઝરત શાહ ગામધણી رحمۃ اللہ علیہના માથે પાઘડી (અમામા શરીફ) બાંધવાવાળો પ્રસંગ જે "અલમુઈન" માસિકમાં વર્ણવ્યો છે તે હક્ક઼ છે. જાગૃત થતાં અમામા શરીફ માથા પર હોવો એમાં કોઈ શંકા કે આશ્ચર્ય કરવાની જરૂર નથી.

## ★ જાગતામાં હુઝૂર ﷺના બુઝુર્ગોએ દીદાર કર્યા તેના પુરાવા ★

હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ જેમને માનતા હોવાનો નામ માત્રનો દાવો ગૈર મુક઼લ્લિદો પણ કરે છે, આ મહાન બુઝુર્ગ પોતાની કિતાબ "અલહાવી"માં લખે છે કે હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ મહાન બુઝુર્ગોમાંથી છે. હિ.સ. ૫૫૫માં હજજથી પરવારીને રોઝએ રસૂલ ﷺની ઝિયારત માટે મદીના શરીફ પહોંચી ક઼બ્રે અન્વર સામે ઉભા રહી આપ આ પ્રમાણે શેઅર પઢે છે :–

***ફી હ઼ાલતિલ બુઅદિ રૂહી કુન્તુ ઉર્સિલુહા–તુક઼બ્બિલુલ અર્દ઼ અ઼ન્ની વહિય નાઈબતી***

**અર્થાત** : "આપનાથી દૂર (ઈરાક઼માં) હોવાની પરિસ્થિતિમાં તો ખિદમતે અક઼દસમાં હું મારી રૂહને મોકલતો હતો, જે મારી નાયબ બની આસ્તાના મુબારકની ચોખટને ચુમા કરતી હતી."

***વ હાઝિહી દૌલતુલ ઈશ્બાહ઼િ ક઼દ હ઼દ઼રત–ફમ દુદ યમીનક કય તખ઼ત઼ા બિહા શફ઼તી***

**અર્થાત** : "યા રસૂલલ્લાહ ! ﷺ હવે આ જાહેરી શરીર સાથે ખિદમતમાં હાજરી નસીબ થઈ છે જેથી આપ આપનો મુબારક હાથ અર્પણ કરો જેથી મારા હોઠો એને ચુમવા ભાગ્યશાળી બને."

હઝરત સૈયદ અહમદ કબીર رحمۃ اللہ علیہની આ ગુઝારિશ ઉપર હુઝૂર સરવરે કાઈનાત ﷺએ પોતાનો હાથ મુબારક બહાર કાઢયો જેને આપે બોસો આપ્યો.

'અલ બુન્યાનુલ મશીદ' માં લખ્યું છે કે **તે વખતે હજારો માણસો મસ્જિદે નબ્વીમાં હાજર હતા જેમણે નજરે જોયું અને સરકારના હાથ મુબારકની ઝિયારત કરી,** એ લોકોમાં હઝરત સરકાર મહબૂબે સુબ્હાની સૈયદના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہનું મુબારક નામ બોલાય છે.

## ★ જાગતામાં હુઝૂર ﷺના દીદારનો એક અધિક દાખલો ★

"શર્હે અક઼ાઈદ" કિતાબ જે દરેક મક્તબે ફિક્રના દારુલ ઉલૂમોના કોર્સમાં પઢાવવામાં આવે છે તેના લેખક શૈખ સદ્દુદીન તફતાઝાની رحمۃ اللہ علیہ (જન્મ : હિ.સ. ૭૧૨, વિસાલ : ૭૯૧) શરૂમાં ઘણા જ કમજોર દિમાગના હતા. અસર બાદ સબક઼ યાદ કરવા બેઠા હતા. તો એક માણસ આવીને તેમને કહે છે કે ચાલો ફરવા માટે. તો આપ ના પાડે છે કે હું હરવા ફરવા માટે પેદા નથી થયો, અને મને યાદ નથી થતું એટલે અત્યારે યાદ કરવા બેઠો છું. તે શખ્સ ત્રણવાર આવે છે, તો આપે ના પાડી. ચોથીવાર જ્યારે બોલાવનારો આવ્યો તો તેણે કહ્યું કે, "ચાલો ! તમને અલ્લાહના રસૂલ ﷺ બોલાવે છે." તો તે તરત જ ઉભા થઈ ગયા અને બુટ પહેર્યા વિના ઉઘાડા પગે ચાલી નીકળ્યા, ત્યાં સુધી કે શહેરની બહાર ઝાડોના ઝુંડમાં પહોંચ્યા તો તેમણે કેટલાક સહાબાએ કિરામની વચ્ચે સરકાર ﷺને બેઠેલા જોયા. સરકાર ﷺ તેમને જોઈને મુસ્કુરાયા અને સરકાર ﷺએ ફર્માવ્યું કે મેં વારંવાર તમને બોલાવવા માટે માણસ મોકલ્યો પણ તમે આવ્યા નહીં ! તો તેમણે કહ્યું કે હુઝૂર ! મને ખબર ન હતી કે આવનારને આપે મોકલ્યો છે, અને હુઝૂર આપ બહેતર જાણો છો કે મેં મારી મંદ યાદશક્તિની મજબૂરી પેશ કરી હતી, અને યાદ ન રહેવાની મજબૂરી પેશ કરી કે મને યાદ નથી રહેતું. તો સરકાર ﷺએ ફર્માવ્યું કે તમારું મોં ખોલો ! અને આપે તેમાં આપનું લુઆબે દહન (થૂક મુબારક) રાખી દીધું અને પછી તેમને પરત થઈ જવા કહ્યું. જ્યારે તે બીજા દિવસે આવ્યા અને દર્સગાહમાં બેઠા તો ઉસ્તાદ (શૈખ અઝદુદ્દીન એઝી)ને સબક઼માં અમુક શબ્દો સખત લાગ્યા તો આપે અર્ઝ કરી કે હુઝૂર ! ઈજાઝત હોય તો હું બતાવું. જ્યારે ઈજાઝત આપી તો સદ્દુદીન તફતાઝાની એ સર્વ અર્થો બતાવ્યા. તો ઉસ્તાદ જે એમને "મંદ બુદ્ધિવાળા, ગધેડા જેવા" કહેતા હતા તે ઉભા થઈ ગયા અને સદ્દુદીનને પોતાની જગાએ બેસાડયા અને કહ્યું કે, લોકો ! હવે એમને પહેલાંની જેવા ન સમજશો ! આ બનાવ જાગૃતાવસ્થાની હાલતનો છે.

આ બનાવ "શર્હે અક઼ાઈદ"ના મુક઼દ્દમા (પ્રસ્તાવના)માં "શજરાતુઝ્ઝહબ" કિતાબના હવાલાથી અલ જામિઅતુલ અશરફિયા મુબારકપુરના જલીલક઼દર ઉસ્તાદ હઝરત સદરુલવરા સાહબ (જેમણે આ કિતાબનો અરબીમાં હાશિયો લખ્યો છે તેમણે) અરબીમાં આ વાક઼યો વર્ણવ્યો છે.

## ★ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જાગતામાં નબી ﷺના દીદાર કર્યા ! ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ જ્યારે બીજીવાર મદીના મુનવ્વરા હાજર થયા તો દીદારની તડપમાં મવાજહે શરીફ સામે દુરૂદ પઢી રહ્યા હતા અને એવું જણાતુ હતું કે હુઝૂર ﷺ કરમ ફર્માવવાના છે, પણ પ્રથમ રાત તો આમ જ પસાર થઈ ગઈ. બીજી રાત આવતા પહેલાં આપે દીદારના શોખમાં એક ગઝલ લખી જેમાં છેવટે લખ્યું કે :–

*કોઈ ક્યૂં પૂછે તેરી બાત "રઝા"–તુઝસે કુત્તે હઝાર ફિરતે હૈં !*

બસ, આ ગઝલ મવાજહે અક઼દસમાં પેશ કરી અને બાઅદબ થઈને બેસી ગયા. મુક઼દ્દર જાગ્યું, નસીબ ચમક્યું અને માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં દીદારે મુસ્તફા નસીબ થયો. *(માહનામા સાલિક, રાવલપિંડી, જુલાઈ–ઓગ. ૧૯૨૩, બ રિવાયતે મોલ્વી સૈયદ શાહ જઅફરમિયાં ખતીબ મસ્જિદે કપૂરથલા)*

કેટલાયે અલ્લાહવાળાઓને જાગૃતાવસ્થામાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ છે, જેમાં મુજદ્દિદે વક્ત હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہનું નામ ખૂબ જ મશહૂર છે. ઈમામ અબ્દુલ વહ્હાબ

શઅરાનીના કથનાનુસાર **ઈમામ સિયૂતીને ૭૫ વાર જાગૃતાવસ્થામાં નબીપાક ﷺના દીદાર થયા.** ઈતિહાસ સાક્ષી છે કે હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ (બીરપુર શરીફ)એ પણ જાગતામાં દીદાર કર્યા, બલ્કે અન્યને કરાવ્યા છે.

## ★ ગૌષ પાક رحمۃ اللہ علیہના માટે ઈમામ ઈબ્ને હંબલ કબ્રથી બહાર આવ્યા ! ★

નબી પાક ﷺના જાગૃતાવસ્થામાં દીદાર થવા એ અહલે સુન્નતનો અકીદો છે જ પણ અલ્લાહના મહબૂબ બંદાઓ પણ જાગૃતાવસ્થામાં દીદાર કરાવી શકે છે તે પણ જોઈ લો ! :–

શૈખ અલી બિન હીતી رحمۃ اللہ علیہ બયાન કરે છે કે, મેં હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ અને શૈખ બકા બિન બતૂ رحمۃ اللہ علیہની સાથે ઈમામ અહમદ બિન હમ્બલ رحمۃ اللہ علیہના મઝારની ઝિયારત કરી તો **જોયું કે ઈમામ અહમદ બિન હમ્બલ કબ્રમાંથી બહાર આવ્યા અને હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાનીથી બગલગીર થયા અને કિંમતી પોશાક અર્પણ કરી** કહ્યું, અય અબ્દુલકાદિર ! ઈલ્મે શરીઅત અને તરીકતમાં તમામ લોકો તમારા મોહતાજ હશે. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૧૪૧, અઝ : અલ્લામા તાદની رحمۃ اللہ علیہ)*

## ★ જાગૃતાવસ્થામાં આપણા નબી ﷺ અનેક આગલા નબીઓને મળ્યા ! ★

જાગૃતાવસ્થામાં નબીના દીદાર થવાનું માનવું એ ઈસ્લામી અકીદો છે, એ ઉપરોક્ત લખાણમાં હદીષો, પ્રસંગો, ઉલમાના કથનોથી સાબિત થઈ ગયું, છતાંય અંતમાં જે બુખારી શરીફનું રટણ આ ગૈર મુકલ્લિદો કરતા રહે છે તેનો હવાલો રજૂ કરી દઈએ છીએ કે આપણા નબી ﷺએ પોતાની જાહેરી હયાતમાં આગલા સેંકડો અથવા હજારો વર્ષ પહેલાં દુનિયાથી વિદાય પામનાર નબીઓથી જાગતામાં મુલાકાત કરી, તેમના ઈમામ બન્યા અને તેમની સાથે વાતચીત કરી અને ૫૦ નમાઝોની પાંચ નમાઝો તેમના કહેવાથી રબ પાસે કરાવી. સાંભળો ! :–

બુખારી શરીફમાં છે કે મેઅરાજ શરીફની રાત્રે નબી કરીમ ﷺ મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી પહોંચ્યા. ત્યાં સર્વ નબીઓની આપ ﷺએ ઈમામત ફર્માવી નમાઝ પઢાવી. ત્યારબાદ આસ્માનોની સૈર કરી તો **દરેક આસ્માને અનુક્રમે પ્રથમ હઝરત આદમ علیہ السلامથી મુલાકાત થઈ, પછી હઝરત ઈદરીસ, હઝરત ઈસા, હઝરત મૂસા તથા હઝરત ઈબ્રાહીમ علیہم السلامને મળ્યા. વાતચીત થઈ.** ત્યારબાદ આગળની મંઝિલોએ લામકામાં માથાની આંખો વડે રબ તઆલાના દીદાર કર્યા. *(બુખારી શરીફ, ૧/૫૦, સલાત, બુખારી, ૧/૪૫૫, ૧/૪૭૧, ૧/૪૮૧, ૧/૫૦૪, ૧/૪૮૭, ૨/૧૧૨૦, ઉપરાંત મુસ્લિમ શરીફ, તિર્મિઝી, ઈબ્ને માજહ વગેરેમાં વિગતે હદીષ છે)*

સારાંશ **જાગૃતાવસ્થામાં નબીના દીદાર થવા એ ગૈર ઈસ્લામી અકીદો નથી બલ્કે ઈસ્લામી અકીદો છે એમાં હવે કોઈ શંકાને સ્થાન રહેતુ નથી.** જેથી કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદો, બઝ્મે તૌહીદ (માસિક)વાળાઓ પોતાની આખેરત સમારવા ચાહતા હોય તો હઠધર્મી છોડે અને પોતાના સર્વ ગલત અકીદાઓથી તૌબા કરી લે.

તૌહીદની આડમાં નબી વલીની તૌહીનની વાતો રચનારા આ બાતિલ ફિર્કા વહાબી, કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદોએ જે વાંધા અધિક અલ્લાહના વલીઓ હઝરત ગામધણી તથા હઝરત ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہما વિશે રજૂ કર્યા છે તેના જવાબ આવતા અંકમાં વાંચશો. (ઈન્શાઅલ્લાહ !)

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿۱۶۳﴾ اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَ اخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَالْفُلْكِ الَّتِیْ تَجْرِیْ فِی الْبَحْرِ بِمَا يَنْفَعُ النَّاسَ وَمَاۤ اَنْزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ مِنْ مَّآءٍ فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا وَبَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ۪ وَّ تَصْرِيْفِ الرِّيٰحِ وَ السَّحَابِ الْمُسَخَّرِ بَيْنَ السَّمَآءِ وَالْاَرْضِ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿۱۶۴﴾ وَمِنَ النَّاسِ مَنْ يَّتَّخِذُ مِنْ دُوْنِ اللّٰهِ اَنْدَادًا يُّحِبُّوْنَهُمْ كَحُبِّ اللّٰهِ ؕ وَالَّذِيْنَ اٰمَنُوْۤا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ؕ وَلَوْ يَرَى الَّذِيْنَ ظَلَمُوْۤا اِذْ يَرَوْنَ الْعَذَابَ ۙ اَنَّ الْقُوَّةَ لِلّٰهِ جَمِيْعًا ۙ وَّ اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعَذَابِ ﴿۱۶۵﴾ اِذْ تَبَرَّاَ الَّذِيْنَ اتُّبِعُوْا مِنَ الَّذِيْنَ اتَّبَعُوْا وَرَاَوُا الْعَذَابَ وَتَقَطَّعَتْ بِهِمُ الْاَسْبَابُ ﴿۱۶۶﴾ وَقَالَ الَّذِيْنَ اتَّبَعُوْا لَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَتَبَرَّاَ مِنْهُمْ كَمَا تَبَرَّءُوْا مِنَّا ؕ كَذٰلِكَ يُرِيْهِمُ اللّٰهُ اَعْمَالَهُمْ حَسَرٰتٍ عَلَيْهِمْ ؕ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنَ النَّارِ ﴿۱۶۷﴾

અને તમારો મઅબૂદ એક મઅબૂદ છે[37] તેના સિવાય કોઈ મઅબૂદ નથી તે જ મોટી રહમતવાળો મહેરબાન (૧૬૩) બેશક ! આકાશો[38] અને ધરતીની પેદાઈશ અને રાત–દિવસનું બદલાઈને આવવું અને વહાણો જે દરિયામાં લોકોના ફાયદા લઈને ચાલે છે અને તે જે અલ્લાહે આસ્માનથી પાણી ઉતારી મરેલી ધરતીને એનાથી જીવાડી અને ધરતીમાં દરેક પ્રકારનાં જાનવરો ફેલાવ્યાં અને હવાઓની ફેરફેર અને તે વાદળ કે આસ્માન–જમીનની વચમાં હુકમથી બંધાયેલું છે આ બધામાં બુદ્ધિમાન માટે જરૂર નિશાનીઓ છે. (૧૬૪) અને અમુક લોકો અલ્લાહની જેમ પ્રિય રાખે છે, અને ઈમાનવાળાઓને અલ્લાહ જેટલી કોઈની મહોબ્બત નથી, અને કેમ ન હોય જો જુએ જાલિમ તે સમયને જ્યારે અઝાબ તેઓની આંખોની સામે આવશે. એટલા માટે કે બધી શક્તિ અલ્લાહને છે અને એટલા માટે કે અલ્લાહનો અઝાબ ઘણો સખત છે (૧૬૫) જ્યારે અળગા થશે સરદારો પોતાના તાબેદારોથી[39] અને જોશે અઝાબ અને કપાઈ જશે એ બધાની દોરીઓ[40] (૧૬૬) અને તાબેદારો કહેશે કેવું સારૂં થાત જો અમારે (દુનિયામાં) પરત જવાનું થાત તો અમે તેઓથી (સંબંધ) તોડી નાખત જેમ કે તેઓએ (આજે) અમારાથી તોડી નાખ્યા, એમ જ અલ્લાહ તેઓને દેખાડશે તેમનાં કામ પર પસ્તાવો થઈને[41] અને તેઓ દોઝખમાંથી નીકળવાના નથી (૧૬૭)

## :: સમજૂતી ::

**૩૭. શાને નુઝૂલ** : કાફિરોએ હુઝૂર ﷺને કહ્યું, આપ પોતાના પરવરદિગારની શાન અને તેના ગુણો બયાન ફર્માવો, ત્યારે આ આયત ઉતરી અને તેમને જણાવી દેવામાં આવ્યું કે મઅબૂદ ફક્ત એક જ છે, તેના ભાગલા પડી શક્તા નથી, અને તેના જેવો નમૂનો કોઈ નથી. મઅબૂદ અને પાલનહાર હોવામાં કોઈ તેનો ભાગીદાર નથી, તો પોતાના કાર્યોમાં એકલો જ છે. તમામ વસ્તુઓને તેણે એકલાએ જ બનાવી છે, તે પોતાની જાતમાં એકલો જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, પોતાના ગુણોમાં બેમિષાલ છે, કોઈ તેના જેવો નથી. તિર્મિઝી અને અબૂદાઊદની હદીષમાં છે કે અલ્લાહ તઆલાનું ઈસ્મે આ'ઝમ (મહાન નામ) આ બે આયતોમાં છે, એક તો આ જ આયત "વઈલાહુકૂમ.." અને બીજી "અલિફ લામ મીમ અલ્લાહુ લાઈલાહ ઈલ્લાહુ."

**૩૮.** કા'બા શરીફની આજુબાજુ મુશ્રિકોનાં ૩૬૦ બુત હતાં. તેઓને અલ્લાહ ફક્ત એક જ એવું સાંભળીને અચંબો લાગ્યો. તેના સિવાય કોઈ મઅબૂદ નથી. એવું સાંભળીને તેઓએ હુઝૂર ﷺ પાસે એવી આયતની માંગણી કરી જેનાથી અલ્લાહ એક છે એ બાબત દલીલથી સ્પષ્ટ થઈ જાય, ત્યારે આ આયત ઉતરી, અને તેઓને બતાવવામાં આવ્યું કે આકાશ અને તેની ઊંચાઈ અને કોઈપણ થાંભલા કે સહારા વગર તેનું કાયમ રહેવું અને સૂર્ય, ચંદ્ર, તારાઓ વિગેરે જે કંઈ એમાં દેખાય છે એ બધું અને જમીનની લંબાઈ અને એનું પાણી પર પથરાઈ રહેવું અને પર્વતો, દરિયાઓ, ઝરણાંઓ, ખાણો, હિરા માણેક, ઝાડો, ઘાસચારો, ફળો તેમજ રાત દિવસનું વારાફરતી બદલાવું, એમનું ઘટવું અને મનુષ્યોનું એમાં બેસીને દરિયાની અજબ ગજબની વસ્તુઓ જોવી, વેપાર ધંધામાં એનાથી સામાનની હેરફેરનું કામ લેવું અને વરસાદ તેમજ જમીન સૂકાઈ જઈને મરી જાય ત્યાર બાદ એનાથી તેને જીવતી કરવી. અને ધરતીને પ્રકાર પ્રકારના જાનવરોથી ભરી દેવી. જેમાં અસંખ્ય રહસ્યો છુપાયેલાં છે. એ જ રીતે હવાઓની હેરફેર અને એની અસર, વાદળ અને એમાં આટલુ બધું પાણી હોવા છતાં એનું આસ્માન જમીનની વચમાં અધ્ધર રહેવું, આ તમામ વસ્તુઓ અલ્લાહની કુદરત, અધિકાર, તેના ઈલ્મ અને તે એક જ હોવા પર ઝબરદસ્ત દલીલો છે. અને આ તમામ વસ્તુઓ ખુદા એક હોવા પર અનેક રીતે જે પુરાવા આપે છે તેનું ટૂકમાં બયાન આ મુજબ છે કે આ બધી બાબતો શક્યતાની હદમાં આવે છે. અર્થાત એમનું અસ્તિત્વ બીજા ઘણા તરીકાઓથી પણ શક્ય હતું છતાં તેઓ ખાસ પ્રકારથી અસ્તિત્વમાં આવ્યાં. એનાથી એવું પુરવાર થાય છે કે જરૂર કોઈ એમને બનાવનાર છે. અને તે બનાવનાર પણ કુદરત અને હિકમતવાળો છે જે દરેક વસ્તુને પોતાની મરજીથી તે વસ્તુને લાયક સ્થિતિ પર બનાવે છે, એમાં કોઈની પણ દખલગીરી કે વાંધો ચાલી શકતો નથી, તો મઅબૂદ જરૂર એક અને ફક્ત એક જ છે. કારણ કે જો તેના સાથે કોઈ બીજો મઅબૂદ પણ ધારી લેવામાં આવે તો તેને પણ આ બધી બાબતો માટે માટે શક્તિમાન માનવો પડશે. હવે બે હાલતોમાંથી એક હોવી જ જોઈએ, યા તો આ વસ્તુઓ બનાવવામાં અને એમના અસરમાં બન્ને એકમત હોય, યા એકમત ન હોય. જો તેઓ એકમત હશે તો એનાથી એવું જરૂરી બનશે કે એક વસ્તુના અસ્તિત્વ અને તાસીરમાં બે શક્તિઓ કામ કરી રહી છે. અને એ અશક્ય છે. કારણ વસ્તુ એના અસ્તિત્વ અને તાસીરમાં ફક્ત એક જ શક્તિની મોહતાજ હોય છે, નહીં કે બે શક્તિઓની (દા.ત. એક વસ્તુને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા એક જ સૂર્યની ગરમીની જરૂર છે. જો બે સૂર્યો તેને ગરમી પહોંચાડશે તો તેનું અસ્તિત્વ જોખમાશે.) હવે જો એમ બને કે બન્ને પોતાના તરફથી અડધી અડધી કામગીરી બજાવે તો તે વસ્તુ બન્નેના આભાર નીચે આવવાથી બન્નેને મઅબૂદ માનશે. અને એ બન્નેની તૌહીન ગણાશે. કારણ કે બન્નેની મહાનતાને ચેલેન્જ થશે, અને જો બન્નેમાંથી એક પોતાને ઓછો મહાન કે ઉતરતી કક્ષાનો સ્વીકારી લે તો ઓછી મહાન કે ઉતરતી કક્ષાની

હસ્તી મઅબૂદ બનવાને લાયક રહેતી નથી.

અને જો એમ ધારવામાં આવે કે બન્ને એકમત નથી. દરેક બાબત માટે તેમના ઈરાદાઓ અલગ અલગ હોય છે. તો એનાથી એક જ વસ્તુના અસ્તિત્વમાં વિરોધાભાસ લાગુ પડશે. દા. ત. એક અમુક વસ્તુને અસ્તિત્વમાં લાવવા માગે છે, જ્યારે બીજો તેનું અસ્તિત્વ ભૂસી નાખવા ઈચ્છે છે. તો તે સમયે તે વસ્તુ અસ્તિત્વમાં પણ આવે અને તેનું અસ્તિત્વ ભૂસાઈ પણ જાય, આવું સમયના એક જ ભાગમાં કેવી રીતે બની શકે ? જો તે વસ્તુ અસ્તિત્વમાં રહે તો એને મિટાવવાની ઈચ્છા કરનાર અશક્ત ગણાશે. અને જો વસ્તુ ફના થશે તો અસ્તિત્વનો ઈરાદો કરનાર આજિઝ ગણાશે, અને અશક્ત કે આજિઝ હોય તે મઅબૂદ બની શકે નહીં, માટે પુરવાર થઈ ગયું કે મઅબૂદ કે અલ્લાહ ફક્ત એક જ હોય શકે છે. અને ઉપર ગણાવેલી ચીજો અનેક રીતે ખુદાના એક હોવા પર પુરાવો આપે છે.

**૩૯.** આ કયામતના દિવસનું બયાન છે. જ્યારે મુશ્રિકો અને એમને કુફ્રનું આકર્ષણ લગાડનાર એમના સરદારો એકત્ર થશે અને અઝાબ આવતો જોઈને એક બીજાથી અળગાપણુ જાહેર કરશે.

**૪૦.** એટલે કે તમામ સંબંધો જે દુનિયામાં એમની અંદર હતા પછી તે મિત્રતા હોય કે સગાઈના સંબંધ કે પછી એકબીજાના સહકારના કરારો, ગમે તે હોય.

**૪૧.** એટલે કે અલ્લાહ પાક એમનાં ખરાબ કાર્યો એમની નજર સમક્ષ કરશે ત્યારે એમને એ જાણીને ઘણો પસ્તાવો થશે કે એમણે આવાં કાર્યો કર્યાં હતાં.

એક મંતવ્ય એવું છે કે જન્નતની જગ્યાઓ એમને બતાવીને કહેવામાં આવશે કે જો તમે મારી તાબેદારી કરી હોત તો તમને આ મળત. પછી તે મકાનો મોમિનોને આપવામાં આવશે, ત્યારે એમના પસ્તાવાનો પાર નહીં રહે.

## માલેગાંવમાં અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા

**માલેગાંવ :** ખાતે તા. : ૧૬–૪–૨૦૧૫ જુમેરાતે ઝોહર બાદથી ઔરતો માટે સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન ઈજતેમા થયો. જેમાં હજારોની સંખ્યામાં બહેનોએ હાજરી આપી દીની તા'લીમ તથા તર્બિયત પામી હતી. ખાનદેશ મહારાષ્ટ્રના વિવિધ શહેરોએથી ઉત્સાહભેર બહેનોએ હાજરી આપી હતી. બીજા દિવસે તા. ૧૭–૪–૨૦૧૫ ના રોજ જુમ્આ પહેલાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅત બયાન સાથે મજમાની તર્બિયત કરી હતી, જુમ્આની નમાઝ પણ ઈજતેમાગાહમાં થઈ હતી જ્યાં લાખ ઉપરાંત મજમો હતો. અને જુમ્આ બાદ ખાસ કરીને સિરાજુલ ફુકહા, મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી મુબારકપુરીએ વિવિધ શરઈ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા, આલે રસૂલ હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) સ્ટેજ પર બયાન માટે આવતાં લાખોનો મજમો ઉત્તેજીત થઈ ગયો હતો. આપે ઈમાન અફરોઝ ઈસ્લાહી અસરકારક બયાન કર્યું હતું, છેવટમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મુસ્લિમોના વર્તમાન હાલાતને લક્ષમાં રાખીને મુસ્લિમોને દીનદાર થવા પ્રેરતુ બયાન કર્યું હતું. છેવટમાં ઝિક્ર દુઆ થઈ જેમાં હજારો લોકોએ અશ્રુમય આંખે ગુનાહોથી તૌબા કરી દીનદાર થવા નિશ્ચય કર્યો હતો. મુંબઈ વાદીએ નૂરની યાદ તાજી કરી આપે તેવો લગભગ બે અઢી લાખનો સુન્ની અવામનો મજમો હતો. પાણી, ખાવા વગેરેની ફ્રીમાં વ્યવસ્થા ઉપરાંત ફ્રુટ વગેરેની પણ ત્યાંના લોકો સ્વેચ્છીક વહેંચણી કરતા હતા. વુઝૂ વગેરેનું સર્વ મેનેજમેન્ટ ખૂબ જ પ્રશંસાને પાત્ર હતું. અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદકે આવનાર ભાઈ બહેનોને નેક હિદાયત આપે અને જેમણે આ ઈજતેમામાં મહેનત કરી, માલ આપ્યો તેમને બંને જહાનમાં બેહતરીન બદલો આપે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હદીષ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે, હઝરત મૈમૂના رضی اللہ عنہا એ[૧] ફર્માવ્યું કે મેં નબી ﷺ ના માટે ગુસ્લનું પાણી રાખ્યું પછી આપને કપડા વડે આડ કરી આપી[૨] અને આપે પોતાના હાથો પર પાણી વહાવ્યું પછી તેને ધોયા. પછી જમણા હાથ વડે ડાબા હાથ પર પાણી નાખ્યું અને ઈસ્તિંજા કર્યો. પછી પોતાનો હાથ જમીન પર માર્યો તેને સાફ કર્યો પછી તેને ધોયો. પછી કુલ્લી (કોગળો) કરી અને નાકમાં પાણી લીધું અને પોતાનું મોં તથા કોણીઓ સુધી હાથ ધોયા પછી પોતાના માથા પર પાણી વહાવ્યું અને પોતાના સર્વ શરીર પર વહાવ્યું[૩]. પછી ત્યાંથી ખસી ગયા અને પોતાના કદમ શરીફ ધોયા. મેં કપડુ આપ્યું તો ન સ્વીકાર્યું[૪] અને હાંથોને ખંખેરતા ખંખેરતા તશરીફ લઈ ગયા (મુસ્લિમ, બુખારી) અને એના શબ્દો બુખારીના છે.

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે અન્સારની એક બીબીએ નબી ﷺ ને હૈઝના ગુસ્લના બારામાં પૂછયું તો આપે તેણીને બતાવ્યું કે આ પ્રમાણે ગુસ્લ કરે. પછી ફર્માવ્યું કે મુશ્કનો ટુકડો લઈને એને પાક કર. બોલી, એના વડે કેવી રીતે પાકી કરું ?! એના વડે પાકી કરો ! બોલી, એના વડે કેવી રીતે પાકી કરું ? ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! એના વડે પાકી કરો ![૫] તો તેણીને મેં મારા તરફ ખેંચી લીધી અને કહ્યું કે લોહીની જગાએ ટુકડો લગાડો[૬]. (મુસ્લિમ, બુખારી)

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું એવી સ્ત્રી છું જે પોતાના માથાના વાળો ગુથું છું તો શું જનાબતના ગુસ્લ માટે એને ખોલ્યા કરું ? ફર્માવ્યું, નહીં ! તમારા માટે એટલુ જ પૂરતુ છે કે પોતાના માથા પર ત્રણ ખોબા પાણી નાખી દીધા કરો, પછી પોતાની ઉપર પાણી વહાવ્યા કરો તો પાક થઈ જશો[૭]. (મુસ્લિમ)

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે નબી કરીમ ﷺ એક મુદ (બે રતલ) વડે વુઝૂ કરતા હતા અને એક સાઅ વડે પાંચ મુદ સુધી ગુસ્લ કરતા હતા[૮]. (બુખારી, મુસ્લિમ)

હઝરત મઆઝા رضی اللہ عنہا થી[૯] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે હું તથા રસૂલુલ્લાહ ﷺ એક વાસણમાં ગુસ્લ કર્યા કરતાં હતાં જે મારી તથા તેમની વચ્ચે હોતુ[૧૦]. તો આપ મારા કરતાં જલ્દી કરતા, ત્યાં સુધી કે હું કહેતી કે મારા માટે પણ છોડો (બાકી રાખો) ફર્માવે છે કે તેઓ બંનેવ જનાબતમાં હોતાં[૧૧] (મુસ્લિમ, બુખારી)

## -:: સ....મ....જૂ....તી.... ::-

૧. આપનું નામ મૈમૂના બિન્તે હારિષ હિલાલિયા આમિરિયહ છે. પહેલાં આપનું નામ બુર્રા હતું હુઝૂરે અન્વર ﷺ એ એ નામ બદલી નાખ્યું. જાહિલિયતના (એલાને નબુવ્વત પહેલાંના) જમાનામાં મસઊદ ઈબ્ને અમ્ર ષકફીના નિકાહમાં હતાં. ત્યારબાદ અબૂ રહમના નિકાહમાં આવ્યાં. તેમના મૃત્યુ પછી નબી

કરીમ ﷺએ ઝીકઅદા હિ.સ. ૭માં ઉમરાએ કઝાના મોકા પર મક્કા મોઅઝ્ઝામાથી દસ માઈલના અંતરે સરફ સ્થળે આપની સાથે નિકાહ કર્યો. અલ્લાહની શાન કે હિ.સ. ૬૧માં નિકાહના સ્થળે જ આપની પ્રથમ સુહાગ રાત થઈ. આપ હુઝૂરે અકરમ ﷺનાં છેલ્લાં પત્ની છે, જેમના પછી નબી કરીમ ﷺએ કોઈની સાથે નિકાહ નથી કર્યો. ઉમ્મુલ ફઝ્લ એટલે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمانાં વાલિદા અને અસ્મા બિન્તે અમીસનાં આપ બહેન છે એટલે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનાં માસી છે.

**૨.** જો કે આપ તેહબંદ બાંધીને ગુસ્લ કરતા હતા પરંતુ છતાં પણ આપ અધિક સતર પોશીના માટે ચાદર તાણીને સામે ઉભાં થઈ ગયાં. જેથી જોઈએ કે તેહબંદ બાંધીને ગુસ્લ કરે. અમુકે કહ્યું કે એનો અર્થ છે કે પાણીને ઢાંકી લીધું, પણ એ દુરુસ્ત નથી. *(મિર્કાત)*

**૩.** ગુસ્લનો ક્રમ આ પ્રમાણે થયો કે પ્રથમ હાથ ધોવામાં આવે, પછી ઈસ્તિંજા, પછી વુઝૂ કરવામાં આવે, પછી શરીર પર પાણી વહાવવામાં આવે. કાચી માટી પર ગુસ્લ કર્યું હતું એટલા માટે વુઝૂની સાથે પગોને ન ધોયા, બલ્કે બાદમાં ધોયા, જો પાકી જમીન પર ગુસ્લ કરવામાં આવે તો પગોને પ્રથમ ધોવામાં આવે. યાદ કરશો કે અહીં માથાના મસહનો ઉલ્લેખ નથી. ક્યાં તો હુઝૂર ﷺએ મસહ કર્યો જ નથી કેમ કે માથાને ધોવામાં મસહ પણ થઈ જાય છે, અથવા મસહ કર્યો હતો પર વર્ણવ્યું નથી. જેથી આ હદીષ પ્રથમ હદીષથી વિરૂધ્ધ નથી જેમાં મસહનું વર્ણન છે.

**૪.** અથવા એટલા માટે કે કપડુ સાફ ન હતું અથવા આપ જલ્દીમાં હતા, અથવા સમય ગરમીનો હતો જેથી શરીર પરની ભીનાશ સારી લાગી હતી. અથવા એટલા માટે કે ગુસ્લ તથા વુઝૂનું પાણી ન લૂછવું અફઝલ છે. ભલે એનાથી એવું સાબિત નથી થતું કે લૂછવું મના છે, કેમ કે પાછલી રિવાયતોમાં લૂછવાની પણ સાબિતી છે. એનાથી માલૂમ પડયું કે વુઝૂ તથા ગુસ્લ પછી શરીર પર જે તરી રહી જાય છે તે માએ મુસ્તઅમલ (વપરાયેલ પાણી) નથી.

**૫.** આ પરથી જાણવા મળ્યું કે ગુપ્ત મસાઈલના વિશે તાલીમ ઈશારા નિર્દેશો થકી હોવી જોઈએ, વિશેષતઃ અજનબી સ્ત્રીઓની સામે, કે એ બીબી સાહેબના વારંવાર પૂછવા પર પણ હુઝૂર ﷺએ શબ્દોનો ખુલાસો ન કર્યો. મકસદ એ હતો કે ગુસ્લ કર્યા બાદ મુશ્કનો ટુકડો અથવા પલવેલો ટુકડો ત્યાં ફેરવી લે જ્યાં લોહી પહોંચે છે, જેથી લોહીની ગંધ જતી રહે. અમુક નુસ્ખાઓમાં મુમસ્સક પણ છે, એટલે કે મુશ્કમાં સુગંધિત કરેલ કપડું.

**૬.** સુબ્હાનલ્લાહ ! એના પરથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની બુધ્ધિ તીવ્રતા માલૂમ પડી. કેમ ન હોય કે રસૂલે પાક ﷺનો મિજાઝ જાણનાર, મહાન ફકીહા, આલિમા છે.

**૭.** એના જ કારણે ફકીહો ફર્માવે છે કે સ્ત્રી પર ગુસ્લમાં સર્વ વાળો પલાળવા ફર્ઝ નથી, તમામની જડો (મૂળો) પલળી જવી પૂરતી છે. જો પુરૂષોના વાળ હોય તો પૂરા ભીંજવવા પડશે, ત્રણ વારની શર્ત યકીન પ્રાપ્ત કરવા માટે છે, નહીં તો જો એક ખોબા વડે પણ સર્વ મૂળોમાં પાણી પહોંચી જાય તો પૂરતુ છે, અને જો ત્રણ ખોબાથી પણ ન પહોંચે તો વધુ નાખવું જરૂરી છે. અને જો એટલા સખત રીતે વાળ બાંધેલા હોય કે ખોલ્યા વિના તમામની જડો પલળી શકશે નહીં તો ખોલવું જરૂરી છે.

**૮.** હનફીઓની નજીક "મુદ" બે રતલનો થાય છે અને એક રતલ ચાલીસ તોલાનો અને એક સાઅ ચાર મુદનો થાય છે જેથી વધુ પેજ નં. ૨૪ પર

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**યાદમેં જિસકી નહીં હોશે તનો જાં હમકો**
**ફિર દિખા દે વો રુખ અય મહરે ફિરોઝાં હમકો**

*(તનો જાં = શરીર તથા જીવ, મહરે ફિરોઝાં = ચમકતો સૂરજ)*

**અર્થાત :** (આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે) : મહબૂબે ખુદા ﷺની યાદે એવો બેખૂદ તથા દીવાનો બનાવી આપ્યો છે કે જિસ્મ તથા જાનનો હોશ પણ નથી રહ્યો. હે રોશન સૂરજ ! (સિરાજમ્મુનીરા) એકવાર ફરી તમારું રુખે વદ્દુહા (ચહેરો મુબારક) દેખાડી દો. (જેવી રીતે પહેલાં કેટલીયે વાર કરમ ફર્માવીને ઝિયારતથી નવાઝયો છે, હવે પણ મહેરબાની ફર્માવો) જેવી રીતે **ગૌષે આ'ઝમ** رضی اللہ عنہ **તથા ઈમામ જલાલુદ્દીન સિયૂતી તથા અન્ય કેટલાયે અવલિયાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**ને જાગૃતાવસ્થામાં કેટલીયેવાર સરકાર ﷺનો દીદાર નસીબ થયો,** એ જ પ્રમાણે **આ'લા હઝરત** رحمۃ اللہ علیہ**ને પણ એકથી અધિક વાર આ નેઅમત નસીબ થઈ,** જેને ક્યારેક *''વો સૂએ લાલાઝાર ફિરતે હૈ.......''*થી તાબીર કરી, અને ક્યારેક *''ફિર દિખા દે વો રુખ અય મહરે ફિરોઝાં હમકો.....''* વડે ઈશારતન્ વર્ણવ્યું.

એકવાર જબલપુરના જલ્સાએ આમમાં (મેહફિલે મીલાદ શરીફ)માં તક્રીર દરમ્યાન ઉભા થઈને સલાતો સલામ પઢવા લાગ્યા. બાદમાં કેટલાયે ઉલમાએ કિરામ (મુફતી બુરહાનુલ હક્ક વગેરે)એ બતાવ્યું કે બરાબર એ જ વખતે મારી આંખ લાગી ગઈ હતી તો મને હુઝૂર ﷺની ઝિયારતમાં નસીબ થઈ અને **આ'લા હઝરત** رحمۃ اللہ علیہ**ને જાગતામાં દીદાર થઈ રહ્યો હતો.** (સુબ્હાનલ્લાહ !)

**દેરસે આપમેં આના નહીં મિલતા હૈ હમેં**
**ક્યાં હી ખૂદ રફતા કિયા જલ્વએ જાનાં હમકો**

*(જલ્વાએ જાનાં = મહબૂબનો નઝારો, ખૂદ રફતા = હોશ ગુમાવેલ)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ હું માનું છુ કે એક અરસા પછી આપના દરબારની હાજરી નસીબ થઈ રહી છે, પરંતુ મારા પ્યારા આકા ﷺ ભલે મજબૂરીના કારણે આટલો લાંબો ગાળો પડી ગયો, પણ જ્યાં પણ રહું આપના જ ખયાલમાં મસ્ત તથા બેખૂદ રહું છું અને આપના દીનનું કામ મને સતત વ્યસ્ત રાખે છે. કેમ કે :–

*મનશા યહી હૈ સિલસિલએ ક્રીલો ક્રાલકી–હોતી રહે તઅરીફ તેરે હુસ્નો જમાલ કી*

**જિસ તબસ્સુમને ગુલિસ્તાંપે ગિરાયી બિજલી**
**ફિર દિખા દે વો અદાએ ગુલ ખન્દાં હમકો**

*(તબસ્સુમ = સ્મિત, ગુલે ખન્દાં = સ્મિત કરતું ફૂલ)*

**અર્થાત :** જે સૂરત (ચહેરો મુબારક) દેખાડીને આપે અમને એટલા પ્રમાણમાં બેખૂદ બનાવી દીધા છે કે પોતાનો હોશ પણ નથી રહ્યો, જાણે અમારી જિંદગીના બાગની બહાર (વસંત) આપના કદમો પર કુર્બાન થઈ ગઈ. એકવાર ફરી ફૂલની મુસ્કુરાતો ચહેરો મહબૂબાના અંદાઝમાં દેખાડી દો.

**કાશ ! આવેઝાએ કન્દીલ મદીના હો વો દિલ**
**જિસકી સોઝિશને કિયા રશ્કે ચિરાંગાં હમકો**

*(આવેઝા = લટકાવેલ, કન્દીલ = ફાનસ, સોઝિશ = જલન, રશ્કે ચિરાગાં = ચિરાગોનું અમારા પર હસદ કરવુ)*

**અર્થાત :** હે મારા દિલ ! કાશ ! તું મદીના શરીફમાં ફાનસ હોત કે જ્યારે તારે લટકાવાનું જ છે તો મહબ્બતે મુસ્તફા ﷺમાં લટકીને ગુલામાને મુસ્તફાને રોશની પહોંચાડીને કોઈ ખિદમત અંજામ આપી હોત, કેમ કે તારી જલને તો અમને રશ્કે ચિરાગાં બનાવી દીધા છે કે દુનિયાના ચિરાગ મારા દિલની નૂરાનિયત પર રશ્ક કરે છે કે આ રોશની આટલી સાફ ચોખ્ખી ક્યાંથી આવી છે ! કદાચ, જાણતા નથી કે આ મહબ્બતે રસૂલની રોશની છે જેમાં ધૂમાડાનું નામો નિશાન સુધ્ધાં નથી.

**અર્શ જિસ ખૂબીએ રફતારકા પામાલ હુવા**
**દો કદમ ચલકે દિખા સરો ખિરામાં હમકો**

*(ખૂબીએ રફતાર = ચાલવાનો અનોખો અંદાઝ, પામાલ = પગોમાં રગદોળેલુ, સરો ખિરામાં = મહબૂબાના ચાલ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ જે મહબૂબાના ચાલ વડે આપ નાલૈન સહિત અર્શે મુઅલ્લાની બુલંદીઓ પર ચાલતા રહ્યા, તે જ નાઝ તથા અદા વડે બે કદમ મારા દિલની ઉજડી ગયેલી વસ્તીમાં પણ ચાલી દો જેથી તેને આરામ તથા સુકૂનની દૌલત મયસ્સર આવી શકે. કેમ કે આપના જ દમ કદમથી મુસીબતો દૂર થાય છે અને દિલનું સુકૂન નસીબ થાય છે.

**શમ્એ તયબહસે મૈં પરવાના રહું કબ તક દૂર**
**હા ! જલા દે શરરે આતિશે પિન્હાં હમકો**

*(શમ્એ તયબહ = મદીનાનો ચિરાગ, શરર = શોલો, આતિશ = આગ, પિન્હાં = છુપો)*

**અર્થાત :** હું તો મદની શમ્અનો પરવાનો છું અને પરવાનો વળી શમ્અથી ક્યાં સુધી દૂર રહી શકે છે ?! જેથી હે દિલમાં છુપાયેલી ઈશ્કની ચિન્ગારી ! ભડકો બનીને અમને સળગાવી દે. મતલબ એ કે ક્યાં તો દિલ મદીના પહોંચી જાય અથવા દિલમાં મદીના આવી જાય. એનું કારણ કોઈકે આ પ્રમાણે વર્ણવ્યું છે કે :

*શમ્અ જલતી હૈ તો પરવાનેં ભી જલ જાતે હૈં—દૌલતે દીદ પે આશિક તો મચલ જાતે હૈં*

**ખૌફ હૈ સમએ ખરાશીએ સગે તયબહકા**
**વરના ક્યા યાદ નહીં નાલાએ અફઘાં હમકો**

*(સમએ ખરાશી = તંગ કરવું, જબરદસ્તી વાતો સંભળાવવું, સગે તયબહ = મદીનાનો કૂતરો, નાલાએ અફઘાં =આહોઝારી)*

**અર્થાત :** આહોઝારી (રૂદન આક્રંદ) કરવાનું દિલ ચાહે છે. ખ્વાબ આવે છે અને મહબૂબના દરબારમાં

હાજરીના સમયે દિલ મચલે છે કે પોતાનું રોવું રડું અને દુઃખડાં સંભળાવવું, પણ એવું નથી કરતો. એટલા માટે કે ક્યાંક તયબહ નગરની ગલીઓના કૂતરાના આરામમાં ખલેલ ન પેદા થઈ જાય, એટલા માટે હાથથી અદબનો દામન નથી છોડતો અને સર્વ કાંઈ સીનામાં લઈને પરત થઈ જાઉં છું

*રહી દિલકી દિલ હી મેં હસ્રતેં–ન વો સુન સકે ન મૈં સુના સકા*

કેમ કે, અદબ પ્રથમ તકાઝો છે મહોબ્બતના તકાઝાઓમાંથી.

**ખાક હો જાએ દરે પાક પે હસ્રત મિટ જાએ**
**યા ઈલાહી ! ન ફિરા બે સરો સમાં હમકો**

*(ખાક હો જાએં = ફના થઈ જઈએ, હસ્રત = તમન્ના, ફિરા = પાછા કાઢ, બે સરો સામાં = ખાલી હાથ)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! આ વખતની હાજરીમાં મારી એ જ એક દુઆ છે કે તારા મહબૂબના દરબાર પર ફના થઈને ખાક બની જાઉં જેથી તમન્ના તો બાક઼ી ન રહે, તારાથી અરજ તથા ઉમ્મીદ છે કે મારી આ દુઆને પૂરી કરીશ અને મને મેહરૂમ પાછો કાઢીશ નહીં.

**ખારે સહરાએ મદીના ન નિકલ જાએ કહીં**
**વહશતે દિલ ન ફિરા બે સરો સામાં હમકો**

*(ખારે સહરાએ મદીના = મદીનાના જંગલના કાંટા, વહશતે દિલ દિલની ગભરાહટ)*

**અર્થાત** : ક્યાંક એવું ન બને કે મદીનાના આશિક઼ોની અધિકતાના કારણે મદીનાના કાંટા ખત્મ થઈ જાય અને અમારા હાથે કોઈ કાંટો ન આવે, હે દિલની ગભરાહટ ! તું અમને જંગલો તથા પહાડોમાં ન ફેરવ અને જલ્દી મદીના પહોંચાડવાનો ઈન્તેઝામ કર. અથવા મતલબ એ છે કે જે કાંટો મદીનાની ગલીનો મારા પગમાં ખૂપેલો છે જેને મેં અક઼ીદતના કારણે નથી કાઢયો, હે દિલ ! તારી ગભરાહટ જે મને પહાડો તથા જંગલોમાં ઘુમાવી રહી છે, તો ક્યાંક એવું ન બને કે ચાલી ચાલીને તે કાંટો પગેથી નીકળી જાય અને હું આ નેઅમતથી મેહરૂમ થઈ જાઉં.

**તંગ આયે હૈં દો આલમ તેરી બેતાબીસે**
**ચૈન લેને દે તપે સીનાએ સોઝાં હમકો**

**અર્થાત** : હે મારા દિલ ! તારી બેચૈની તથા અજંપાએ બંને જહાનને બેઝાર કરી મૂક્યાં છે, જરા થોભી તો જા ! અને તારી જલનને ઓછી કર, જેથી બે ઘડીઓ સુકૂનપૂર્વક મારા મહબૂબની સાથે પસાર કરી લઉં. બીજો મતલબ આ શેઅરનો એ પણ થઈ શકે છે કે દિલથી મહબૂબે ખુદા ﷺ મુરાદ હોય અને અજંપાથી આપનો વિરહ, તો હવે મતલબ એ થશે કે હે મારા આક઼ા ! બંનેવ જહાન આપના વિરહમાં બેચૈન તથા બેક઼રાર છે, આપનો જમાલે જહાંઆરા દેખાડો જેથી અમારા સીનામાં વિરહની આગે જે ભઠ્ઠી સળગાવી રાખેલ છે તે જન્નતની હવાઓમાં તબદીલ થઈ જાય અને અમને ચૈન તથા ક઼રાર નસીબ થાય. (ક્રમશઃ)

**જંબુસરમાં અઝમતે અવલિયા કોન્ફ્રન્સ** : **જંબુસર** : (તલાવપુરા) ખાતે તા. ૩૦–૪–૨૦૧૫ના રોજ હઝરત સૈયદ શૌકતઅલી બાવા (ખલીફા નૂરાનીબાવા પેટલાદી)ની સદારતમાં મૌલાના ઝહીર મિસ્બાહીની ક઼યાદત તથા મૌલાના ઈબ્રાહીમ અશરફીની નિઝામત હેઠળ તથા વિવિધ સાદતે કિરામ, ઉલમા, હુફ્ફાઝ તથા મુબલ્લિગોની હાજરીમાં "અઝમતે અવલિયા ફોન્ફ્રન્સ"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખતીબે ઝીશાન ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ અવલિયાએ કિરામની શાનમાં ખાસ કરીને સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હજારોના મજમાથી જલ્સાગાહ ચિક્કાર હતી, અવલિયાએ કિરામના આશિક઼ોએ નારાઓની ગુંજમાં બયાન સાંભળ્યું. સલાતો સલામ બાદ દુઆ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો.

**અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત**

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*


## અલ્ કરીમ اَلْكَرِيْمُ

**(ઘણા જ લુત્ફો કરમવાળો)**

**સમજૂતી** : કરીમ તે છે જે કુદરત રાખવા છતાં માફ કરી આપે અને જ્યારે વાયદો કરે તો વફા (પૂરો) કરે. અને જ્યારે અતા કરે તો ઉમ્મીદથી વધુ અતા કરે અને તેને પરવા ન હોય કે કેટલું દીધું અને કોને દીધું, અને ન તો તેનો એની પાસે કોઈ હિસાબ હોય. આવો કરીમ ફક્ત અલ્લાહ સુબ્હાનહુ તઆલા જ છે.

**દર્સ તથા સબક઼** : આ સિફતો કદી કોઈ બંદો પોતાનામાં પેદા કરી શકે છે, પરંતુ ઘણી પરેશાનીઓથી ગુઝરવુ પડશે. માલૂમ થયુ કે આ રીતે સંપૂર્ણપણે આ સિફતો પર ક઼ાયમ રહેવું કોઈ આસાન કામ નથી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْكَرِيْمُ **"અલ્ કરીમ"**નો વિર્દ જે કરતો રહેશે તેમાં ચોક્કસ લુત્ફો કરમનું તત્વ જરૂર પેદા થશે.

જે માણસ સુતા સમયે હમેશાં આ નામના ઝિક્રનો અતિરેક કરશે તો અલ્લાહ લોકોનાં દિલોમાં તેની ઈજ્જત પેદા ફર્માવશે, અને જે આદમી પાબંદીની સાથે يَاكَرِيْمُ ذَا الطَّوْلِ الْوَهَّابُ **"યા કરીમુ ઝત્તવ્લિલ્વહ્હાબ"**નો વિર્દ કરશે તેના ઘરમાં બરકતોનો સિલસિલો શરૂ થશે.

## અર્રક઼ીબ اَلرَّقِيْبُ

**(સૌની દેખરેખ કરનાર)**

**સમજૂતી** : ઈલ્મવાળો અને દેખરેખ કરવાવાળો. જે ચીજોનું એવું રક્ષણ કરે કે તે ચીજો તેની નિગાહથી ગાયબ ન થાય અને હમેશાં તેના પર એની નઝર હોય તેને રક઼ીબ કહે છે. મતલબ કે રક઼ીબનો સંબંધ ઈલ્મ તથા હિફાઝત બંનેવથી છે. અને તેમાં એ પણ જરૂરી છે કે આ ઈલ્મ અને હિફાઝત હમેશાં મુસ્તક઼િલ રહે.

**દર્સ તથા સબક઼** : બંદામાં આ સિફત તે સમયે પ્રશંસાપાત્ર બનશે જ્યારે તે પોતાના દિલ પર પૂરી ચોકી રાખશે અને તેને યક઼ીન હોય કે અલ્લાહ દરેક ચીજમાં તેનો ગવાહ અને નિગેહબાન છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ રક઼ીબ اَلرَّقِيْبُની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી ખોવાયેલ વસ્તુઓ પાછી મળે છે, બાલ બચ્ચાં તથા માલની હિફાઝત થાય છે. જેની કોઈ ચીજ ગાયબ થઈ હોય તે જો يَارَقِيْبُ **"યા રક઼ીબ"**નો ખૂબ જ પ્રમાણમાં ઝિક્ર કરે તો તે ચીજ તેને પાછી મળશે. એ જ પ્રમાણમાં જો કોઈને પેટમાં બચ્ચાના વિશે ખતરો હોય તો તે સાત વાર يَارَقِيْبُ **"યા રક઼ીબ"** પઢી લે તો બાળક મેહફૂઝ થઈ જશે. અને જો કોઈ સફરના ઈરાદાવાળો હોય અને પોતાના બાળકો પર કોઈ પ્રકારનો ખૌફ હોય તો તેની ગરદન પર પોતાનો હાથ રાખે અને સાત વાર يَارَقِيْبُ **"યા**

**રફીબ''** પઢે તો ઈન્શાઅલ્લાહ ! તે ખૌફ દૂર થશે.

## અલ્ મુજીબ اَلْمُجِيْبُ

### (સૌનુ સાંભળનાર)

**સમજૂતી** : તે માંગનારાઓ તથા દુઆ કરવાવાળાઓની દુઆ કૂબૂલ ફર્માવે છે. ઘણી જ પરેશાનીમાં સપડાયેલ શખ્સની પરેશાની તે જ દૂર કરે છે, બલ્કે તેની શાન તો એ છે કે ઘણા વખતે વગર માગ્યે જ આપી દે છે. અલ્લાહ સિવાય આ સિફતવાળો કોણ હોઈ શકે ?

**દર્સ તથા સબક્** : મુબારક નામ اَلْمُجِيْبُ **''અલ્ મુજીબ''**થી બંદા માટે સબક એ છે કે તે પોતાના રબના હુકમોનું પાલન કરે અને કોઈ વાતનો તે હુકમ કરે તો તેનું પાલન કરે. અને જે ચીજથી મના ફર્માવે તેનાથી દૂર રહે. આ રીતે બંદગીનો હક્ક્ અદા થશે. જો લોકો તેનાથી પોતાની જરૂરિયાતો માગે અને તે બંદો તેને પૂરી કરવાની કુદરત ધરાવતો હોય તો તેમની જરૂરિયાત પૂરી કરે. અને જો શક્તિ ન ધરાવતો હોય તો સારા અંદાઝમાં માફી ચાહે. કોઈ મોમિન બંદાનુ દિલ ન તોડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે દુઆઓ જલ્દી કૂબૂલ થાય છે. આ નામની સાથે બીજુ મુબારક નામ سَرِيْعُ **''સરીઅ''**ને પણ સામેલ કરી લેવામાં આવે તો ઘણી તેજીથી દુઆઓ કૂબૂલ થશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે يَاقَرِيْبُ الْمُجِيْبُ الْمُتَدَانِى كُلَّ شَىْءٍ قَرِيْبُهٗ **''યા કરીબુલ મુજીબુલ્મતદાની કુલ્લ શયઈન ક્રરીબ''** જે શખ્સ પાબંદી સાથે આ શબ્દોનો વિર્દ કરશે તો તેના વિશે દુશ્મનોની ઝબાનો બંદ થઈ જશે. એના માટે ૨૩ દિવસ સુધી રોઝા રાખશે તો તેની અસર બમણી થઈ જશે.

## અલ્ વાસિઅ્ اَلْوَاسِعُ

### (ઘણી વિશાળતાવાળો)

**સમજૂતી** : આ મુબારક નામ વુસ્અતથી બનેલ છે. જો તેનાથી ઈલ્મની વિશાળતા મુરાદ લેવામાં આવે તો વાસિઅ તે કહેવાશે જેનો ઈલ્મ તમામ માલૂમાતને ઘેરેલ હોય. અને જો એહસાન અને બેહિસાબ નેઅમતોની વિશાળતા મુરાદ લેવામાં આવે તો જાહેર છે કે વિવિધ પ્રકારની નેઅમતો અને એહસાનોની બેહિસાબ વિશાળતા રાખવાવાળો ફક્ત તે જ વાસિઅ મુત્લક્ હક્ક્ સુબ્હાનહુ વ તઆલા છે.

**દર્સ તથા સબક્** : બંદો પોતાના ઈલ્મ તથા અખ્લાકમાં વિશાળતા પેદા કરે તો તેને ન તો ફક્રીરીનો ડર રહેશે. ન તેનામાં લાલચ જોર કરશે અને ન તો તેને હસદ કરવાળાઓના હસદનો ખતરો રહેશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْوَاسِعُ **''અલ્ વાસિઅ્''**ની ખાસિયત એ છે કે દરેક વસ્તુમાં વધારો, વિશાળતા થશે, હોદ્દામાં તરક્કી થશે. બંદાનો સીનો કીનો તથા લાલચ વગેરેથી મેહફૂઝ રહેશે. અને તેનો ઝિક્ર કરનારને ક્નાઅત (જે મળે તેમાં રાજી)ની દૌલત પણ મળશે.

**કુરચણ** : જનાબ હાફિઝ યૂસુફ આદમ તરફથી નવાસાની વિલાદતની ખુશીમાં બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૨૫૦/– મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા નવાસાને બંને જહાનની નેઅમતોથી માલામાલ રાખે. (આમીન) *–તંત્રી :*

**નોંધ** : શાદીઓનાં ઘણા દાવતનામાં મળ્યાં છે પણ સ્થળ સંકોચને કારણે અત્રે રજૂ કરી શકયા નથી તો દરગુઝર ફર્માવશો. સૌ દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી :*

## ફવાઈદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)***

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

### શમ્સુદ્દીન અલ્તમશ અને હૌઝે શમ્સી

જુમ્આના દિવસે હિ.સ. ૫૮૪માં કદમબોસીનો શરફ હાંસલ થયો. અહલે સફા હાજર હતા અને હૌઝે શમ્સીના પાણીની ચર્ચા ચાલી રહી હતી. ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે શમ્સ અલ્તમશ رحمۃ اللہ علیہએ ચાહ્યું કે દિલ્હીમાં હૌઝ બનાવે તો એક દિવસ જ્યાં અત્યારે હોજ બનેલ છે ત્યાં પહોંચ્યા તો ઉભા થઈ ગયા અને કહ્યું કે આ જમીન હૌઝના માટે બેહતર છે. ખુદા રશીદા મર્દ હતો. એ જ નિય્યતે એ રાત્રે મુસલ્લા પર ત્યાં જ સૂઈ ગયો. ખ્વાજામાં શું જુએ છે કે એ ચબૂતરાની નજીક જે હોઝમાં આવેલ છે એક મર્દ અતિ ખૂબસૂરત તથા પ્રભાવશાળી જેની ખૂબીઓ વર્ણન બહાર છે તે ઘોડા પર સવાર છે અને કેટલાક માણસો તેની સાથે છે. જેવી તેમની નજર મારા પર પડી તો મને પોતાની પાસે બોલાવી લીધો અને ફર્માવ્યું કે તારી શું નિય્યત છે ? મેં કહ્યું કે મારી નિય્યત અહીં હૌઝ બનાવવાની છે. આ ચર્ચા દરમ્યાન એક શખ્સે જે નજીક જ ઉભો હતો તેણે ધીમે રહીને મારા કાનમાં કહ્યું કે હે શમ્સ ! આ રસૂલે ખુદા ﷺ છે, તું દરખાસ્ત કર જેથી તારી મુરાદ પૂરી થાય. કેમ કે મને એ સમયે હૌઝનો ખયાલ હતો તો મેં એ જ અર્ઝ કરી, અને આપના મુબારક કદમો પર ગબડી પડયો. પછી મેં હાથ બાંધીને અર્ઝ કરી તો આં હઝરત ﷺએ જ્યાં પર ચબૂતરો આવેલ છે ત્યાં હાથ મુબારક જમીન પર માર્યો અને ફર્માવ્યું, હે શમ્સ ! આ જગાએ હૌઝ ખોદાવજે કે અહીંના હૌઝનું પાણી એટલુ સ્વાદિષ્ટ હશે કે કોઈ જગાનુ પાણી એની સરખામણીમાં નહીં આવે. અમે આ જ વાતચીતમાં હતા કે મારી આંખ ખુલી ગઈ. એ સવારે ઉઠીને અમે ત્યાં પહોંચ્યા તો જોયું કે જ્યાં આગળ આં હઝરત ﷺના ઘોડાએ ખરી મારી હતી ત્યાંથી પાણીનું ઝરણુ વહી રહ્યું છે એ જ જગાએ રોકાઈ ગયો અને હૌઝ બનાવી. જે ત્યાં આવીને પાણી પીતો તે ખુદાની કસમ ખાઈને કહેતો કે જો લાખો શીરનીઓ ભેગી કરીને ખાવામાં આવે તો પણ આ પાણી જેવી લિજ્જત નથી આવતી.

ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આ પાણીની મીઠાશ કેવળ હઝરત ﷺના કદમ મુબારકની બરકતથી છે અને બીજુ આ હૌઝ મુબારક હોવાનું કારણ એ છે કે એની આસપાસ કેટલાય બુઝુર્ગો આરામ ફર્માવી રહ્યા છે, અમને (બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને) ઉમ્મીદ છે કે અમે પણ આ હોઝની નજીક અમારી કબર બનાવીશું.

## આવા પણ દિલ્હીના રાજા હતા !!

પછી ખ્વાજા સાહેબે શમ્સ (શમ્સુદ્દીન અલ્તમશ–દિલ્હી)ની બાબતે ફર્માવ્યું તે ખૂબ જ અકીદતવાળો હતો. કોઈએ તેને સૂતેલો નથી જોયો. તે રાતોમાં જાગતો રહેતો અને આલમે તહૈયૂરમાં ઉભો રહેતો. પછી ફર્માવ્યું કે જો સૂઈ પણ જતો તો તે તુરત જ જાગી જતો અને પોતે જ જાતે પાણી વડે વુઝૂ કરતો અને મુસલ્લા પર જઈને બેસતો અને પોતાના કોઈ નોકરને ન જગાડતો. અને એવું કહેતો કે હું આરામ કરવાવાળાઓને તકલીફ આપુ ?! પછી ફર્માવ્યું કે રાતે ખિર્કા પહેરતો પરંતુ કોઈને તેની ખબર ન કરતો. એક શખ્સ જે તેનો હમરાઝ હતો તેને સાથે લઈને ઘણી થેલીઓ સોનાની ભરીને દરેક મુસલમાનના દરવાજે જતો અને દરેકનો હાલ પૂછીને વહેંચી દેતો. જ્યારે ત્યાંથી પરવારતો તો મસ્જિદ તથા ખાનકાહો તથા ઈબાદતખાનાઓ અને બજારોમાં ગશ્ત કરતો અને એમાં જેઓ રહેતા હતા તેઓને કાંઈ ન કાંઈ આપતો અને લાખો બહાનાં કરતો અને સાથે એ પણ કહેતો કે ખબરદાર ! કોઈની આગળ આ વાતનો ઉલ્લેખ ન કરશો જ્યારે દિવસ નીકળતો તો આમ તૌર પર (જાહેરમાં) સૌને કહેતો હતો કે મુસલમાનોને લાવો જેમણે રાતે ફાકો કર્યો છે. હુકમ પ્રમાણે તેમને લાવવામાં આવતા તો તેમને તેમની કેપેસિટી પ્રમાણે આપતો, અને તેમની પાસે કસમ લેતો કે જ્યારે તમને કદી અનાજ વગેરેની જરૂરત હોય, અથવા કોઈ તમારા પર જુલ્મ કરે તો મારી પાસે આવો ! કે હું તખ્ત પર બેઠેલો છું અને ઈન્સાફની જંજીર મેં દરવાજા પર લટકાવેલી છે એને હલાવો, અને હું તમારો ઈન્સાફ કરીશ કે જેથી ક્યાંક તમો મારા પર કયામતમાં દાવો ન કરો★.

પછી ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે બાદશાહ શમ્સુદ્દીન અલ્તમશ આવી વાત એટલા માટે કરતો કે આવું કરવાથી ફરજ મુક્ત થઈ જાય અને કયામતના દિવસે મુક્તિ (નજાત) પામે કે મેં તો જાહેર કરી આપ્યું હતું પણ તમે લોકો ફરિયાદ માટે ન આવ્યા.

પછી આપે ફર્માવ્યું કે એક દિવસે તેણે (શમ્સુદ્દીને) આવીને આ દુઆગો (કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)ના કદમ પકડી લીધા. મેં કહ્યું, તારી શું હાજત છે ? તેણે કહ્યું કે અલ્લાહ તઆલાએ પોતાની મહેરબાનીથી મને સલ્તનત (રાજ્ય સત્તા) અર્પણ કરી છે અને સર્વ છે, પરંતુ મારી અરજ એ છે કે કયામતમાં મારો હશ્ર કયા ગિરોહમાં થશે ? અને પછી તે પરત જતો રહ્યો.

પછી ફર્માવ્યું કે તે ખૂબ જ નેક મામલાવાળો હતો અને દુરવેશોનો તો ગુલામ હતો કે તે તેમની મહોબ્બતનો પયકર હતો.

પછી ફર્માવ્યું કે એકવાર હું બદાયૂંની તરફ સફર કરી રહ્યો હતો અને શમ્સ વાલી પણ બદાયૂંમાં હતો. એક દિવસે કામસર બહાર ગયો તો એક વૃધ્ધ કમજોર પુરૂષે એની પાસે કાંઈક માગ્યું એને કાંઈ ન આપ્યું. જ્યારે આગળ વધ્યો તો એક નવયુવાન હટ્ટા કટ્ટા માણસે માગ્યું તો જોલીમાંથી અમુક રૂપિયા કાઢીને તેને આપ્યા. આગળ વધ્યો તો અમીરો વઝીરોને સંબોધીને કહ્યું કે જુઓ ! એ વૃધ્ધે મારી પાસે માગ્યું પરંતુ મેં એને કાંઈ ન આપ્યું અને એ નવયુવાન તંદુરસ્તને મેં માગ્યા વિના આપી દીધું. આ એટલા માટે છે કે જેથી તમને માલૂમ થઈ જાય કે જો મારી મરજી હોત તો તે વૃધ્ધને આપત જે લેવાનો હક્કદાર હતો, પરંતુ જેને આપે છે ખુદા આપે છે, હું વચ્ચે કોણ છું કે જેથી મેં એને કાંઈ આપ્યું અને આને ન આપ્યું ! જે કાંઈ છે સર્વ અલ્લાહ તઆલાની મરજી પર મૌકૂફ છે.

★ *વર્તમાનકાળના રાજકર્તાઓ આના પરથી કાંઈ બોધ લેશે કે પ્રજાની કાળજી કેવી રીતે લેવામાં આવે અને દિલમાં અલ્લાહનો કેવો ડર રાખવામાં આવે. (અનુવાદક)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

### ઝકાત કયા લોકોને આપવી

**મસ્અલો** : ઝકાતના હકદાર સાત છે :– (૧) ફકીર (૨) મિસ્કીન (૩) આમિલ (૪) રકાબ (ગુલામ–લોંડી) (૫) ગારમ (કરજદાર) (૬) ફીસબીલિલ્લાહ (૭) ઈબ્ને સબીલ (તે મુસાફર જેની પાસે સફરમાં માલ ન રહ્યો હોય)

**મસ્અલો** : **ફક઼ીર** તે માણસ છે જેની પાસે કંઈક હોય પરંતુ એટલું કે નિસાબ જેટલું ન હોય કે તેથી વધુ ન હોય. વળી નિસાબ જેટલુ હોય તે તેની જીવન જરૂરીયાતના સામાન સહિત હોય, જેમ કે, રહેવાનું મકાન, પહેરવાના કપડા, સેવા માટેની લોંડી–ગુલામ, ધંધા માટેનાં ઓજારો, વગેરે જે જરૂરીયાતની ચીજો છે તે ભલે ગમે તેટલી કિંમતી પણ કેમ ન હોય અથવા એટલું દેવું હોય કે તે ભરપાઈ કરવામાં આવે તો નિસાબ જેટલું બાકી નથી રહેતું, સાથે જ ઉપર જણાવેલી જરૂરીયાતની ચીજો વધારા તરીકેની ગમે તેટલી પણ હશે છતાં તે ફક઼ીર ગણાશે. *(રદ્દુલ મુહતાર વગેરે)*

**મસ્અલો** : **મિસ્કીન** તે છે જેની પાસે કાંઈ પણ ન હોય ત્યાં સુધી કે ખાવા પીવા અને શરીર ઢાંકવા માટે પણ લાચાર છે, કે તે લોકોથી માગે

**મસ્અલો** : મિસ્કીનને માટે તેણે સવાલ કરવો (માગવું) હલાલ છે અને ફકીરે સવાલ કરવો (માગવું) જાઈઝ નથી, એટલા માટે કે જેની પાસે ખાવા પીવા કે શરીર ઢાંકવા જેટલું હોય તેણે વિના જરૂરત કોઈકથી સવાલ કરવો (હાથ ફેલાવવો) **હરામ** છે. *(આલમગીરી)*

**મસ્અલો** : **આમિલ** તે છે જેને ઈસ્લામી બાદશાહે ઝકાત અને ઉશ્ર (પાકનો દસમો ભાગ) ઉઘરાવવા નક્કી કર્યો હોય એને એના કામના પ્રમાણમાં એટલું આપવામાં આવે કે તે સામાન્ય વચગાળાનું જીવન જીવી શકે પરંતુ એટલું બધુ ન આપવું કે તે જેટલું ઉઘરાવી લાવ્યો હોય તેના અડધાથી વધુ થઈ જાય. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : **રકાબ**થી મતલબ મકાતિબ ગુલામને આપવું કે જેથી તેને બદલા રૂપે પોતે ગુલામીમાંથી આઝાદી મેળવી શકે. *(આમ કિતાબો)*

**મસ્અલો** : **ગારમ**થી મતલબ દેવાદાર છે તે એટલો દેવાદાર હોય કે તેણે દેવું ચૂકવ્યા પછી તેની પાસે ઝકાત આપી શકવા માટે નિસાબ જેટલો માલ રહેતો નથી *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : **ફી સબીલીલ્લાહ** એટલે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવો, તેની ઘણી શકલો છે જે મકે જિહાદમાં જવા માગે છે પરંતુ તેની પાસે સામાન નથી તો તેને ઝકાતનો માલ આપી શકાય છે, પછી ભલે તે કમાય શકતો હોય. (૨) કોઈ હજમાં જવા માગે છે પરંતુ તેની પાસે સામાન નથી તો તેને ઝકાત આપી શકાય છે પરંતુ તેણે **હજમાં જવા માટે સવાલ કરવો જાઈઝ નથી.** (૩) દીની ઈલ્મ પઢનારને ઝકાત આપી શકાય છે બલ્કે તાલિબે ઈલ્મ (દીની ઈલ્મ પઢનાર વિદ્યાર્થી) સવાલ કરી (માગી)ને પણ ઝકાત લઈ શકે છે જ્યારે એણે એ જ કામ (પઢવા માટે) માટે જ પોતાની જાતને કામે લગાડી હોય, ભલે તેનામાં કમાવા જેટલી શક્તિ હોય ! તો પણ તે માગી શકે છે. એ જ રીતે દરેક નેક કામમાં ઝકાત આપી શકાય છે શર્ત એ છે કે તેમાં કોઈકને માલિક બનાવી દેવાતું

હોય. માલિક બનાવ્યા વિના ઝકાત અદા થશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ઘણા લોકો ઈસ્લામી મદ્રસાઓમાં ઝકાત મોકલી આપે છે તેમણે મદ્રસાના મુતવલ્લી, મોહતમિમને બતાવી આપવું જોઈએ કે આ ઝકાતનાં નાણા છે, જેથી મુતવલ્લી કે મોહતમિમ તેને અલગ રાખે, બીજા માલમાં ભેગું ન કરી દે અને ગરીબ વિદ્યાર્થીઓ ઉપર ખર્ચ કરે, કોઈ કામના મહેનતાણામાં ન આપે, નહીં તો ઝકાત અદા થશે નહીં. *(બહારે શરીઅત)*

**મસ્અલો : ઈબ્ને સબીલ** એટલે મુસાફિર તે જેની પાસે સફરમાં માલ પૂરો થઈ ગયો હોય તે ઝકાત લઈ શકે છે ભલે તેના મુકામ પર તેની પાસે માલ હોય. પરંતુ તેણે એટલો જ લેવો જોઈએ જેટલાથી તેની જરૂરત પૂરી થઈ શકે. જરૂરતથી વધુની છૂટ નથી.

**મસ્અલો** : ઝકાત અદા કરવામાં જરૂરી છે કે જેને આપવામાં આવે તેને સંપૂર્ણ માલિક બનાવી દેવામાં આવે. ફક્ત અબાહત કાફી નથી જેથી ઝકાતનો માલ મસ્જિદમાં લગાડવો કે મય્યતનું કરજ આપવું કે ગુલામ આઝાદ કરવું કે પુલ, મુસાફરખાનું, પરબ, સડક બનાવવું, નહેર, કૂવો ખોદાવવો, કિતાબો વગેરે ખરીદી વકફ કરવું જાઈઝ નથી. એનાથી ઝકાત અદા થશે નહીં જ્યાં સુધી કોઈ હકદારને તેનો માલિક બનાવી દેવામાં ન આવે. હા ! હકદાર ગરીબ ફકીરને તેનો માલિક બનાવી આપ્યા પછી તે માલિક પોતે જેમાં આપવા ચાહે તેમાં આપી શકે છે. *(જૌહરા, તન્વીર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : પોતાની અસલ અર્થાત માં બાપ દાદા નાના નાની વગેરે કે જેની ઔલાદમાંથી એ પોતે છે અને પોતાની ઔલાદ પુત્ર, પુત્રી, પૌત્ર, નવાસો, નવાસી વગેરેને ઝકાત નથી આપી શકતા. એવી જ રીતે ફિત્રો, શરઈ મન્નત, કફફારો પણ એઓને નથી આપી શકાતો, રહ્યો નફ્લ સદકો, તો તે આપી શકાય છે બલ્કે ઉત્તમ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : વહુ, જમાઈ, મતરાઈ માતા, મતરાઈ બાપ, કે પોતાની સ્ત્રીની ઔલાદ કે પોતાના ધણીની ઔલાદને ઝકાત આપી શકાય છે અને સગાંઓને જેમનું ખાણું પીણું (ભરણ પોષણ) એના પોતાના શિરે છે તેમને ઝકાત આપી શકે છે, પરંતુ એ ત્યારે જ કે તેને તેના ભરણ પોષણના ખર્ચરૂપે ગણવામાં ન આવે. *(રદુલ મુહતાર)*

**મસ્અલો** : સ્ત્રી પોતાના ધણીને અને ધણી પોતાની સ્ત્રીને ઝકાત નથી આપી શકતા. પરંતુ તલાક આપી દીધા પછી જ્યારે તલાક઼ની ઈદ્દત પૂરી થઈ જાય ત્યાર પછી આપી શકે છે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)*

**મસ્અલો** : માલદાર ધણીની ઔરતને (જો ગરીબ હોય) ઝકાત આપી શકાય છે, જ્યારે તેણી નિસાબની માલિક ન હોય. એ જ રીતે માલદાર પુત્રના બાપને પણ આપી શકાય છે, જ્યારે કે તે ફક઼ીર ગરીબ હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : માલદારના નાબાલિગ બાળકોને ઝકાત નથી આપી શકાતી અને માલદારના બાલિગ બાળકોને આપી શકાય છે, જ્યારે કે તેઓ ફક઼ીર હોય. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : જે માણસ જીવન જરૂરીયાતના માલ ઉપરાંત નિસાબનો માલિક હોય તેને ઝકાત આપવી જાઈઝ નથી, એટલે કે જરૂરીયાતના માલ સિવાય એટલો માલ હોય કે જેની કિંમત ૨૦૦ દિરહમ થઈ જાય પછી ભલે તે માલની ઉપર ઝકાત વાજિબ ન થતી હોય, દાખલા તરીકે છ તોલા સોનું જો ૨૦૦ દિરહમની કિંમતનું હોય તો જેની પાસે આટલું હશે તેના ઉપર ઝકાત તો વાજિબ નથી

કારણ કે સોનાનો નિસાબ સાડા સાત તોલા સોનું છે, પરંતુ તે માણસને ઝકાત આપી શકાતી નથી.

**દા.ત.** કોઈની પાસે વીસ ગાયો છે જેની કિંમત ૨૦૦ દિરહમ છે તો તેને ઝકાત નથી આપી શકાતી. જો કે ૨૦૦ ગાયો ઉપર ઝકાત વાજિબ નથી.

**મસ્અલો** : મકાન, ઘરગથ્થુ સાધન સામગ્રી, પહેરવાનાં કપડાં, નોકરો, સવારીનું જાનવર, હથિયારો, ભણેલા પઢેલા માટે તેના અભ્યાસની કિતાબો ચોપડીઓ આ બધુંય એના જીવન જરૂરીયાતના સાધનોમાં (હાજતે અસ્લીયા) ગણાશે.

**મસ્અલો** : સારા અને તંદુરસ્તને ઝકાત આપી શકાય છે ભલે તે કમાવા ઉપર શક્તિ ધરાવતો હોય, જો કે **તેણે સવાલ કરવો જાઈઝ નથી.** *(આલમગીરી)*

**મસ્અલો** : મોતી, હીરા, જવાહિર જેની પાસે હોય અને તે વેપાર માટે ન હોય તો તેની ઝકાત આપવી વાજિબ નથી. પરંતુ જ્યારે કે તે નિસાબની કિંમત જેટલું કે વધુ હોય તો તે ઝકાત લઈ શકતો નથી. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : સૈયદ (હાશમી)ને ઝકાત આપી શકાતી નથી. હાશમીથી મતલબ હઝરત અલી, હઝરત જાફર, હઝરત અકીલ, હઝરત અબ્બાસ, હઝરત હારિષ બિન મુત્તલિબની ઔલાદો છે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) *(આલમગીરી, રદ્દુલ મુહતાર વગેરે)*

**મસ્અલો** : માતા હાશમી ખાનદાનની બલ્કે ખાસ સૈયદાણી હોય અને બાપ હાશમી ન હોય તો **તે હાશમી ગણાશે નહીં,** કારણ કે **શરીઅતમાં વંશ બાપથી ગણાય છે,** માથી નહીં, જેથી એવા માણસને ઝકાત આપી શકાય છે. જ્યારે ન આપવા માટેનું કોઈ બીજુ કારણ ન હોય. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : નફ્લ સદકા અને વકફની થતી આવક બની હાશમ (સૈયદ)ને આપી શકાય છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : ઝિમ્મી કાફિરને ઝકાત કે વાજિબ સદકો આપી શકાશે નહીં. (જેમ કે મન્નતનો કફફારો, ફિતરો) અને હર્બી કાફિરને કોઈ પણ જાતનો સદકો નફ્લ કે વાજિબ આપી શકાશે નહીં, ભલે તે હર્બી કાફિર દારૂલ ઈસ્લામમાં બાદશાહી રક્ષણ મેળવી આવ્યો હોય. *(બહારે શરીઅત)*

હિંદુસ્તાન જો કે દારૂલ ઈસ્લામ છે પરંતું અહીંના કાફિરો ઝિમ્મી નથી. એમને નફ્લ સદકો જેમ કે હદિયો, ભેટ વગેરે આપવું પણ જાઈઝ નથી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જે લોકોના વિશે લખવામાં આવ્યું છે કે એમને ઝકાત આપી શકાય છે તેઓનું ફકીર ગરીબ હોવાનું જરૂરી છે, સિવાય "આમિલ" કે તેને માટે ફકીર હોવું જરૂરી નથી અને મુસાફિર કે ભલે તે માલદાર પણ હોય પરંતુ મુસાફરીમાં માલ પૂરો થઈ જતાં તે પણ ફકીરની ગણત્રીમાં લખાશે. બાકીના કોઈને પણ જો તે ફકીર કે ગરીબ ન હોય તો ઝકાત આપી શકાશે નહીં. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : ઝકાત વગેરે સદકાઓમાં અફઝલ અને બેહતર એ છે કે પ્રથમ પોતાના ભાઈઓ બહેનોને આપવું. પછી એમની ઔલાદને પછી કાકા ફોઈઓને પછી એમની ઔલાદને પછી મામા માસી અને તે પછી તેમની ઔલાદને, પછી પોતાના ગામ કે શહેરના લોકોને આપવું. *(જૌહરા, આલમગીરી વગેરે)*

હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા તે માણસના સદકાને કબૂલ નથી કરતો જેનાં સગાં એના સદવર્તાવથી મેહરૂમ રહે. (મતલબ કે એનાં ગરીબ સગાંને લાભ ન મળતો હોય.) અને એ પારકાંઓને આપે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : બદમઝહબને (સુન્ની સિવાયના તમામ પંથવાળાને) **ઝકાત આપવી જાઈઝ નથી.** *(દુર્રે મુખ્તાર)*

એવી જ રીતે તે મુર્તદોને પણ ઝકાત આપવી જાઈઝ નથી જેઓ જીભથી તો મુસલમાન હોવાનો દાવો કરે છે પરંતુ અલ્લાહ અને તેના રસૂલની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરે છે, એમની શાન ઘટાડવાની નાહક કોશિશ કરે છે અથવા કોઈક દીનની જરૂરી બાબતનો નકાર કરે છે. *(બહાર વગેરે)*

**મસ્અલો** : જેની પાસે આજનું ખાણુ છે અથવા તંદુરસ્ત છે અને કમાય શકે છે એણે ખાવા માટે માગવું હલાલ નથી. પરંતુ માગ્યા વિના કોઈ આપી દે તો લઈ લેવું જાઈઝ છે. અને ખાણુ તો છે પરંતુ પોશાક નથી તો ફકત કપડુ માગી શકે છે. એવી જ રીતે જો જેહાદ કે દીની ઈલ્મ પઢવામાં લાગેલો છે તો તે તંદુરસ્ત હોવા છતાં સવાલ કરી શકે છે, અર્થાત માગી શકે છે. જેના માટે માગવું જાઈઝ નથી તેને માગવા ઉપર આપવું પણ જાઈઝ નથી, આપનાર પણ ગુનેહગાર થશે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : ભીખ માગવી, ઘણુ જ નીચ અને હલકુ કામ છે, જરૂરત વિના કોઈથી માગવું નહીં, હદીષોથી સાબિત છે કે જરૂરત વિના કોઈથી માગવું હરામ છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે માગવાથી બચવા માગશે અલ્લાહ તઆલા તેને બચાવશે, અને જે ગની (માલદાર) બનવા ચાહશે અલ્લાહ તેને ગની બનાવી દેશે અને જે સબ્ર કરવા ચાહશે અલ્લાહ તઆલા તેને સબ્ર આપશે. *(બુખારી, મુસ્લિમ, તિરમિઝી વગેરે)* અને **ફર્માવ્યું કે જે માણસ પોતાના માટે માગવાનો દરવાજો ખોલશે અલ્લાહ તઆલા એના માટે મોહતાજીનો દરવાજો ખોલશે.** *(અહમદ, બઝ્ઝાઝ, તિબ્રાની, અબૂ યઅ્લા)*

અને ફર્માવ્યું જે માણસ સવાલ કરે (માગે) અને તેની પાસે એટલું છે કે તેને માંગવાની **જરૂરત નથી રહેતી છતાં માંગે છે તો તે પોતાના માટે આગ વધુ ચેતાવે છે.**

લોકોએ પૂછયું, યા રસૂલુલ્લાહ ! ﷺ કેટલો માલ હોય કે જેના હોવાથી માણસે માગવું જાઈઝ નથી રહેતું. તો આપ ﷺએ ફર્માવ્યું, સવાર અને સાંજ ચાલે તેટલું ખાણુ. *(અબૂ દાઊદ, ઈબ્ને હબ્બાન અને ઈબ્ને ખુઝૈમા)*

## સદકાએ ફિત્રનું વર્ણન

રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે કે બંદાના રોઝા આસ્માન અને જમીનની વચ્ચે અદ્ધર રહે છે જ્યાં સુધી કે તે સદકએ ફિત્ર અદા ન કરે. *(દયલમી, ખતીબ, ઈબ્ને અસાકર)*

મસ્અલો : સદકએ ફિત્ર વાજિબ છે. જેણે એના વખત પર અદા ન કર્યો તે ગમે ત્યારે પણ આપી શકે છે. આખી જિંદગીભર એનો વખત છે. પછીથી આપવામાં આવેલ સદકએ ફિત્ર કઝા નહીં બલ્કે તે પણ અદા જ ગણાશે. જો કે સુન્નત તરીકો તો એ છે કે ઈદની નમાઝથી પહેલાં આપી દેવામાં આવે. સદકાએ ફિત્ર જ્યાં સુધી આપવામાં ન આવે ત્યાં સુધી તે જવાબદારી (વાજિબ) માથા પર બાકી રહેશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

મસ્અલો : ઈદના દિવસે સુબ્હ સાદિક શરૂ થતાં જ સદકએ ફિત્ર વાજિબ થઈ જાય છે. જેથી જે શખ્સ સુબ્હ સાદિકથી પહેલાં મરી ગયો અથવા ફકીર થઈ ગયો તેના પર સદકએ ફિત્ર વાજિબ થતો નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક શરૂ થતાં પહેલાં કોઈ કાફિર મુસલમાન થઈ જાય, કોઈ ફકીર હતો તે ગની બની જાય કે કોઈ બાળક પેદા થાય એ સૌ પર સદકએ ફિત્ર વાજિબ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક઼ શરૂ થવા પછી જે બાળક પેદા થયું, જે કાફિર મુસલમાન થયો અથવા જે ફક઼ીર ગની થઈ ગયો તો તેના પર સદક઼એ ફિત્ર વાજિબ નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : જે માણસ સુબ્હ સાદિક શરૂ થયા પછી મૃત્યુ પામે તેના પર સદક઼એ ફિત્ર વાજિબ થયો. *(આલમગીરી)*

**મસ્અલો** : દરેક આઝાદ મુસલમાન માલિકે નિસાબ પર સદક઼એ ફિત્ર વાજિબ છે. માલિકે નિસાબ એટલે કે જે વ્યક્તિ પોતાની અસલ જીવન જરૂરીયાત ઉપરાંત માલ મિલકત વગેરેનો માલિક હોય. તે સદકએ ફિત્ર વાજિબ થવામાં વ્યક્તિનું આક઼િલ, સમજદાર કે બાલિગ હોવાની કે માલ પર વરસ વીતવાની એવી કોઈ શર્ત નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : પુરુષ જો માલિકે નિસાબ હોય તો તેના પર તેના તરફથી તેમજ તેનાં નાના બાળક તરફથી સદક઼એ ફિત્ર વાજિબ છે, જો કે તે બાળક ખૂદ નિસાબનો માલિક ન હોય તો. અને જો બાળક પોતે નિસાબનો માલિક હોય તો તેના માલમાંથી તેનો સદક઼એ ફિત્ર આપવામાં આવે. અને દીવાની મજનૂ ઔલાદ જો કે બાલિગ હોય પરંતુ ગની ન હોય તો એનો સદક઼એ ફિત્ર એના બાપ પર વાજિબ છે અને જો તે ઔલાદ ખૂદ ગની હોય તો તેના માલમાંથી સદક઼એ ફિત્ર આપવામાં આવે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : સદક઼એ ફિત્ર વાજિબ થવામાં રોઝા રાખવા જરૂરી નથી. બીમાર, સફર કે ઘડપણને કારણે પછી વગર કોઈ કારણોસર રોઝા ન રાખ્યા હોય તો પણ સદક઼એ ફિત્ર વાજિબ છે. *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત વગેરે)*

પેજ નં. **૧૨** નું ચાલુ...

પાકિસ્તાની વજનથી એક રતલ અડધા શેરનો, અને એક મુદ એક શેરનો, અને એક સાઅ ચાર શેરનો. પરંતુ મુદ તથા રતલની માત્રામાં મતભેદ છે. તેમજ હલકી ચીજ સાઅમાં ઓછી આવશે અને વજનદાર અધિક આવશે. એટલા માટે સાવચેતી એમાં છે કે ફિત્રામાં અડધો સાઅ ઘઉં લગભગ સવા બે શેર માનવામાં આવે છે, એટલે કે એક સાઅમાં પાણી લગભગ ચાર શેર અને ઘઉં સાડા ચાર શેર સમાશે. યાદ રાખશો કે ગુસ્લ તથા વુઝૂમાં પાણી નિશ્ચિત નથી, સુન્નત એ છે કે વુઝૂ એક શેર પાણીથી ઓછુ ન હોય અને ગુસ્લ ચાર શેરથી.

૯. આપ મઆઝા બિન્તે અબ્દુલ્લાહ અદવિય્યહ છે. હિ.સ. ૩૩માં આપનો વિસાલ થયો. આપ તાબઈનમાંથી છે.

**૧૦.** પહોળા મુખવાળો જેમાં બંનેવના હાથ આસાનીથી પડી શકે. પ્રથમ વર્ણવી ચૂક્યા કે તે હઝરાત તેહબંદ બાંધીને ગુસ્લ કર્યા કરતા હતા, ભલે પતિ પત્નીમાં આપસમાં પર્દો નથી હોતો. યાદ રાખશો જો જુનૂબી કે બેવુઝૂ હાથ ધોઈને જરૂરત મુજબ ઘડા કે માટલામાં હાથ નાખી દે તો પાણી મુસ્તઅમલ થશે નહીં, જેવું કે આ હદીષથી માલૂમ થયું પરંતુ જો પગ કે માથુ નાખી દે તો પાણી મુસ્તઅમલ થઈ જશે, કેમ કે એ વિના જરૂરતે છે. તેમજ જો ધોયા વિના અથવા વિના જરૂરતે હાથ નાખી દે તો પાણી મુસ્તઅમલ થઈ જશે. યાદ રાખશો કે સ્ત્રીના વધેલા પાણી વડે પુરૂષે ગુસ્લ કે વુઝૂ કરવું મકરૂહ છે પણ એક સાથે ગુસ્લ કરવું મકરૂહ નથી.

**રતનપુર** : (ખેડા) જામિઆ મદીનતુલ ઉલૂમ ખાતે ૧૩ જમા. આખર હિ.સ. ૧૪૩૬ જુમેરાત યૌમે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ નિમિત્તે તલબા દરમ્યાન **"મુસાબકાએ હિફ્ઝે અહાદીષ"**નો પ્રોગ્રામ હઝરત અલ્લામા શમ્સુલ હુદા મિસ્બાહી (મુબારકપુર)ની સદારતમાં થયો. નિઝામત હઝરત મુફ્તી અશરફ રઝા સાહબે ફર્માવી. મુમ્તહીન તરીકે હઝરત શમ્સુલહુદા સાહબ, મુફ્તી મુહમ્મદ સલીમ રઝવી સાહબ હતા. (રિપોર્ટ ટૂંકાવીને)

*-રજૂ. સૈયદ મુહમ્મદ શોએબ (રતનપુર)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ સલ્અમ, સ.અ.વ., અલ., રદી. વગેરે લખવું ★

હુઝૂર સૈયદે આલમ ﷺના મુબારક નામ "મુહમ્મદ" ﷺની સાથે દુરૂદ શરીફ લખવાની જગ્યાએ ફક્ત 'સ.અ.વ.' લખવું અથવા "અલયહિસ્સલામ"ની જગ્યાએ ફક્ત 'અલ.' લખવું સખત મહેરૂમી અને ઉચ્ચકક્ષાની કમનસીબી છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, **"જેણે સૌ પ્રથમ દુરૂદ શરીફને આ પ્રમાણે ટૂંકાવીને લખ્યું તેનો હાથ કાપવામાં આવ્યો."** ઈમામ તહતાવીએ દુર્રે મુખ્તારના હાશિયામાં તેને (આ પ્રમાણે ટૂંકમાં લખવાને) કુફ્ર સુધી ફર્માવ્યું અને હકીકતમાં જો જાણીબુઝીને શાન ઘટાડવાનો ઈરાદો હોય, તો કુફ્ર છે. એ જ પ્રમાણે સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનના નામોની સાથે "રદીયલ્લાહુ અન્હુ"ને બદલે ફક્ત "રદી." લખવું પણ મના છે અને ખૈરો બરકતથી દૂરી છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૪, પેજ : ૫૪, બહારે શરીઅત, ભાગ-૩, પેજ : ૮૭)*

### ★ ઔલાદને આક (હક્કોથી અલગ) કરવાનો મસ્અલો ★

કેટલાક લોકો પોતાની ઔલાદ વિશે આ પ્રમાણે કહે છે કે મેં તને (નાફર્માન ઔલાદને) આક કરી દીધું (હક્કોથી વંચિત કરી દીધો) અને તેનો અર્થ આ પ્રમાણે લેવામાં આવે છે કે હવે આ હક્કોથી દૂર કરવામાં આવેલી ઔલાદને તેના બાપના મૃત્યુ પછી તેના વારસામાંથી હક્ક (હિસ્સો) આપવામાં આવશે નહીં. જો કે **આ એક અર્થહિન વિચાર છે અને આક (હક્કોથી દૂર કરી દેવું) કરી દેવું એ શરઅન કોઈ વસ્તુ નથી અને ન તો તેના બાપના આ શબ્દ બોલવાને કારણે તેની ઔલાદને તેની મિલ્કતમાંથી બાકાત રાખવામાં આવશે, પરંતુ શરીઅતના નિયમ મુજબ જ તેના બાપના મૃત્યુ પછી તેની મિલ્કતમાંથી તે શરઈ હિસ્સાનો હક્કદાર છે.**

મા બાપની નાફર્માની અને તેમને તકલીફ આપવી એ શરીઅતની રૂએ મોટો ગુનોહ છે અને જેના મા બાપ તેનાથી નારાજ હોય તે બંને દુનિયા (દુનિયા અને આખેરત)માં અલ્લાહ તબારક વ તઆલાના ગઝબ અને અઝાબનો હક્કદાર છે અને સખત મેહરૂમ છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : "આક કરી દેવું એ શરીઅતની દૃષ્ટિએ કોઈ ચીજ નથી, ન એનાથી વારસાઈ દૂર થાય છે." *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૫, પેજ : ૪૧૨)*

### ★ સાળી અને ભાભી સાથે મજાક કરવી ★

કેટલાક લોકો સાળી અને ભાભી સાથે મજાક કરે છે અને તેને પોતાનો હક્ક સમજે છે અને તેમને આ પ્રમાણેની વાતોથી રોકવામાં અને ટોકવામાં આવે, તો કહે છે કે અમારો સંબંધ જ એવો છે. જો કે ઈસ્લામમાં આ મજાક હરામ બલ્કે સખ્ત હરામ અને જહન્નમનો સામાન છે. સ્ત્રીઓ અને પુરૂષોની વચ્ચે ખાનગી વ્યવહાર સંબંધિત ખરાબ અને નિરર્થક વાતો જે વાતો ખુલ્લા શબ્દોમાં કહેવામાં આવે કે ઈશારાબાજીની ભાષામાં કહેવામાં આવે બધી જ મજાક છે અને હરામ છે. હદીષ શરીફમાં જેઠ, દિયર અને બનેવીથી પડદો કરવાની સખ્ત તાકીદ કરવામાં આવી છે.

અને જે પ્રમાણે પુરૂષોને માટે સાળી અને ભાભીથી મજાક કરવું હરામ છે એ જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ દિયર અને બંનેની સાથે મજાક કરવું હરામ છે.

## ★ ગર્ભ રોકવાવાળી દવાઓ અને લૂપ કોન્ડોમ વગેરેનો ઉપયોગ ★

ઈસ્લામમાં નસબંદી હરામ છે. નસબંદીનો અર્થ કોઈ કાર્ય એટલે કે ઓપરેશન વગેરે મારફત પુરૂષ અથવા સ્ત્રીમાં "પૈદાઈશી કુવ્વત" (પ્રજનન શક્તિ) એટલે કે બાળકને પેદા કરવાની શક્તિ હમેશાંને માટે બરબાદ કરી દેવી. જેમ કે હદીષ શરીફમાં છે કે જ્યારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمથી વ્યભિચારના ડરથી ખસ્સી કરાવવાની પરવાનગી માગી તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમના આ પ્રશ્નથી આપ صلی اللہ علیہ وسلمએ મોઢું ફેરવી લીધું અને નારાજગી દર્શાવી. પરંતુ ગર્ભ રોકવાની નિય્યતથી કામચલાવ રસ્તાઓ અને સાધનો અપનાવવા દા.ત. દવાઓ, લૂપ, નિરોધ વગેરે કોઈનો જરૂરત પ્રમાણે ઉપયોગ કરવો "મુત્લક્ન હરામ" નથી. હક઼ીક઼તમાં મઝહબે ઈસ્લામ ઘણી જ હિકમતોવાળો મઝહબ અને કુદરતી ક઼ાનૂન (ક઼ાનૂને ફિતરત)વાળો છે જે "નસબંદી"ને હરામ ફર્માવે છે. કેમ કે તેમાં ઈન્સાનની બાળકો પેદા કરવાની કુદરતી વિશિષ્ટતા અને શક્તિ (પ્રજનન શક્તિ)ને ખત્મ કરી દેવામાં આવે છે. ક્યારેક એવું પણ થઈ શકે છે કે મા બાપ નસબંદી કરાવી બેસે અને તેમને જે બાળકો હતાં તે મૃત્યુ પામે, એમ પણ થઈ શકે છે તો બધા દિવસો માટે ઔલાદથી વંચિત થઈ જવાય છે. ક્યારેક એવું પણ થાય છે કે પત્નીએ નસબંદી કરાવી લીધી અને તેના પતિનું મરણ થઈ ગયું અથવા તલાક઼ થઈ ગઈ. હવે આ સ્ત્રીએ બીજી શાદી કરી અને બીજો પતિ પોતાની ઔલાદનો ખ્વાહિશમંદ હોય (ઈચ્છા રાખતો હોય). આ પણ થઈ શકે છે કે પુરૂષે નસબંદી કરાવી લીધી પછી તેની પત્ની મૃત્યુ પામી અથવા તલાક઼ આપી દીધી અને તે બીજી શાદી કરે છે અને બીજી પત્ની ઔલાદની ઈચ્છા કરતી હોય.

સ્પષ્ટતા એ જ છે કે બચ્ચાં પેદા કરવાની શક્તિને જડમૂળથી જ નષ્ટ કરી દેવી એ વાત કોઈપણ પ્રકારે સમજમાં આવતી નથી અને ઈસ્લામનો ક઼ાનૂન ઘણી જ હિકમતોનો ખજાનો છે. જો કે કામચલાવ ધોરણે ગર્ભને રોકવાના રસ્તાઓ અને સાધનોને ઈસ્લામ "મુત્લક઼ન હરામ" (તદ્દન હરામ) નથી ફર્માવતો. તેમાં પણ ઘણી જ હિકમત સમાયેલી છે. કેમ કે ક્યારેક એવું પણ જાઈ જાય છે કે પત્નીની તબિયત એટલી ખરાબ છે કે તે પ્રસુતિ (સુવાવડ) માટે શક્તિમાન નથી બલ્કે ક્યારેક અમુક સ્ત્રીઓનાં બાળકો ફક્ત ઓપરેશનથી જ જન્મે છે અને બે ત્રણ બાળકોનાં જન્મ પછી ડોકટરો એ સલાહ આપે છે કે હવે પછીના ઓપરેશનમાં ઘણો જ ખતરો (જાનનું જોખમ) છે તો કામચલાવ ધોરણે ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ ગુનોહ નથી.

હદીષ શરીફમાં છે : હઝરત જાબીર رضی اللہ عنہ ફર્માવે છે કે અમે લોકો "નુઝૂલે કુર્આન" કુર્આનનું ઉતરાણ)ના સમયે "અઝલ" કરતા હતા એટલે વિર્ય છૂટવાના સમયે સ્ત્રીથી અલગ થઈ જતા હતા. આ હદીષ બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ બંનેવમાં છે. મુસ્લિમ શરીફમાં આટલું વધારે છે, "આ વાતની જાણ હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلم સુધી પહોંચી તો આપ صلی اللہ علیہ وسلمએ મનાઈ ન ફર્માવી."

"અઝલ"ને સંબંધિત બીજી પણ હદીષો છે, જેનાથી તેની ઈજાઝત જણાઈ આવે છે. જેની સ્પષ્ટતા અને ખુલાસામાં ઉલમાનો ફત્વો છે કે પત્નીની મંજૂર વગર એટલે કે તેની મરજીની વિરુદ્ધ એવું ન કરે, કેમ કે તેમાં તેની "હક્ક઼ તલ્ફી" (હક્ક઼ મારવો) થાય છે.

હઝરત મૌલાના મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "કોઈ જાઈઝ મક઼સદને નજર સમક્ષ રાખીને કામચલાવ ધોરણે ગર્ભ ધારણને રોકવા માટે કોઈ દવા અથવા રબ્બરની થેલી (નિરોધ)નો ઉપયોગ કરવો જાઈઝ છે, પરંતુ એવું કાર્ય (શસ્ત્રક્રિયા, ઓપરેશન) જેનાથી કાયમને માટે

ગર્ભધારણ કરવાની શક્તિને બરબાદ કરી દેવી એ કોઈ પણ રીતે જાઈઝ નથી." *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૨, પેજ : ૫૮૦)* આનાથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે વિના કારણે, એમને એમ આ પ્રમાણે કરવું પણ જાઈઝ નથી.

## ★ નવા વરસ (બેસતા વરસ)ની મુબારકબાદીઓ ! ★

મુસલમાનોમાં અંગ્રેજી વરસનો પહેલો દિવસ એટલે કે ૧લી જાન્યુઆરીએ ખુશી મનાવવું, મીઠાઈઓ વહેંચવી, મુબારકબાદીઓ આપવી અને મોકલવી વગેરેનો રિવાજ સામાન્ય થઈ ગયેલ છે અને જાત જાતના ફુઝૂલ ખર્ચાઓ કરવામાં આવે છે.

જો કે પહેલી જાન્યુઆરી હોય કે પહેલી એપ્રિલ (એપ્રિલ ફૂલ) કે ૨૫ ડિસેમ્બર મોટો દિવસ હોય કે ગુડ ફ્રાઈડે આ બધાને ઈસ્લામ અને મુસલમાનોથી કોઈ સંબંધ નથી, બલ્કે તેને મહત્વ આપવું અથવા તહેવાર સમજવું એ "ઈસાઈયત" છે અને કાફિરો તેમજ બિન મુસ્લિમોનો રિવાજ છે. મુસલમાનોએ જોઈએ કે તેઓ ઈસ્લામી તહેવારો મનાવે અને ઈસ્લામી દિવસોને મહત્વ આપે, ઈસાઈયત ન આપનાવે. ક્યાંક એવું ન થાય કે તમારો હશ્ર ઈસાઈઓની સાથે ન થાય !

હદીષ શરીફમાં છે કે અલ્લાહના રસૂલ સૈયદે આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ફર્માવે છે : "જે વ્યક્તિ જે કૌમની રીતભાત અપનાવે, તે તેમના (તે કૌમ)માંથી છે."

આજકાલ મુસલમાનોમાં બાળકોનો જન્મદિવસ ઉજવવાનો રિવાજ પણ વધી ગયો છે અને તેમાં જરૂરત વગરનાં ખર્ચાઓ પણ કરવામાં આવે છે, કેક કાપવામાં આવે છે. ઈસ્લામી દૃષ્ટિ મુજબ આ બધું પણ સારું લાગતુ નથી. આમાં અંગ્રેજી સંસ્કૃતિ અને ઈસાઈયતની ગંધ આવે છે.

## ★ બિન જરૂરી અજ્ઞાનતાભર્યા સવાલો ★

આજકાલ સામાન્યત લોકોમાં બિન જરૂરી પ્રશ્નો પૂછવાનો રિવાજ પણ ફેલાઈ ચૂક્યો છે, અને એ પણ અમલ અને ઈસ્લાહ (ભૂલ સુધારણા)ની નિય્યતથી નહીં પરંતુ આલિમોને હેરાન કરવા માટે અથવા કોઈ ખરાબ હેતુથી ઝઘડા ફસાદ કરવા માટે પૂછવામાં આવે છે.

એક વ્યક્તિને મેં જોયું કે તે વ્યક્તિ માલદાર હોવા છતાં પણ કુર્બાની કરતો ન હતો અને મૌલાના સાહબને પૂછી રહ્યો હતો કે હઝરત ઈસ્માઈલ عليه السلامની જગ્યાએ ઝુબહ કરવા માટે જે ઘેટો લાવવામાં આવ્યો હતો તે નર હતો કે માદા ? અને તેનું ગોશ્ત કોણે ખાધુ હતું ? વળી ત્યાં જ તેના જેવી જ બીજી વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે તે ઘેટો આખો હતો કે ખસ્સી કરેલો હતો ?! એક વ્યક્તિને નમાઝ પઢતાં આવડતું ન હતું અને વુઝૂ પણ સારી રીતે કરવાનું જાણતો ન હતો પરંતુ તેને જે મૌલાના સાહેબો મળતાં તેને આ પ્રશ્ન જરૂર પૂછતો કે મૂસા عليه السلامની માતાનું નામ શું હતું ? અને હઝરત ખદીજા رضي الله عنهاના નિકાહ કોણે પઢાવ્યા હતા ?!

ટૂંકમાં આ પ્રકારના બિન જરૂરી પ્રશ્નો પૂછવાનો રિવાજ થઈ ગયો છે. આમ લોકોને તો જોઈએ કે તેઓ ઐતિહાસિક વાતોમાં ન પડતાં નમાઝ, રોઝા વગેરે શરઈ મસાઈલ શિખે અને ઈસ્લામી અક઼ીદાઓ જાણે, આજ બાબતો અસ્લ ઈલ્મ (સાચુ જ્ઞાન) છે. અને જે વાત કુર્આન હદીષ અને ફિક઼્હથી સમજમાં આવી જાય તો તેની વધુ પૂછપૂરછ અને બારીકાઈમાં ન પડે, ન તો વધારે પ્રમાણમાં ખોટી ચર્ચા કરે. જો સમજમાં ન આવે તો પોતાની સમજનો વાંક સમજે ન કે મઆઝલ્લાહ ! કુર્આન વ હદીષનો અથવા ફુક઼હા (ફક઼ીહો) અને મુજતહીદીન (ઈમામો)નો.

અને જરૂરત વગર વધારે પડતા પ્રશ્નો કરવાની આદત સારી નથી. વર્તમાન યુગમાં અમલ કરવાનો રિવાજ ઘણો જ ઓછો છે અને પૂછવાનો વધુ છે, અને આંધળા થઈને બારીક રસ્તાઓ ઉપર ચાલવામાં ઘણો જ ખતરો છે.

# હદીષોના દુશ્મન !

**★ ઉદાહરણ નં. : ૫ ★**

ઈમામોની તકલીદ ન કરીને જાતે પોતે તેહકીક કરનારા ગૈરમુકલ્લિદો રાફઝીઓ (શીયાઓ)ની જેમ રાત દિવસ ચાર ઈમામોને બુરા ભલા કહે છે અને ખાસ કરીને હન્ફી મઝહબ સાથે તો તેમને અલ્લાહ જાણે કેવી દુશ્મની છે કે તેઓ ચાહે છે કે હન્ફી મઝહબની ઉચ્ચતા તથા મહાનતાને ખતમ કરી દેવામાં આવે. એટલા માટે તેઓ ભોળીભાળી પબ્લિકને ફિક્હના અધૂરા અધૂરા મસ્અલાઓ દેખાડીને ગુમરાહ કરતા રહે છે.

હન્ફી મઝહબને હદીષના વિરૂધ્ધ કહેનારા ગૈર મુકલ્લિદો પોતે જ હદીષના કેવા દુશ્મન છે તેનો જુઓ આ રહ્યો પુરાવો ! :

**☑ હક્ક :–**

**હદીષ** : ઉમ્મુલ મોમિનીન સૈયદા આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે, અલ્લાહના મહબૂબ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, નમાઝ દરમિયાન જેને ઉલ્ટી થાય અથવા નસ્કોરી ફૂટી જાય (નાકમાંથી લોહી વહે) અથવા મઝી નીકળી આવે (એક પ્રકારનું ચીકણુ પ્રવાહી જે ઉત્તેજનાના સમયે નીકળે છે) તેણે જઈને વુઝૂ કરવું જોઈએ. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૮૯)*

**(૨)** હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત તમીમદારી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે દરેક વહેતા લોહી (ના નીકળવા)થી વુઝૂ (જરૂરી થાય) છે. *(દાર કુત્ની, ભાગ–૧, પેજ : ૧૫૭)*

હવે કહેવાતા એહલે હદીષની હદીષ દુશ્મની જુઓ :

**☒ બાતિલ :-**

**એહલે હદીષ** : **(૧)** લોહી નીકળવાથી તથા ઉલ્ટી થવાથી વુઝૂ નહીં તૂટે. *(ઉર્ફુલજાદી, પેજ : ૧૪)*

**(૨)** શરીરમાંથી લોહી નીકળવાની વુઝૂ નથી તૂટતુ. *(નુઝૂલુલ અબરાર અને દસ્તૂરૂલ્ મુત્તકી, પેજ : ૭૭)*

ગૈર મુકલ્લિદોની હદીષ દુશ્મનીના કેટલાયો પુરાવાઓ પ્યારા વાંચકો વાંચી ચૂક્યા, શું ત્યાર પછી પણ તમે તેઓને "એહલે હદીષ" (હદીષવાળા) માનશો ?

**સુના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ**

*–(આલા હઝરત)*

**★ ઉદાહરણ નં. : ૬ ★**

ગૈર મુકલ્લિદો દીનમાં માત્ર બે જ વસ્તુને દલીલ (પુરાવા રૂપ) માને છે :

**(૧)** કુર્આનને **(૨)** હદીષને.

તેમનું કહેવું છે કે અલ્લાહે બે હાથ આપ્યા છે તો એક કુર્આન માટે અને બીજો હદીષ માટે, ન ત્રીજો હાથ છે એટલે ન અમે ત્રીજી વસ્તુને પૂછીએ છીએ.

અમે કહીએ છીએ કે બે હાથ અલ્લાહ તઆલાએ એટલા જ માટે આપ્યા છે તેની કોઈ દલીલ કુર્આન તથા હદીષમાં છે ?

ત્યારબાદ એ વાત પણ ધ્યાનેપાત્ર છે કે જે હાથ વડે ખોરાક લેવામાં આવે છે (જમણો હાથ) જો તે કુર્આન માટે હોય તો શું ડાબો હાથ (જેના વડે પેશાબ સાફ કરવામાં આવે છે) તે બુખારી માટે રહેશે ?!

અલ્લાહ તઆલાએ બે કાન આપ્યા છે એક કુર્આન સાંભળવા માટે બીજો હદીષ માટે. અલ્લાહ તઆલાએ બે આંખો આપી છે એક કુર્આન જોવા માટે અને બીજી હદીષ માટે. તો અમે પૂછીએ છીએ

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)**
અનુવાદક : **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

કે અલ્લાહ તઆલાએ એ જીભ તો એક જ આપી છે, તે શું કામ માટે ? રાત દિવસ ચાર ઈમામોને ભોંકવા (બુરા ભલા કહેવા) માટે ! દીનમાં માત્ર કુર્આન હદીષ જ પુરાવા છે આ તેમનો દાવો છે, હવે તેમનો હાલ પણ જુઓ :

☑ **હક્ક઼ :–**

**હદીષ** : હઝરત ઈકરમાથી રિવાયત છે કે અમુક લોકો ઈરાકથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે ઈબ્ને અબ્બાસ ! શું તમે જુમ્આનું ગુસલ (નહાવું) વાજિબ સમજો છો ?

ફર્માવ્યું નહીં, પરંતુ ગુસલ વધારે (અધિક) પાકીઝગી (સફાઈ)નું કારણ છે અને જે કરે તેના માટે બેહતર છે અને ન કરે તેના માટે વાજિબ નથી. *(સુનને અબૂ દાઊદ, ૫૧–૧)*

હદીષના દુશ્મનોનો હદીષ વિરૂધ્ધ ફત્વો જુઓ :

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : (૧) અને જુમ્આ માટે ગુસ્લ વાજિબ છે. *(નૂઝુલુલ અબરાર, ૨૫)*

(૨) જુમ્આના દિવસે ગુસ્લ કરવું વાજિબ છે. *(દસ્તૂરુલ મુત્તક઼ી, ૫૭)*

## ★ ઉદાહરણ નં. : ૭ ★

ચારેવ મઝહબો (હન્ફી, શાફઈ, માલિકી, હંબલી)માંથી કોઈ પણ એકની પેરવી કરવા અંગે સંપૂર્ણ મિલ્લતે ઈસ્લામની સહમતિ પર ૧૨૦૦ વર્ષથી પણ વધારેનો અરસો વહી ગયો છે. ત્યાર બાદ અંગ્રેજોએ એક ફ઼િર્કો પેદા કર્યો, જે મુસલમાનોને આ ચારેવ મઝહબોની પેરવી તથા તક઼લીદથી રોકીને બેદીન ગૈર મુક઼લ્લિદ બનાવવા લાગ્યા.

અને ઈતિહાસ ગવાહ છે કે જે કોઈ પણ આ બેદીન ગિરોહ (ફ઼િર્ક઼ા)માં સામેલ થયો તે અંતમાં હદીષનો મુન્કિર બન્યો અને બેદીન થઈને મર્યો

- મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની પહેલાં એહલે હદીષ હતો પછી નબુવ્વતનો જૂઠો દાવો કરી કાફ઼િર મુર્તદ થઈને મર્યો.
- મોલ્વી અબ્દુલ હક્ક઼ બનારસી પહેલાં એહલે હદીષ હતો પછી શીઆ બન્યો અને કુર્આનનો ઈન્કાર કરનાર બનીને કાફ઼િર થઈને મર્યો.
- અબ્દુલ્લાહ ચકળાલ્વી એહલે હદીષ હતો, ત્યાર બાદ હદીષનો મુન્કિર થઈને કાફ઼િર મર્યો.
- ગુલામ પરવેઝ એહલે હદીષ હતો, ત્યારબાદ હદીષનો ઈન્કાર કર્યો.
- સર સૈયદ પહેલાં એહલે હદીષ હતો, ત્યારબાદ મુલ્હિદ બની (જન્નત, જહન્નમ, ફ઼રિશ્તાઓ તથા જિન્નાતોના અસ્તિત્વનો ઈન્કાર કરી) નાસ્તિક થઈને મર્યો.

આ એક લાંબો ઈતિહાસ છે કે ગૈર મુક઼લ્લિદ બન્યા પછી કોણ શું શું બન્યો જેને ઈન્શાઅલ્લાહ તમે બીજી કિતાબ ''વિકટોરિયન એહલે હદીષનો ઈતિહાસ''માં વાંચશો.

ટૂંકમાં આવું કેમ બને છે કે એહલે હદીષ બનનાર કુર્આન તથા હદીષનો મુન્કિર થઈને કાફ઼િર મરે છે ?! તેનું કારણ એ જ છે કે આ લોકો વાસ્તવમાં એહલે હદીષ (હદીષવાળા) નથી, બલ્કે હદીષોના દુશ્મનો છે ! જુઓ અહાદીષે રસૂલ ﷺ થી તેમનો ઈખ્તેલાફ કેવો છે !

☑ **હક્ક઼ :–**

**હદીષ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું, તમારામાંથી કોઈને જ્યારે પોતાની નમાઝમાં શંકા થઈ જાય તો સહીહ માટે સોચ વિચાર કરવો જોઈએ અને પોતાની નમાઝ પૂરી (ખતમ) કરે અને (એક બાજુ) સલામ ફેરવીને બે સજદા કરે.

*(સહીહ બુખારી, ૧/૫૮)*

સહીહ બુખારીનો હવાલો જેની રટ રાત દિવસ એહલે હદીષ લગાડતા રહે છે, તેના વિરૂધ્ધ તેમના આલિમનું કહેવું શું છે ? જુઓ :–

☒ **બાતિલ :-**

**એહલે હદીષ** : સહવ એટલે કે નમાઝમાં ભૂલી

જવાથી બે સજદા સલામ (ફેરવ્યા) પહેલાં કરવાના હોય છે. *(સલાતુન્નબી, ૩૫)*

**નિઝામે મયકદા ઈસ અંદાઝ સે બદલા સાકી**
**ઉન્હીં કો જામ મિલતે હૈં જિન્હેં પીના નહીં આતા**

### ★ ઉદાહરણ નં. : ૮ ★

ગૈર મુક્લ્લિદોને કયારેક એવી તૌફીક નથી મળતી કે કોઈ બેનમાઝીને નમાઝની દાવત આપે, કોઈ જૂગારી, દારૂડિયા, ઝિનાખોર, વ્યાજખોરને આ હરામ કામોથી રોકે, હા ! આ લોકો એ વાતમાં ઘણા આગળ રહે છે કે કોઈ મુસલમાનને જ્યારે મસ્જિદમાં આવતો જુએ છે તો તેના દિલમાં એવા વસવસા (શંકાઓ) પેદા કરે છે (શૈતાનની જેમ) કે જનાબ તમે જે નમાઝ પઢી રહ્યા છે તે હદીષની સાબિત જ નથી ! આ નમાઝ તો મઆઝલ્લાહ ! કૂફાના અબૂ હનીફાએ શરૂ કરી અને મક્કા મદીનાવાળી નમાઝ તથા નબીવાળી નમાઝ તો તે છે જ અમે પઢીએ છીએ !

(આ પણ તદ્દન ઉઘાડુ જૂઠ છે. હરમે કા'બામાં આજે પણ વીસ રકાત તરાવીહ થાય છે જ્યારે એહલે હદીષ (૮) આઠ રકાત પઢે છે !)

જ્યારે તે બિચારો ભોળોભાળો મુસલમાન કહે છે કે જનાબ ! અમે તો ખાનદાની ઈમામે આ'ઝમના મુક્લ્લિદ છીએ, તેમના મસાઈલ ઉપર અમલ કરીએ છીએ. તો ઘડ દઈને (તે ગૈર મુક્લ્લિદ) કહે છે કે અજીબ (આશ્ચર્યજનક) વાત છે કે કલમો નબીનો પઢે છે અને વાત અબૂ હનીફાની માને છે ! શું કબરમાં ઈમામ અબૂ હનીફાના વિશે પૂછવામાં આવશે ?!

સારાંશ કે આ પ્રકારની ધોકાબાજીવાળી વાતો કરીને અચ્છા ખાસા નમાઝી મુસલમાનને ફિત્નામાં (શંકામાં) નાખી બેદીન (ગુમરાહ ગેર મુક્લ્લિદ) બનાવી નાખે છે.

બિચારો તેઓને હદીષવાળા સમજીને તેમના ગિરોહમાં સામેલ થઈ જાય છે. પરંતુ તેને શું ખબર કે આખી ધરતી ઉપર હદીષોના સૌથી મોટો દુશ્મન કોઈ છે તો તે આ જ (વહાબી ગૈર મુક્લ્લિદ) નામુરાદ ૧૮૮૪માં જન્મ પામનાર અંગ્રેજી ગિરોહ છે.

જો અવામ ખરો અભ્યાસ કરે અને ઓલમાની સોહબતમાં રહે તો તેમને જાણવા મળશે કે કહેવાતા એહલે હદીષ, હદીષ ઉપર કેટલો અમલ કરે છે ?

### ☑ હક્ક :-

**હદીષ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અલ્લાહ પાકે તમારા નબી ﷺની ઝબાનથી (દ્વારા) તમારી ઉપર હઝર (મુસાફિર ન હોવાની હાલત)માં ચાર અને સફરમાં બે અને ખૌફની સ્થિતિમાં એક રકાત ફર્ઝ કરી છે. *(સહીહ મુસ્લિમ, ૧/૨૪૧)*

૪ રકાતવાળી નમાઝ (ઝોહર, અસર, ઈશા) મુકીમ (જે મુસાફિર ન હોય) તેણે પૂરી પઢવાની હોય છે અને મુસાફિરે અડધી (પઢવાની હોય છે) અને ખૌફવાળી વ્યક્તિ (ભયભીત) માટે એક રકાત છે. આ ફૈસલો નબી ﷺનો છે. સહીહ મુસ્લિમમાં હદીષ મૌજૂદ છે, તેના વિરૂધ્ધ ગૈર મુક્લ્લિદ કહેવાતા અહલે હદીષવાળા આલિમોનો ફત્વો જુઓ :

### ☒ બાતિલ :-

**એહલે હદીષ** : (૧) મુસાફિર માટે ચાર રકાતવાળી નમાઝ બે પઢવી અફઝલ છે, જો આખી પઢે તો પણ જાઈઝ છે. *(કન્ઝુલ્ હકાઈક–૩૪)*

(૨) મુસાફિર માટે કસર (અડધી) છે, પરંતુ આખી પઢવી મના પણ નથી. *(સલાતુન્નબી–૨૮૭)*

**ગૈરોં સે કહા તુમને ગૈરો સે સુના તુમને**
**કુછ હમસે કહા હોતા, કુછ હમસે સુના હોતા**

### ★ ઉદાહરણ નં. : ૯ ★

દરેક કલ્મો પઢનાર મુસલમાન નથી હોતો. ઈસ્લામ તૌહીદ તથા રિસાલત તેમજ આખેરતને માત્ર ઝબાનથી ઈકરાર કરવાનું નામ નથી. બલ્કે દિલથી તેની તસ્દીક (દિલથી સ્વીકાર કરવો) અને અમલ વડે તેનો ઈઝહાર (જાહેર કરવું) પણ જરૂરી છે.

**યહ શહાદત ગહે ઉલ્ફત મેં કદમ રખના હૈ**
**લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના**
*(ડો. ઈકબાલ)*

જેઓ માત્ર ઝબાની મુસલમાન છે, જેમ કે હુઝૂર ﷺના ઝમાનએ પાકમાં હતા જેમને કુર્આને મુનાફિકીનથી સંબોધ્યા છે, અને તેમની સાથે સખ્તાઈ વર્તવાનો હુકમ આપ્યો છે. બલ્કે આવા (નામના) મુસલમાન મરી પણ જાય તો તેમની સાથે કેવો વર્તાવ હોવો જોઈએ એના વિશે કુર્આન ઈર્શાદ ફર્માવે છે.

وَلَا تُصَلِّ عَلٰى اَحَدٍ مِّنۡهُمۡ مَّاتَ اَبَدًا وَّلَا تَقُمۡ عَلٰى قَبۡرِهٖ اِنَّهُمۡ كَفَرُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ وَمَا تُوۡا وَهُمۡ فٰسِقُوۡنَ

''અને તેમનામાંથી (મુનાફિકોમાંથી) કોઈની મૈયત ઉપર ક્યારેય પણ નમાઝ ન પઢશો, ન તેમની કબર ઉપર ઉભા રહેશો. *(પારા :૧૦, સૂરએ તૌબા, આયત : ૮૪)*

અને આ દૌરમાં પણ અમુક આવા ઈસ્લામના દાવેદાર છે, જેમ કે રાફઝી (શીઆ) એહલે કુર્આન (હદીષનો ઈન્કાર કરનારા), કાદયાની (મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને નબી માનનારા), દેવબંદી (પોતાના બાતિલ અકીદાઓના કારણે ઈસ્લામથી બહાર છે), એહલે હદીષ (હદીષના દુશ્મનો) આ સર્વે પોતાના બાતિલ તથા જૂઠા અકીદાઓના કારણે ઈસ્લામથી ખારિજ છે.

આ તમામ બદ્ મઝહબો, ગુમરાહો, બેદીનોની સાથે દરેક પ્રકારનો સંબંધ તોડી નાખવાનો હુકમ કુર્આન તથા હદીષની સાબિત છે.

આવો, જુઓ હદીષ ઉપર અમલના જૂઠા દાવેદારોનો હદીષની સાથે કેટલો સખત વિરોધાભાસ ધરાવે છે !

## ☑ હક્ક :-

હદીષ : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું પોતાના ઈમામ બેહતરીન (ઉચ્ચ કક્ષાના) લોકોને બનાવો કેમ કે ઈમામ તમારા અને ખુદાના દરમિયાન પ્રતિનિધિ છે. *(સુનને કુબ્રા, બૈહકી, ભાગ–૩, પેજ : ૧૮૯)*

નામનો એહલે હદીષ (ગુમરાહ ફિર્કાવાળા) જેઓ હદીષોના ઠેકેદાર બનતા ફરે છે. અને હદીષો પર પોતાનો પેદાઈશી હક્ક જતાવે છે ! જરા આ જૂઠા દાવેદારોનો ઉપરોક્ત હદીષનો ખુલ્લમ ખુલ્લો વિરોધ તો જુઓ !:

## ☒ બાતિલ :-

**એહલે હદીષ** : (૧) મારો મઝહબ તથા અમલ એ છે કે દરેક કલ્મો પઢનારની ઈકતેદા (નમાઝમાં) જાઈઝ છે, ભલે તે મિર્ઝાઈ (કાદયાની) હોય કે શીઆ. *(અખ્બારે એહલે હદીષ, ૨૧, ઓકટો. ૧૯૧૫)*

(૨) અકીદામાં ખરાબીના કારણે જો ઈમામની નમાઝ કબૂલ ન થાય તો આપણી (મુકતદીઓની) થઈ જાય છે. *(ફતાવા ઉલ્માએ એહલે હદીષ, ભાગ : ૨, પેજ : ૧૯૮)*

શીઆ તથા મિર્ઝાઈ (કાદયાનીઓ)ના બદતરીન કાફિર હોવા વિશે સર્વ ઈસ્લામી જગતની દઢ સહમતિ છે. કુર્આન તથા હદીષોની સ્પષ્ટ દલીલો (પુરાવાઓ) તેમના કાફિર તથા મુર્તદ હોવાની ગવાહ છે. તેઓ ગૈર મુકલ્લિદોના નજીક એ લાયક છે કે તેમની ઈકતેદા કરી શકાય ! (તેમની પાછળ નમાઝ પઢી શકાય) હદીષમાં તો ફાસિક (તે મુસલમાન જે ગુનાહે કબીરામાં સાપડાયેલ હોય) તેને ઈમામ બનાવવું ગુનોહ ઠરાવવામાં આવ્યું છે. અને આ હદીષના દાવેદારો કાફિરને ઈમામ બનાવી રહ્યા છે !

હવે તમે જ ન્યાય કરો કે આ લોકો એહલે હદીષ છે કે હદીષોના દુશ્મન ?!

**ન તુમ સદમેં હમેં દેતે, ન હમ ફરયાદ યૂં કરતે**
**ન ખુલતે યૂં રાઝે સરબસ્તા, ન યૂં રુસ્વાઈયાં હોતી !**

*..........(ક્રમશઃ)*

# મક્તબો (મદ્રસાઓ)ના જિમ્મેદારો ગંભીર બની વિચારે !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કુર્આને મુકદ્દસની તિલાવતની ફઝીલતો તથા બરકતો અને તેના ફાયદાઓને કોણ નકારી શકે છે ?! કુર્આને કરીમની તિલાવત કરનારને કયામતના દિવસે તાજે કરામત (ઈજ્જતનો તાજ) પહેરવવામાં આવશે. તેને રબ ﷻની રઝામંદી પ્રાપ્ત થશે, તેના દરજાઓ બુલંદ થશે, તિલાવત કરનારની સાથે કબ્રમાં પણ કુર્આને મુકદ્દસ રહેશે, તેની સહાય અને રક્ષા કરશે અને કયામતના દિવસે તેની શફાઅત પણ કરશે. જે લોકો કુર્આને મુકદ્દસથી દૂર છે તેમના માટે હદીષ શરીફમાં છે કે જેના સીનામાં કુર્આનનો કોઈ હિસ્સો નથી તેનું સીનુ વૈરાન ઘરની જેમ છે.

આ ફઝીલતો અને ફાયદાઓને જોતાં સરળતાથી એ તારણ કાઢી શકાય છે અને સમજી શકાય છે કે કુર્આન શિખવું અને પોતાની અવલાદને કુર્આનની તા'લીમ આપવી એ કેટલું અગત્યનું અને અનિવાર્ય છે. પરંતુ **એક વાત ઘણી જ મહત્વપૂર્ણ છે કે તિલાવતે કુર્આનની આ બધી ફઝીલતો ત્યારે જ મળશે જ્યારે કુર્આન પઢવામાં તિલાવતે કુર્આનના કાયદા કાનૂનનો સંપૂર્ણ લેહાઝ કરવામાં આવે.**

કુર્આન કઈ રીતે પઢવામાં આવે એ વિશે અલ્લાહ તઆલા કુર્આને મુકદ્દસમાં ફર્માવે છે, **وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا** "કુર્આનને તરતીલની સાથે પઢો." *(સૂ. મુઝમ્મિલ–૪)*

આ આયતે કરીમાની તફસીરમાં હઝરત અલીએ મુર્તઝા كرم الله وجهه الكريم ફર્માવે છે : "તરતીલનો મતલબ એ છે કે શબ્દોને સહી મખારિજ અને સિફતો સાથે અદા કરવામાં આવે અને વકફ કરવાના (ઠહરવાના) સ્થળોને ઓળખવામાં આવે." *(મનારૂલ હુદા ફી બયાનિલ વકફિ વલ ઈબ્તેદા, પેજ–૧૩)*

જ્યારે આ રીતે તિલાવત થશે તો હદીષ મુજબ ફઝીલત પ્રાપ્ત થશે કે : "કુર્આનની કિરઅતનો માહિર નેકીવાળા, ઈજ્જતવાળા ફરિશ્તાઓ સાથે હશે." *(સહીહ મુસ્લિમ–૧/૫૪૯)*

આ ફઝીલતોને નજર સમક્ષ રાખીને આપણે પોતાના સમાજ અને સોસાયટીની હાલત જોઈએ તો અધિકતમ મુસલમાનો પોતાની અવલાદને દીની તાલીમ આપવામાં અથવા કુર્આનની સહી તા'લીમ આપવામાં ગફલતથી કામ લે છે. કુર્આનની તા'લીમની ગફલતના અમુક કારણો છે. કેટલાક લોકો પોતાની અવલાદને દીની તા'લીમ બાબતે બિલ્કુલ ધ્યાન નથી આપતા જેનુ પરિણામ એ આવે છે કે અવલાદ જવાન થઈ જાય છે અને ઈંગ્લિશ મિડિયમની તા'લીમ મળતાં અંગ્રેજી તો બોલી શકે છે પરંતુ જે કુર્આનની અમુક આયતો પણ સારી રીતે પઢી નથી શકતી. કેટલાક માતા પિતા થોડુક ધ્યાન આપે છે તો પોતાના વિસ્તારના મકતબમાં પોતાની અવલાદને દાખલ કરી દે છે અને બસ ત્યાં પઢાઈ કેવી છે, તેમનું બાળક શું પઢે છે ? આ બધી વાતોથી કોઈ લેવા દેવા નહીં, જ્યારે કે વધુ પડતા મકતબોની હાલત એ છે કે ત્યાં કુર્આને મુકદ્દસની તા'લીમ જે રીતે થવી જોઈએ એ રીતે નથી થતી, ઈલ્લા માશાઅલ્લાહ ! તેના ઘણા બધા કારણો છે, ક્યાંક તો મકતબ અને મદ્રસાની કમિટી તથા ટ્રસ્ટીઓની નિષ્કાળજી હોય છે કે મુદર્રિસોના પગાર ઘણા જ ઓછા હોય છે અને તલબાની સંખ્યા એટલી અધિક હોય છે કે મુદર્રિસ

તેમને સારી રીતે પઢાવી નથી શકતા, ક્યાંક તો મુદર્રિસોની હાલત એ હોય છે કે તેઓ ખુદ સહી કુર્આન નથી પઢી શકતા તો તલ્બાને શું પઢાવશે ?! અને સદ્ભાગ્યે મુદર્રિસ સહીહ કુર્આન પઢતાં જાણે છે તો તે શું પઢાવે છે, અને તેમની પાસે પઢતા બાળકોમાં કેવી લાયકાત છે તેની પૂછપરછ કરનાર કોઈ નથી હોતું ! જેના કારણે તેઓ તાલીમમાં સુસ્તી કરે છે, પરિણામે બાળકો પર તેની સીધી અસર પડે છે. ક્યાંક તો વાલીઓને પોતાની અવલાદની દીની તાલીમ પ્રત્યે કોઈ રસ નથી હોતો અને ન તો તેઓ આ બાબતે પોતાની કોઈ જવાબદારી સમજે છે. જ્યારે કે અમુક વાલીઓ આ બાબતે થોડુક ધ્યાન આપે છે અને બાળકોના ટયૂશન માટે મુદર્રિસની વ્યવસ્થા કરે છે જેના લીધે કુર્આન પઢી શકે છે.

બાળકોને કુર્આને મુક઼દસની સહી તા'લીમ તથા દીનના મહત્વનું જ્ઞાન આપવા માટે અમુક બાબતો ધ્યાન પાત્ર છે. અને આ સંદર્ભે દરેકે પોત પોતાની જવાબદારી સમજવાની જરૂરત છે. દીની તા'લીમ માટે જરૂરી બાબતોને ધ્યાનમાં રાખી કોશિશ કરવામાં આવે તો બાળકોની સહી તા'લીમ શક્ય છે અને **જો વાલીઓ, ટ્રસ્ટીઓ અથવા મુદર્રિસો પોતાની જવાબદારી નહીં સમજે અને એ જરૂરી બાબતોને ધ્યાનમાં નહીં લે તો અલ્લાહ ને ત્યાં ગુનેહગાર ઠરશે અને તેમનાથી આ સંબંધે ક઼યામતના દિવસે પૂછપરછ થશે**. હદીષે પાકમાં છે : "તમારામાંથી દરેક જિમ્મેદાર છે અને દરેકથી તેના હેઠળના લોકો વિશે પૂછપરછ કરવામાં આવશે." *(બુખારી શરીફ–૨/૫)*

હદીષે પાકમાં છે : દીન સંપૂર્ણ ખૈર ખ્વાહી અને ભલાઈનું નામ છે." તો મુસલમાનોની ભલાઈના હેતુસર કેટલીક ધ્યાનપાત્ર બાબતો રજૂ કરવામાં આવે છે જેમાંથી અમુક બાબતો વાલીઓ માટે છે, કેટલીક ઉસ્તાઝો માટે, કેટલીક મક઼તબ અને મદ્રસાઓના જિમ્મેદારી માટે છે.

## ★ વાલીઓ માટે ધ્યાનપાત્ર બાબતો ★

**(૧)** વાલીઓ પોતાની અવલાદને દીનની સહી તા'લીમ અને દીનની સાચી સમજ આપવાને પોતાની જવાબદારી સમજે અને એ બાબતે તાકીદપૂર્વક સંપૂર્ણ ધ્યાન આપે. હદીષ શરીફમાં છે : "(દીનનો) ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન પર ફર્ઝ છે." *(સુનને ઈબ્ને માજહ–૧/૧)*

**(૨)** બાળકોની યોગ્ય વય થતાં તેમની કાયદેસર તા'લીમ શરૂ કરી દેવી જોઈએ.

**(૩)** તા'લીમ માટે ઈખ્લાસવાળા બાસલાહિયત ઉસ્તાદની સેવા લેવી જે તજવીદની સાથે સહી તા'લીમ આપી શકે.

**(૪)** જે રીતે દુન્યવી શિક્ષણ માટે પૈસા ખર્ચ કરવામાં આવે છે એ જ રીતે દીની તા'લીમ માટે પણ સારા લાયકાત ધરાવતા મુદર્રિસોની સેવા લઈ તેમને યોગ્ય વળતર આપવું.

**(૫)** બાળકને સમયસર મક઼તબ પહોંચાડવાની તા'કીદ રાખવી.

**(૬)** બાળક મક઼તબમાં શું પઢે છે તેની પૂછપરછ ઉસ્તાદથી અને પોતે બાળકથી પણ કરવી અને ઘરમાં પણ બાળકને રાત્રે અથવા યોગ્ય સમયે પઢવા બેસાડવા ભારપૂર્વક ધ્યાન આપવું.

## ★ આપણી અફસોસજનક હાલત ★

અવલાદને દુન્યવી શિક્ષણ આપવું સારી વાત છે, પરંતુ દીન અને આખેરતની ફિક્રથી દૂરીના કારણે આપણી પરિસ્થિતિ એટલી હદે ભિન્ન કક્ષાની થઈ ગઈ છે કે એક તરફ તો ઈંગ્લિશ મિડિયમ અને દુન્યવી શિક્ષણ માટે સ્કૂલોની ભારે ભરખમ ફી, ટ્રાવેલ ખર્ચ, ટયૂશન ફી વગેરે પર પાણીની જેમ પૈસા વેરવામાં આવે છે, અને સમયસર બાળકો તૈયાર કરી પોતે લેવા તથા મૂકવા જતા હોય છે અને બીજી બાજુ દીની તાલીમ પ્રતિ આપણી બેપરવાહીની એ હાલત છે કે બાળક મકતબના સમયથી લેટ, કપડાં વગેરેની સફાઈ વિના જે તે સ્થિતિમાં મકતબ પહોંચે છે અને

કલાક અડધા કલાકમાં સ્કૂલ માટે જતા પણ રહે છે. હવે ટયૂશન અથવા મકતબના બીજા સમયે તાલીમની વ્યવસ્થા છે તો ઠીક નહીં તો બસ ! બીજી દુ:ખદ વાત એ છે કે ઉસ્તાદ બાળકને કોઈ કારણસર શિક્ષા આપે છે તો બીજા દિવસે જ વાલીઓ મકતબમાં ઉસ્તાદને ગાળો ભાંડી જે તે ધમકીઓ આપી, ધાંધલ મચાવતા હોય છે. વળી કેટલાક તો વહાબી મકતબમાં પોતાના બાળકને દાખલ કરી દેવાની ધમકી આપે છે ! જયારે કે ઈલ્મે દીન જેના પર દુનિયા અને આખેરતની સફળતા નિર્ભર છે એ ઈલ્મે દીન અને તે શિખવતા ઉસ્તાદ પ્રતિ આપણી આવી સોચ અને આવો અમલ છે તો તેનું અતિ ભયાનક પરિણામ એ પણ જોવા મળે છે કે ઔલાદ દીનની બીજી બાબતોથી તો અજાણ રહે જ છે પરંતુ સગા સંબંધીઓની નમાઝે જનાઝા બીજા લોકો તો પઢતા હોય છે અને આવા વાલીઓની આવી અવલાદ એક ખૂણામાં અલગ ઉભી હોય છે અને કહેવામાં આવે કે ભાઈ નમાઝે જનાઝા તો પઢી લો ! તો જવાબ મળે છે કે નિય્યત નથી આવડતી કે દુઆ યાદ નથી !!

હદીષ શરીફમાં છે : "મૃત્યુ પછી માણસની નેક અવલાદ તેને કામ આવે છે જે તેના માટે મગ્ફિરતની દુઆ કરે અથવા ઈસાલે સવાબ કરે." પરંતુ વાલીઓ અવલાદની દીની તાલીમ પ્રતિ નિષ્કાળજી રાખતા હોય તો તેમને અફસોસ સિવાય શું મળવાનું છે ?!

## ★ ઉસ્તાઝો માટે જરૂરી બાબતો ★

કુર્આનની તા'લીમ આપનારનો દરજ્જો બહુ મોટો છે અને દીનની તા'લીમ આપવું એક મહાન કાર્ય છે. સય્યદે અલમ ﷺએ કુર્આન શિખવનારને ઉત્તમ મુસલમાન ફર્માવી તેના મર્તબાને સ્પષ્ટ કરી દીધો છે, ફર્માવ્યું : "તમારામાં સૌથી ઉત્તમ તે છે જે કુર્આનની તા'લીમ પ્રાપ્ત કરે અને બીજાઓને કુર્આનની તા'લીમ આપે." *(બુખારી શરીફ, ૬/૧૯૨)*

આ કારણે કુર્આનની તા'લીમ આપનારે અમુક બાબતોની કાળજી રાખવી અત્યંત જરૂરી છે :–

**(૧)** બાળકોને સહી તા'લીમ આપવાને પોતાની સૌ પ્રથમ જવાબદારી સમજવી.

**(૨)** એ વાત યાદ રાખવી કે **ઉસ્તાઝે તા'લીમ આપવામાં નિષ્કાળજી અને સુસ્તીથી કામ લીધું અને સહી તા'લીમ ન આપી જેના કારણે તાલિબે ઈલ્મ સહી કુર્આન નથી પઢી શકતો તો કયામતના દિવસે તેનાથી પૂછપરછ થશે અને બાળક પઢવામાં જ્યાં જ્યાં ભૂલો કરે છે અથવા સહી પઢી નથી શકતો તો ઉસ્તાઝ પણ તેના ગુનાહમાં ભાગીદાર અને ગુનેહગાર થશે.**

**(૩)** સામાન્ય રીતે મકતબોમાં એક મુદર્રિસ પાસે ૨૫ થી ૩૦, ૪૦ બાળકો હોય છે જેમને બેથી ત્રણ કલાકમાં પઢાવવાનું હોય છે. અને હકીકત એ છે કે આટલા ઓછા સમયમાં બાળકોની સહી તા'લીમ તો ઘણી દૂરની વાત છે રસ્મી તા'લીમ પણ મુશ્કેલ છે. એટલા માટે ઉસ્તાઝે એટલા જ બાળકોને પઢાવવાની જવાબદારી સ્વીકારવી જોઈએ જેટલા બાળકોને મકતબના સમયમાં સારી રીતે સહી તા'લીમ આપી શકે.

**(૪)** દરેક બાળકથી અલગ અલગ સબક સાંભળવામાં આવે.

**(૫)** સબક સાંભળતી વેળા સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે.

**(૬)** શરૂઆતના કલાસથી જ બાળકોને તજવીદ સાથે પઢાવી તજવીદના કાયદા મુજબ પઢવાની તાકીદ કરવામાં આવે.

**(૭)** એ વાત હમેશાં યાદ રાખવી કે બાળકોને સહી તા'લીમ આપવી એ આપની દીની અખ્લાકી જવાબદારી છે, તેમાં કરવામાં આવતી નિષ્કાળજી અને સુસ્તી આપને અલ્લાહને ત્યાં મુજરિમ અને ગુનેહગાર ઠરાવી દેશે.

**(૮)** અગર ખુદા નખ્વાસ્તા **કોઈ મુદર્રિસ પોતે તજવીદ સાથે કુર્આને મજીદ નથી પઢી શકતા તો અલ્લાહ અને તેના રસૂલ ﷺનો ખૌફ**

**રાખી પહેલી ફુરસતે કોઈ જાણકારથી તજવીદ શીખે અને તેમાં પોતાની બેઈજ્જતી ન સમજે.**

## ★ ટ્રસ્ટીઓ માટે ધ્યાનપાત્ર બાબતો ★

દરેક વિસ્તારમાં અલ્લાહના અમુક નેક બંદાઓ હોય છે જે પોતાના વિસ્તારના બાળકોની દીની તા'લીમ માટે શક્તિ અનુસાર બંદોબસ્ત કરે છે. ખરેખર આ તેમના માટે બંનેવ જહાનમાં કામયાબી અને નજાતનો ઝરીયો છે. પરંતુ અમુક એવી બાબતો છે જેમની તરફ ઓછુ ધ્યાન આપવા અથવા નિષ્કાળજીના કારણે તેમની નિઃસ્વાર્થ કોશિશોથી જે પરિણામો આવવાં જોઈએ તે નથી આવતાં બલ્કે ઘણીવાર તો નકારાત્મક (નેગેટિવ) પરિણામો જોવા મળે છે. માટે કમિટી સભ્યો અને ટ્રસ્ટીઓએ અમુક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ અનિવાર્ય છે.

(૧) મકતબની તા'લીમ અને વ્યવસ્થા પ્રબંધનની દેખભાળની જવાબદારી કોઈ ભરોસાપાત્ર આલિમ, કારી અથવા જાણકારને સોંપવી જોઈએ તથા તેમની યોગ્ય ખિદમત પણ કરવી જોઈએ જેથી તેઓ દિલથી મકતબ અને તેની તા'લીમી કક્ષાને તરક્કી આપે અને તલબાની સહી તાલીમ થઈ શકે.

(૨) શક્ય હોય તો મુદર્રિસને રાખતા પહેલાં ખર્ચ આપી એક બે મહિના માટે કોઈ સારા મદ્રસામાં ટ્રેનિંગ માટે રાખવામાં આવે.

(૩) મકતબમાં પ્રવેશ, તા'લીમ, ઈમ્તેહાન વગેરે માટે જરૂરી કાયદા કાનૂન તૈયાર કરવામાં આવે અને તા'લીમને પ્રમાણિત બનાવવા માટે દરેક બનતી કોશિશ કરવી જોઈએ આ માટે ઉલ્મા તથા કારી સાહેબોથી મશ્વરા અને મદદ લેવામાં આવે.

(૪) મુદર્રિસ રાખતા પહેલાં કોઈ માહિર આલિમ અથવા કારી સમક્ષ તેમની લાયકાત અને તા'લીમની પધ્ધતિ ચકાસી લેવી જોઈએ.

(૫) કોઈ મુખ્લિસ અને માહિર આલિમ અથવા કારી પાસેથી મુદર્રિસો માટે પણ જરૂરી નીતિ નિયમો સંપાદિત કરાવવા.

(૬) વાર્ષિક અને છ માસિક સિવાય ત્રિમાસિક અથવા માસિક ઈમ્તેહાનનું પણ આયોજન કરવામાં આવે. તાલીમી કક્ષા અને તલ્બાની તાલીમી પ્રગતિની સારી રીતે તપાસ કરવી.

(૭) મકતબની આવકનાં બીજાં માધ્યમો હોય તો પણ તલ્બા માટે ફી નક્કી કરવામાં આવે, ભલે થોડીક ફી હોય. અને જો આવકનાં બીજા માધ્યમો ન હોય તો યોગ્ય ફી જરૂર રાખવામાં આવે. અલ્બત્ત ગરીબ તલ્બાને નિઃશુલ્ક તાલીમ આપવી જોઈએ.

(૮) મુદર્રિસને યોગ્ય અને સારા પગાર આપવા જેથી તેઓ દિલ લગાડી મહેનતથી તાલીમ આપી શકે.

(૯) સામાન્યત : મકતબ મદ્રસાઓમાં બે કલાક અથવા ત્રણ કલાક સવારે અને સાંજે બે સમય તાલીમ થાય છે અને એક ઉસ્તાઝ પાસે મોટી સંખ્યામાં બાળકો હોય છે, જેના કારણે સહી તાલીમ નથી થઈ શકતી. માટે દરેક મુદર્રિસ પાસે એટલાં જ બાળકો રાખવાં જોઈએ જેમને આટલા સમયમાં સહી તા'લીમ આપી શકાય.

(૧૦) એ વાત યાદ રાખો કે આપના મકતબ મદ્રસામાં પઢતા બાળકોને કુર્આનની સહી તા'લીમ ન મળી અને બાળકો કુર્આન પાકને સહી નથી પઢી શકતા તો કયામતના દિવસે આપ જવાબદાર ઠરશો.

**ચિંતાજનક બાબત** : એક દાયકા પૂર્વે મકતબ અને મદ્રસાઓમાં તા'લીમી ધોરણ એટલું ઉચ્ચ હતું કે કુર્આનની સાથે ઉર્દૂની તા'લીમ પણ સારી થતી હતી અને દરજએ હફતુમ સુધી કાનૂને શરીઅત, અન્વારે શરીઅત તથા અન્ય મસાઈલની કિતાબો પણ પઢાવવામાં આવતી, સાથે જ બાળકોના ચરિત્ર ઘડતર માટે જન્નતી ઝેવર, સીરતુલ મુસ્તફા ﷺ જેવી કિતાબો પણ કોર્સમાં સામેલ હતી જેનાથી મકતબની તા'લીમ સંપૂર્ણ કરતા સુધીમાં બાળકમાં દીનનું સારું જ્ઞાન આવી જતું. હજુ પણ અમુક મકતબોમાં કોર્સ મુજબ તા'લીમ થાય છે પરંતુ હવે બાળકોની સ્થિતિ દીનિયાત વિશે ઘણી જ ચિંતાજનક થતી જાય છે.

માટે મકતબ માટે કાયદેસર કોર્સ તૈયાર કરવો જોઈએ જેમાં તજવીદ સાથે કુર્આનનું નાઝરા, અક઼ાઈદ, જરૂરી મસાઈલ, ઈસ્લામી ઈતિહાસ વગેરેની સાથે ઉર્દૂ પર ખાસ ધ્યાન આપવામાં આવે. જેથી મકતબમાં પઢતા બાળકો ભવિષ્યમાં આલિમ અથવા વગેરે થવા ઈચ્છે તો તેમને કોઈ અડચણ કે મુશ્કેલીનો અનુભવ ન થાય. નમાઝ, નમાઝે જનાઝા, ઈદની નમાઝ, કફન દફન વગેરે પ્રેકટિકલી શિખવાડવામાં આવે.

બીજી જરૂરી બાબત એ છે કે મકતબ મદ્રસાઓના સંચાલનમાં આલિમ, હાફિઝ જે જાણકાર હોય અથવા કોઈ દીનદાર જે દીન અને દીની તા'લીમની જરૂરતો સમજે, એવા લોકોનો સમાવેશ અત્યંત જરૂરી છે. અધિકતમ મકતબ મદ્રસાઓનું સંચાલન એવા લોકો કરતા હોય છે જેમને દીનની પૂરતી સમજ નથી હોતી અથવા સુસ્ત તબીઅતના હોય છે અથવા સમયની માંગ મુજબ મકતબનું સંચાલન કરવાની લાયકાત નથી હોતી. એટલા માટે અલ્લાહ અને રસૂલનો ખૌફ રાખી આ બાબતે પણ ધ્યાન કરવું જરૂરી છે.

મુદર્રિસોના પગાર વિશે પણ આપણી સોચ ઘણી જ અફસોસજનક છે કે ત્રણ કલાકનો તો વળી કેટલો પગાર હોય ?! ૧૫૦૦, ૨૦૦૦ પગાર આપી એમ સમજવામાં આવે છે કે જાણે એહસાન કરવામાં આવ્યું હોય ! આપણે બે અથવા ત્રણ કલાક તો જોઈએ છીએ પરંતુ ઈલ્મે દીન અને કુર્આનની તા'લીમનું મહત્વ નથી જોતા ! બીજુ કે મકતબની આવક એટલી ન હોય કે પગાર ધોરણ સુધારી શકાય તો ફી નક્કી કરવામાં આવે. આ વિશે આમ મુસલમાનોને અપીલ છે કે જો દર મહિને ઘર દીઠ સો રૂપિયા મકતબ માટે આપણે આપીએ તો સરળતાથી આ સમસ્યાનું નિવારણ થઈ શકે છે. મકતબમાં આપણા જ બાળકો તાલીમ લે છે, આપણે પાન, બીડી, ગુટખામાં જેટલા પૈસાનો ધુમાડો કરીએ છીએ જો એમાંથી ૧૦૦ રૂપિયા (અથવા એથી વધુ શક્તિ મુજબ) અલ્લાહની રાહમાં ખર્ચ કરીશું તો બન્નેવ જહાનમાં તેનો બદલો જરૂર મળશે, જે તે વિસ્તારના લોકોએ ત્યાંના મકતબની કમિટી અને ટ્રસ્ટી અને મંડળને સહાય કરવી જેથી તેઓ પણ સારા પગારથી સારા મુદર્રિસોની નિયુક્તિ કરી મકતબની તા'લીમી તરક્કીને વેગ આપી શકે.

કહેવા સાંભળવામાં પગાર ધોરણની વાત સાવ નજીવી લાગે છે પરંતુ તેનું દુષ્ટ પરિણામ ઘણુ જ ભયાનક છે કે આલિમ, ક઼ારી અથવા હાફિઝ થયેલા લોકો પણ આ લાઈન છોડવા મજબૂર થઈ જાય છે, અને આ જ કારણથી કોઈ મા બાપ પોતાની અવલાદને આલિમ અથવા હાફિઝ બનાવવા તૈયાર નથી થતા. ઈલ્લા માશાઅલ્લાહ !

આ અમુક ધ્યાનપાત્ર બાબતો છે જેની તરફ ધ્યાન આપવામાં આવે તો મકતબ અને મદ્રસાઓમાં તા'લીમી ધોરણ ખાસી હદ સુધી સારું અને ફળદાયક થઈ શકે છે અને ત્યાં તા'લીમ મેળવતા તલ્બા સહી તા'લીમ મેળવી શકે છે અને સાથોસાથ વાલીઓ, મુદર્રિસીન હઝરાત અને ટ્રસ્ટી સાહેબો પણ અજરો સવાબના હક઼દાર થશે.

**અલ્હમ્દુ લિલ્લાહ** ! આલમી તેહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી** જે રીતે તબ્લીગ અને તા'લીમ તથા સુન્ની મુસલમાનોની ભલાઈ માટે દરેક ક્ષેત્રમાં કાર્યરત છે અને વિવિધ વિસ્તારોમાં દારૂલ ઉલૂમો, સ્કૂલો, તર્બીયતી સેન્ટરો, સસ્તા દરે દવાખાનાં, કિતાબોના પ્રકાશન જેવી નિઃસ્વાર્થ ખિદમતો આપી રહી છે એ જ રીતે અલ્લાહ ﷻના કરમ અને સરકાર ﷺની અતાથી કેટલાય વિસ્તારોમાં ક઼ાયદેસર મકતબોનું સંચાલન પણ કરે છે જ્યાં સારી કક્ષાની તા'લીમ આપવામાં આવે છે. તેહરીકની એક સંસ્થા ''ઈદારા મઆરિફે ઈસ્લામી'' દ્વારા મકતબ માટે એક ઘણો સારો અને સારી કક્ષાનો કોર્સ ''નૂરી ક઼ાએદા''ના નામથી પ્રકાશિત થઈ મુસલમાનનોની ખિદમતમાં રજૂ થઈ ચૂક્યો છે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, એપ્રિલ–૨૦૧૫, અઝ : મૌલાના અબ્દુલ્લાહ આ'ઝમી)*

# ગૈર મુક઼લ્લિદોના કેટલાક સવાલોના જવાબો

કાર્યાલય

*કેટલાક સુન્ની ભાઈઓ ! દીની સાહિત્યથી તથા દીની ઈલ્મથી લગાવ રાખતા નથી અને આ કહેવાતા અહલે હદીષ ગૈર મુક઼લ્લિદ વહાબીઓ એક બે રટેલી હદીષો સંભળાવી દે તો વસવસામાં પડી જાય છે. તેવા ભાઈઓના જ્ઞાન માટે અહીં અમુક સવાલ જવાબ અત્રે રજૂ કરીએ છીએ અને વિનંતિ કરીએ છીએ કે દીની સુન્ની કિતાબો વાંચો અને જેવી રીતે દુનિયા માટે સમય કાઢો છો તેમ હમેશાંની દુનિયા આખેરતને સમારવા માટે પણ સમય કાઢો, નહીં તો ક્યાંક કોઈ ગુમરાહની સોહબતમાં તમો તથા તમારી ઔલાદ ઈમાન ન ખોઈ બેસો. અને જો એવું થયું તો આ દુનિયાની દૌલત તમને શું કામ લાગશે ?! તંત્રી : બરકાતે ખ્વાજા–(માસિક)*

❑ ❑ ❑

**ગૈર મુક઼લ્લિદનો સવાલ :** નબી કરીમ ﷺના વિસાલ બાદ એકસો વરસો સુધી "ખયરે કુરૂન"ના જમાનામાં જે સહાબાએ કિરામ, તાબઈન તથા તબેઅ તાબઈન થઈ ગયા છે તે ક્યા ઈમામના મુક઼લ્લિદ હતા અથવા લામઝહબ હતા ? જો મુક઼લ્લિદ હતા તો ક્યા ઈમામના ? જો ગૈર મુક઼લ્લિદ હતા તો આપ તેમને મુસલમાન માનો છો કે નહીં ?

**જવાબ :** તે લોકો જેઓ ઈજતેહાદના દરજાએ પહોંચ્યા ન હતા તેઓ મુકલ્લિદ હતા, કેમ કે અલ્લાહ પાક અને તક઼લીદ નબી કરીમ ﷺની મુજતહિદોની તક઼લીદ કરવાનો હુકમ આપ્યો છે અને આ તક઼લીદ નબી કરીમ ﷺની હયાતમાં જારી હતી. જેમ કે આપ ﷺએ હઝરત મઆઝ رضی اللہ عنہને યમનના મોઅલ્લિમ તથા અમીર બનાવીને મોકલ્યા. જે મસ્અલાની યમનવાળાઓને જરૂરત પડતી તે હઝરત મઆઝ رضی اللہ عنہને પૂછતા અને એના પર અમલ કરતા. યમનવાળાઓ એ મસ્અલાની દલીલ પૂછતા ન હતા, ન હઝરત મઆઝ رضی اللہ عنہ તેમને દલીલ વર્ણન કરતા હતા. અને આ જ તક઼લીદે શખ્સી છે જેને તમે લોકો (ગૈર મુક઼લ્લિદો) કુફ્ર તથા શિર્ક પણ કહો છો !

અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા ! શું હુઝૂર નબી કરીમ ﷺને પણ કાફિર તથા મુશ્રિક કહો છો ?! કેમ કે **હઝરત નબી કરીમ ﷺએ હઝરત મઆઝ رضی اللہ عنہને યમનના લોકોની તક઼લીદના માટે મોકલ્યા હતા.** હઝરત મઆઝ رضی اللہ عنہ મુક઼લ્લદ (જેમની તક઼લીદ કરવામાં આવે) અને યમનના લોકો મુક઼લ્લિદ થયા. અને જે કોઈ કોઈક કુફ્ર પર રાજી રહે તે પણ કાફિર થઈ જાય છે. જો તકલીદ કુફ્ર કે શિર્ક હોત તો ન નબી ﷺ તેમને મોકલતા, ન તે પોતાની તક઼લીદ કરાવતા.

હઝરત મઆઝ رضی اللہ عنہનો મઝહબ સંપાદિત થયો ન હતો એટલા માટે એના પ્રતિ લોકોની નિસ્બત નથી. તક઼લીદે શખ્સીના માટે મઝહબનું સંપાદિત હોવુ જરૂરી છે. સો વરસો પહેલાં કોઈ મઝહબનું સંપાદન થયું ન હતું એટલા માટે લોકો ખાસ મુજતહિદના તરફ સંબંધિત ન હતા, પણ મુક઼લ્લિદ ચોક્કસ હતા.

વળી તમોને ખબર જ નથી કે ખયરે કુરૂન કોને કહે છે ?! તમે ખયરે કુરૂનને સો વરસની અંદર જ સમેટી કાઢયો છે. તમોને ચારેવ ઈમામો (ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ શાઈફ, ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ)ની પેદાઈશ તથા તેમનો ઈતિહાસ પણ ખબર નથી, નહીં તો આપ સો વરસથી પહેલાં લોકો કયા ઈમામના મુક઼લ્લિદ હતા એવો સવાલ હરગિઝ ન જ કરત.

ઈમામે આ'ઝમ رضی اللہ عنہ તાબઈનમાંથી છે. તબેઅ તાબઈનના જમાનામાં ચારેવ મઝહબ ઘડાઈ ચૂક્યા હતા. મુસલમાન એ ચારેવ મઝહબોમાં વહેંચાઈ ચૂક્યા હતા. જેઓ બાકી હતા તેઓ પણ કોઈ ઈમામની તરફ સંબંધિત હતા, થોડા દિવસો બાદ બાકીના **સૌ એ જ ચાર મઝહબોમાં ગોઠવાય ચૂક્યા હતા. એના પર બારસોથી અધિક વરસો વહી ગયા પછી નજદથી શૈતાનથી શીંગ નીકળી તેણે મુસલમાનોમાં વિખવાદ શરૂ કર્યા,** મુસલમાનો પર જેહાદનો હુકમ જારી કર્યો, મુસલમાનોના જાન તથા માલને લૂંટવો ક઼ત્લ કરવું મુબાહ જાણ્યું, ચાર મઝહબવાળાઓને મુશ્રિક કહ્યા, એ જ

શૈતાનના શીંગના મુક઼લ્લિદ તથા અનુયાયીઓ એ જમાનાના અહલે હદીષ કહેવાયા.

તમારા સવાલોના જવાબો સેંકડો વાર ઉલમા આપી ચૂક્યા છે પરંતુ તમારી આદત છે કે એ જ સવાલોને વારંવાર દોહરાવો છો. તમામ ઉલમા, તમામ ફક઼ીહો, તમામ મુહદ્દિષો, તમામ તરીક઼ત, હક઼ીક઼ત મઅરેફતના પેશવાઓ આ જ ચાર મઝહબોની પયરવી કરનારા તથા મુક઼લ્લિદ હતા. તમે લોકો ધોકો આપીને પેશવાઓના દીનથી બદગુમાન કરો છો, તમે તમારી સાથોસાથ તેમની આખેરત ખરાબ કરો છો. આ ચાર મઝહબો (હનફી, શાફઈ, માલિક, હંબલી) ક઼યામત રચાતા સુધી અલ્લાહ પાકના ફઝ્લો કરમથી ક઼ાયમ તથા દાઈમ રહેશે.

**હે ગૈર મુક઼લ્લિદો ! તમો કુર્આન તથા હદીષ થકી સાબિત કરો કે સહાબા, તાબઈન તથા તબેઅ તાબઈનના જમાનામાં ફલાણો માણસ ગૈર મુક઼લ્લિદ હતો, અથવા રસૂલુલ્લાહ ﷺ અહલે હદીષ કહેવાતા હતા અથવા સહાબાએ કિરામ અહલે હદીષ કહેવાતા હતા ?** અને તમો એ સાબિત નથી કરી શક્તા, તો પછી જણાવો કે વર્તમાન કાળમાં પોતાને અહલે હદીષ કહેડાવનારા બિદઅતી છે કે નથી? અને જો છે તો સમર્થન કરો. અને ઉમ્મીદ છે કે તમો એમને બિદઅતી જ કહેશો, કેમ કે તમારો એ ક઼ાનૂન છે કે જે કામ હઝરત રસૂલુલ્લાહ ﷺએ ન કર્યું ન હુકમ આપ્યો, તે તમારા ત્યાં બુરી બિદઅત છે ! **આ તમારા જ કાયદાની રૂએ અત્યારના સર્વ અહલે હદીષ કહેવડાવનારા બિદઅતી છે કે નહીં ?!**

**ગૈર મુક઼લ્લિદનો સવાલ :** ઈમામે આ'ઝમ رضی اللہ عنہની કોઈ કિતાબ બતાવો કે જેમાં તેમણે ખૂદ પોતાના ક઼લમ વડે પોતાના મઝહબનું નામ હનફી તજવીઝ કર્યું હોય, અને પોતાની તક઼લીદનો હુકમ આપ્યો હોય.

**જવાબ :** અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા ! ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ન ખુદા હતા ન રસૂલ હતા. જેણે એમને ખુદા કે રસૂલ સમજ્યા તે ઈસ્લામથી ખારિજ છે કેમ કે પોતાની પયરવી, ઈત્તેબાઅ કરવાનો હુકમ આપવો એ અલ્લાહ તઆલાની શાન છે અથવા તેના રસૂલ ﷺની છે. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ હઝરત રસૂલુલ્લાહ ﷺના ઉમ્મતી અને ચહીતા મુજતહિદ છે. તેમણે અલ્લાહ તઆલા તથા તેના રસૂલ ﷺના કલામને સમજ્યું અને અન્યોને સમજાવ્યું.

પ્રથમ આપ બતાવો કે હઝરત નબી કરીમ ﷺએ પોતાના દસ્તે મુબારક વડે જે કુર્આન લખ્યું તે કયુ છે ? અથવા તે હદીષ બતાવો જે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ કે હઝરત ઉમર ફારૂક઼ કે હઝરત ઉષ્માનગની કે હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ લખી હોય. જો આને સાબિત ન કરો અને કદાપિ કરી શકશો નહીં ! તો પછી જણાવો કે તમારું કુર્આન મજીદ પર ઈમાન છે કે નથી ? અને હદીષની કિતાબો પર ખાસ કરીને બુખારી શરીફ તથા અન્ય પાંચ પર ઈમાન છે કે નથી ?

તમે લોકો (ગૈર મુક઼લ્લિદો)એ જુમ્આની બીજી અઝાનને એવું સમજીને કે આ બિદઅતે ઉષ્માની છે એને ત્યજી દીધી, તો પછી કુર્આન મજીદ પણ વર્તમાન સ્વરૂપમાં જે છે તે મુસ્હબે ઉષ્માની છે ! એને શા માટે ક઼બૂલ કરો છો ? **તમારા પર લાઝિમ છે કે તમે એ સ્વરૂપમાં કુર્આન મજીદ રજૂ કરો જે સ્વરૂપમાં રિસાલતકાળમાં મૌજૂદ હતું. અને ઈમામ બુખારીની બિદઅત શા માટે સ્વીકારી લીધી ?! એ પણ હુઝૂર ﷺના જમાનામાં ન હતી.**

ઈમામે આ'ઝમ رضی اللہ عنہ કોઈ મુન્શી ન હતા પણ મુજતહિદ હતા. તે કુર્આન તથા હદીષથી શરીઅતના મસ્અલા કાઢતા હતા અને આપના શાગિર્દ નક઼લ કરતા હતા, જેમ કે મુહર્રિરે મઝહબ હઝરત ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ છે જેમણે ઝાહિરુર્રિવાયાત એટલે છ કિતાબોને કહે છે તે હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી ડાયરેક્ટ લખી છે, આ મસાઈલ જે હનફી મઝહબમાં રિવાજ પામેલ છે તે સૌ ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી તવાતુરની સાથે આપણા સુધી પહોંચેલ છે જેના માટે સેંકડો કિતાબો મૌજૂદ છે, જો કે તવાતુરના માટે કિતાબોની જરૂરત નથી, તમો કુર્આન હદીષથી સાબિત કરી આપો કે જે દીનના પેશવાએ કોઈ કિતાબ નથી લખી તેના શરઈ મસાઈલ તથા તેના ફત્વા અમલને પાત્ર નથી.

–*(અર્રશાદ મંથલી, નવે. ૨૦૧૪, હાંગલ શરીફ)*

# બાદશાહ મહમૂદ ગઝનવી رحمۃ اللہ علیہ નો ન્યાય

રજૂકર્તા : **હાફેઝ ઉષ્માન સાહબ કોલવનવી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

બાદશાહ મહમૂદ ગઝનવી رحمۃ اللہ علیہ આમ દરબારમાં સિંહાસન પર બેઠો હતો. એનો સમય પ્રજાની મદદ માટે વકફ હતો કે એ સમયે દરેક મઝલૂમ અવરોધ વિના હાજર થાય અને પોતાનું દુઃખ સંભળાવે જેથી એની મદદ કરવામાં આવે. એટલામાં એક પુખ્તવયનો વ્યક્તિ ઊભો થયો અને તે વારંવાર કહેતો હતો, "બાદશાહ ન્યાય કરો ! બાદશાહ ન્યાય કરો !"

બાદશાહે પોતાનો જમણો હાથ ઉઠાવ્યો અને ઊંચા અવાજથી કહ્યું, "હું હાજર છું ! હું હાજર છું !"

તે વ્યક્તિ હવે બાદશાથી બિલકુલ નજીક થઈ ગયો હતો. કહ્યું, હે આદિલ બાદશાહ ! મેં બે હજાર તિલાઈ દીનાર લીલી રેશમની એક થેલીમાં બંધ કરીને શહેરના કાઝી પાસે અમાનતરૂપે મૂક્યા હતા અને પછી મુસાફરી પર ચાલ્યો ગયો. જે રકમ તિજારત માટે સાથે લઈ ગયો હતો તે હિંદુસ્તાનના રસ્તા પર ડાકૂઓએ હુમ્લો કરીને લઈ લીધી. અલ્લાહ તબારક વ તઆલાએ જીવ બચાવ્યો અને હું જેમ તેમ કરીને વતન પાછો આવ્યો. કાઝી પાસે જે થેલી મૂકી હતી તે પાછી લીધી. ઘરે આવીને થેલીને ખોલી તો એમાં બે હજાર દીનાર શુદ્ધ સોનાના બદલે તાંબાના સિક્કા ભર્યા હતા. હું કાઝી પાસે પાછો ગયો અને કહ્યું કે મેં તમારી પાસે માત્ર નિશાપૂરી દીનાર મૂક્યા હતા, હવે એમાં તાંબુ ભર્યું છે. આવું કેમ થયું ?! કાઝીએ કહ્યું, તમે અમાનત હવાલે કરતા સમયે મને અશરફીઓ બતાવી હતી ? તમે તો પેકિંગ થેલી લાવ્યા હતા, તમે પરત માગી તો મેં એને એ જ સ્થિતિમાં તમારા હવાલે કરી દીધી. તમને પૂછયું, શું આજ તમારી થેલી છે ? તમે કહ્યું, હા ! તો હવે શાથી મોઢુ લટકાવીને મારી પાસે કેમ આવી ગયા છો ? હું ઘણો રડયો, અલ્લાહ جل جلالہ અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો વાસ્તો એને આપ્યો પણ એના ઉપર કોઈ અસર ન થઈ. હવે શાથી આદિલ બાદશાહથી ન્યાયની માગણી કરું છું. આવું કહીને જોર જોરથી રડવા લાગ્યો. બાદશાહે કહ્યું, તમે કાંઈ ચિંતા ન કરો. તમારા બારામાં મારે વિચારીને પગલુ લેવું પડશે, તમે મને એક અઠવાડિયાનો સમય આપો. હમણા એક કામ કરો કે એ થેલી મારી પાસે લઈ આવો. સંજોગોવસાત એ થેલી પોતાની સાથે લાવ્યો હતો, એણે તરત જ બાદશાહની સામે મૂકી દીધી. બાદશાહે એને ખૂબ જ ધ્યાનથી ચોતરફ જોયી પણ કોઈ જગ્યા પર છેદનું નિશાન નજર ન આવ્યું જેનાથી શક થતો કે થેલીને ફાડીને એમાંથી દીનાર કાઢવામાં આવ્યા છે. છેવટે બાદશાહે કહ્યું કે આ થેલી મારી પાસે રહેવા દો હું ઉપાય કરું છું, જ્યાં સુધી હું તમારો મામલો હલ ન કરી આપું ત્યાં સુધી તમે દરરોજ બયતુલ માલથી ત્રણ શેર લોટ, એક શેર ગોશ્ત, અને અડધો દીનાર પોતાના બાળકો માટે લઈ લો.

બપોરના ખાવા પછી બાદશાહે થોડો આરામ કર્યો તો રેશમી થેલી એના હાથમાં હતી. તે વિચારી રહ્યો હતો કે આવું કેમ થયું ? પછી એના દિમાગમાં એ વાત આવી કે બની શકે છે કે થેલીમાં કાણુ પાડીને દીનાર કાઢી લીધા હોય અને પછી થેલીને ઘણી ચાલાકીથી સીવી લીધી હોય. બાદશાહના રૂમમાં રેશમની એક સુંદર ચાદર બિછાવેલી હતી જે ઘણા સુંદર ફૂલોવાળી હતી, બાદશાહે ખંજર કાઢયું અને એ ચાદરને એક ફૂટ સુધી ફાડી નાખી અને પોતે શિકાર માટે રવાના થઈ ગયો.

બીજા દિવસે વહેલી સવારે નોકર સફાઈ

માટે આવ્યો અને ફર્શની કિંમતી રેશમી ચાદર ફાટેલી જોઈ તો ધ્રુજવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે જો બાદશાહે આ ફાટેલી ચાદર જોઈ લીધી તો મારી જાનને ખતરો છે. એક ઘરડા ફર્શ સાફ કરનારે એને રડતાં જોઈ લીધો અને પૂછયું, તમને શું થયું છે ? એણે કહ્યું, મારાથી કોઈ વ્યક્તિને દુશ્મની હશે જેણે આવુ કર્યું છે. ઘરડો ફર્શ સાફ કરનાર એની સાથે બાદશાહના રૂમમાં આવ્યો અને ફાટેલા ફર્શને જોઈને પોતે જ ભયભિત થઈ ગયો પણ એણે પોતાને કાબૂમાં રાખ્યો અને પૂછયું, શું તમારા સિવાય પણ કોઈને આ વાતની ખબર છે ?! એણે કહ્યું, ના !

ઘરડો ફર્શ સાફ કરનાર બોલ્યો, તો પછી કાંઈ ચિંતા ન કરો, બાદશાહ શિકાર પર ગયો છે અને બે દિવસથી પહેલાં નહીં આવે. હું શહેરના એક એવા રફૂગર (રફૂ કરવાવાળો)ને જાણું છું જે આ રેશમી ફર્શને એવું રફૂ કરી આપશે કે કોઈ નિષ્ણાત કારીગર પણ ન ઓળખી શકે. એ રફૂગરનું નામ અહમદ છે. પુખ્તવયનો માણસ છે. ફલાણા ફળિયામાં એનું ઘર છે. તમે તરત જ આ રેશમી ફર્શ તેની પાસે લઈ જાવ!

નોકરે એવું જ કર્યું. અહમદ રફૂગર પાસે જઈને એણે કહ્યું, હે રફૂગર ! આ રેશમી ફર્શને એવી રીતે રફૂ કરી આપ કે કોઈને ખબર ન પડે. રફૂગરે કહ્યું, એ જ પ્રમાણે થશે, પણ એનું મહેનતાણુ એક દીનાર લઈશ. નોકરે કહ્યું, મને કૃબૂલ છે. બસ, હવે તમે તમારું કામ ચાલુ કરો અને તમારી મહેનત એમાં લગાડી દો ! રફૂગરે કહ્યું, એ જ પ્રમાણે થશે, તમે કાલે અસરના સમયે આવીને આ ફર્શને લઈ જજો.

બીજા દિવસે નોકર તે ચાદર લેવા માટે ગયો તો ઘણો જ હેરાન થયો, કેમ કે કોશિશ કરવા છતાં પણ ચાદરની તે જગ્યા ન ઓળખી શક્યો કે જ્યાંથી તેને રફૂ કરવામાં આવી હતી. એણે રફૂગરનો આભાર માન્યો અને રેશમી ફર્શ લાવીને બાદશાહના રૂમમાં એ જગ્યા પર બિછાવી દીધું.

એક દિવસ બાદ બાદશાહ શિકારથી પરત ફર્યો અને બપોરના સમયે પોતાના ખાસ રૂમમાં દાખલ થયો તો જોયું કે ફર્શ બિલકુલ સારું છે. ઘણી કોશિશ કરી પણ તે ફાટેલી જગ્યાને ન ઓળખી શક્યો. આદેશ આપ્યો કે નોકરને બોલાવવામાં આવે. નોકર હાજર થયો તો પૂછયું, આ ફાટેલુ ફર્શ કોણે દુરૂસ્ત કર્યુ ?! નોકર બોલ્યો, હે બાદશાહ સલામત ! આ ફર્શ બિલકુલ ફાટેલુ ન હતું. બાદશાહે કહ્યું, ગભરાવ નહીં ! મેં જાતે જ પોતાના ખંજરથી કાણુ પાડયું હતું અને એવું એક મકૃસદ માટે કર્યું હતું. તમે બતાવો કે આ ફર્શને ક્યા રફૂગરે ઠીક કર્યું છે, એણે તો કમાલ કરીને બતાવ્યું છે. આ સાંભળીને નોકરના જીવમાં જીવ આવી ગયો. એણે કહ્યું, ફલાણા રફૂગરથી એને ઠીક કરાવ્યું હતું. બાદશાહે કહ્યું, એ રફૂગરને કાલે મારા દરબારમાં હાજર કરો.

બીજા દિવસે રફૂગર બાદશાહના દરબારમાં હાજર થયો તો એના શરીર પર ધ્રુજારી છવાયેલી હતી. બાદશાહે કહ્યું, ગભરાવ નહીં, શું રેશમી ફર્શને તમે રફૂ કર્યું છે ?! રફૂગરે કહ્યું, હા ! બાદશાહે કહ્યું, શાબાશ ! તમે તો કમાલ કરીને બતાવ્યો છે ! પછી પૂછયું, શું શહેરમાં તમારાથી વધારે કોઈ જાણકાર રફૂગર છે ?! રફૂગરે કહ્યું, બાદશાહ સલામત ! શહેરના બધા જ રફૂગરો મારા ચેલા છે, મારાથી વધારે જાણકાર કોઈ નથી.

બાદશાહે કહ્યું, એક વાત બિલકુલ સાચે સાચી બતાવો, શું આ વરસના દરમ્યાન કોઈ માલદાર વ્યક્તિએ લીધી રેશમની થેલી તમારાથી રફૂ કરાવી હતી ?! એણે કહ્યું, જી હા ! આ કામ માટે શહેરના કૃાઝીએ મને પોતાના ઘરે બોલાવ્યો હતો અને બે દીનાર આપીને એક લીલા રેશમની થેલી રફૂ કરાવી હતી.

બાદશાહે કહ્યું, શું તમે એ થેલી જોઈને ઓળખી લેશો ? જવાબ આપ્યો, કેમ નહીં ?! જરૂર ઓળખી લઈશ.

આ સાંભળીને બાદશાહે ફર્શની નીચે હાથ નાખીને એ થેલી કાઢી અને રફૂગરથી પૂછયું કે શું આ જ થેલી છે ?!

રફૂગર બોલ્યો, જી હા ! બાદશાહ આ એ જ થેલી હતી.

બાદશાહે પૂછયું, એને તમે કઈ જગ્યાએથી રફૂ કરી હતી ? રફૂગરે રફૂવાળી જગ્યાએ આંગળી મૂકી દીધી. બાદશાહ એ જોઈને હેરાન થઈ ગયો. કેમ કે રફૂગરે કમાલ કરીને બતાવ્યું હતું.

બાદશાહે તરત જ શહેરના ક઼ાઝીને બોલાવ્યો અને સાથે જ દાવો કરવાવાળાને પણ બોલાવ્યો જેની થેલીમાંથી સાચા દીનાર કાઢી લીધા હતા. અને આદેશ કર્યો કે બંનેવને અલગ અલગ રૂમમાં બંધ કરી દેવામાં આવે કે એક બીજાથી મળી ન શકે. થોડીવારમાં બંનેવ હાજર થયા. બાદશાહે ક઼ાઝીને બોલાવ્યો અને પૂછયું કે તમે પુખ્તવયના અનુભવી માણસ છો, મેં તમારી ઉપર ભરોસો કરીને ન્યાયાધીશનું પદ તમારા હવાલે કર્યું હતું કે મુસલમાનોના ખૂન અને માલમાં ન્યાય કરો. બતાવો, શું એ જાઈઝ છે કે તમે ખયાનત કરો અને અમાનતની શરતોને પૂરી ન કરો અને એક મુસલમાનનો માલ હડપ કરીને એને વંચિત કરી દો ?!

ક઼ાઝીએ ગભરાતાં કહ્યું, હે બાદશાહ ! આ શું કહી રહ્યા છો ?! બાદશાહે ગુસ્સામાં કહ્યું, આ છે તમારું કૌભાંડ ! પછી તે રેશમી થેલી બતાવીને કહ્યું, આ છે તે થેલી જે તમારી પાસે અમાનતના રૂપે મૂકવામાં આવી હતી, પણ તમે એમાં છેદ પાડીને સાચા સોનાના દીનાર કાઢી લીધા અને તેના બદલામાં તાંબાના સિક્કા ભરી દીધા અને થેલીને રફૂ કરાવીને માલિકને સોંપી દીધી.

ક઼ાઝીએ કહ્યું, આવુ કદાપિ નથી થયું ! મેં આ થેલી ન ક્યારે જોઈ છે અને ન તો મને આ વાતની જાણકારી છે !

બાદશાહે આદેશ કર્યો કે હવે દાવો કરવાવાળો અને રફૂ કરવાવાળો બંનેવને બોલાવવામાં આવે. બંનેવ હાજર થયા. એમને જોતાં જ ક઼ાઝીનો રંગ ફિકો પડી ગયો અને બીકના માર્યા એવી હાલત થઈ કે મોઢાથી કાંઈ વાત નીકળતી ન હતી. ઘણી મુશ્કેલીથી પોતાની ઉપર ક઼ાબૂ પામીને કહ્યું, હે બાદશાહ સલામત ! મને માફ કરી દો !

બાદશાહે કહ્યું, આ ગરીબની જે રકમ તેં ધોકાથી હડપ કરી હતી એ એને પાછી આપી દે ! ક઼ાઝીએ પોતાના મુખ્તાર (કલાર્ક)ને બોલાવ્યો અને કહ્યું, પેલી જગ્યાએથી બે હજાર નિશાપૂરી દીનાર લઈ આવ ! થોડાક સમયમાં એ રકમ આવી ગઈ. બાદશાહે એ રકમ માલિકના હવાલે કરી દીધી અને આદેશ કર્યો કે ખયાનતદાર ક઼ાઝીને મહેલના મિનારા પર ઊંધો લટકાવવામાં આવે જેથી લોકોને ખબર પડે કે અમાનતમાં ખયાનત કરવાનો શું અંજામ થાય છે.

*(સિયાસત નામા, ખ્વાજા નિઝામુલ મુલ્ક તૂસીથી)*
*–(માહનામા નૂરુલ હબીબ–પાક., માર્ચ–૨૦૧૫)*

## દયાદરામાં ઔરતો માટે સુન્ની ઈજતેમા

**દયાદરા** : ખાતે તા. ૯–૫–૨૦૧૫ શનિવારે મુદ્રસા મઝાહેરુલ ઉલૂમના હોલમાં બહેનો માટે "સુન્ની દા'વતે ઈસ્લામી" થકી સુન્ની ઈજતેમા યોજાયો જેમાં અઢી વાગ્યાથી પોણા ચાર સુધી આલિમા રૂબીના આપા તેમજ રિઝવાના આપા તથા અન્ય બહેનોએ નઅત તથા ઈસ્લાહી બયાનોનો સિલસિલો જારી રાખ્યો. પોણા ચાર વાગ્યાથી પર્દા હેઠળ રહીને આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈસ્લામી બહેનોની સુધારણા કરતું હૃદયદ્રાવક બયાન કર્યું હતું. છેવટમાં સલાતો સલામ દુઆ થઈ હતી. આ સિવાય પણ દર અઠવાડિયે ગામમાં વિવિધ સ્ટ્રીટોમાં આલિમા મુબલ્લિગા બહેનો થકી ઘરોમાં સુન્ની ઈજતેમા થાય છે. રબ તઆલા સૌને નેક રાહની હિદાયત આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



# ગુજરાતના ત્રાસવાદ વિરોધી વિધેયક અને અન્ય સમાન કાયદાઓ તત્કાળ રદ કરવામાં આવે

*-એમ્નેસ્ટી ઈન્ડિયા*

રાષ્ટ્રપતિએ ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રક (ગુજસીટોક) વિધેયક ૨૦૧૫ને મંજૂરી આપવી જોઈએ નહીં.

ગુજરાત રાજ્ય વિધાનસભા દ્વારા પાસ કરવામાં આવેલા ત્રાસવાદ વિરોધી વિધેયકમાં આતંરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણોનો સદંતર અભાવ છે અને તે કાયદો બને એટલા માટે રાષ્ટ્રપતિની એને મંજૂરી મળવી જોઈએ નહીં એવું એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ ઈન્ડિયાએ આજે જણાવ્યું હતું. આ પ્રકારના કાયદાઓ અન્ય રાજ્યમાં અમલી છે અને રાષ્ટ્રીય રીતે તેને તત્કાળ રદ કરવા જોઈએ.

૩૧મી માર્ચે ગુજરાત રાજ્ય વિધાનસભાએ ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રક (ગુજસીટોક) વિધેયક ૨૦૧૫ નામે પસાર કર્યું હતું.. આ વિધેયક હવે કાયદો બનવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી અર્થે પડતર છે.

ગુજરાતના આ વિધેયકમાં એવી અનેક જોગવાઈઓ છે જે આતંરરાષ્ટ્રીય માનવ અધિકારના ધોરણોનો ભંગ કરે છે એવું એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ ઈન્ડિયા ડાયરેક્ટર સેમિર બાબુએ જણાવ્યું હતું. ભારતીય સત્તાવાળાઓને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લેવાની ફરજ છે પરંતુ સુરક્ષાને લગતી ચિંતાનો ઉપયોગ યોગ્ય અને ભારતના બંધારણમાં આપવામાં આવ્યા મુજબ ન્યાયી ટ્રાયલના અધિકાર સહિતના લોકોના માનવ અધિકારનો ભંગ થવો જોઈએ નહીં.

ફોજદારી કાર્યવાહી સુરક્ષાને લગતા પાસાઓને નબળા પાડવાના બદલે સત્તાવાળાઓએ અપરાધો અટકાવવા અને તેનું નિરાકરણ લાવવા માટે પોલીસને તા'લીમ, સંસાધનો અને સ્વાયત્તતા આપવી જોઈએ. ગુજરાત વિધાનસભાએ અગાઉ ૨૦૦૩, ૨૦૦૮ અને ૨૦૦૯માં આ પ્રકારના વિધેયકો પાસ કર્યા હતા. ૨૦૦૮ અને ૨૦૦૯માં તત્કાલ રાષ્ટ્રપતિઓએ આ વિધેયકોને મંજૂરી આપવા ઈન્કાર કર્યો હતો. રાજકીય પક્ષોએ આ વિધેયકને પાસ કરવા માટે તે મુદ્દે રાજકીય ગજગ્રાહ ચિતરવાનો પ્રયાસ કર્યો છે. દુર્ભાગ્યે અનેક પક્ષકારોએ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આ પ્રકારના કાયદાઓને સમર્થન આપવા માટે દોષિત છે એવું સેમિર બાબુએ જણાવ્યું હતું.

અહીં મુદ્દો કોઈ રાજકીય વિચારધારાનો નથી પરંતુ યોગ્ય અને ન્યાયી ખટલાની કાર્યવાહીના અધિકાર પ્રત્યેના આદરના મૂળભૂત અભાવનો છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં જે આ પ્રકારના કાયદાઓ અમલમાં છે તેના પર આધારિત ગુજસીટોક વિધેયક છે. અરૂણાચલ અને આંધ્રપ્રદેશ સહિત અન્ય રાજ્યમાં પણ અગાઉ આવા કાયદાનું અસ્તિત્વ હતું પરંતુ પાછળથી તેને રદ કરવામાં આવ્યા હતા. અત્રે ગુજસીટોકની કેટલીક જોગવાઈઓ પ્રસ્તુત છે જે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણોને સુસંગત નથી તેથી આ વિધેયક રદ થવું જોઈએ અથવા તેમાં વ્યાપક સુધારા થવા જોઈએ.

**ત્રાસવાદની વ્યાખ્યા :** આ વિધેયકની કલમ ૨(૧)માં ત્રાસવાદી કૃત્યની વધુ પડતી વ્યાપક અને સ્વચ્છંદી વ્યાખ્યા કરવામાં આવી છે. જેમ કે આ વ્યાખ્યામાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના ઈરાદાથી આચરવામાં આવેલા કૃત્યો અથવા મિલકતોને નુકસાન કે નાશ કરે એવા કૃત્યોનો ત્રાસવાદની વ્યાખ્યામાં સમાવેશ કરાયો છે. એ જ રીતે આ વિધેયકમાં મદદગારીની વ્યાખ્યામાં સંગઠિત ક્રાઈમ સિન્ડીકેટને મદદ કરનાર કોઈપણ વ્યક્તિ સાથેનો સંદેશા વ્યવહાર કે જોડાણ અથવા સંગઠિત ક્રાઈમ સિન્ડીકેટને મદદ

કરે એવી કોઈપણ માહિતી કોઈ કાનૂની સત્તા વગર પ્રસિદ્ધ કરવી અને તેને પણ મદદગારીની વ્યાખ્યામાં આવરી લેવામાં આવી છે.

આ વિસ્તૃત અને વ્યાપક વ્યાખ્યાઓ અભિવ્યક્તિ અને સાથે મળવાની સ્વતંત્રતાના અધિકાર સહિત અનેક મૂળભૂત અધિકારો સામે ખતરો ઉભો કરે છે. વિધેયકમાં ઉપયોગમાં લેવાયેલ વધુ પડતી વિસ્તૃત અને વ્યાપક વ્યાખ્યા હેઠળ સરકારની ટીકા કરતા દેખાવો યોજવા કે વિરોધ કરવો તેને પણ ત્રાસવાદી કૃત્ય તરીકે ગણાવીને કાનૂની કાર્યવાહી કરી શકાશે. એટલું જ નહીં ત્રાસવાદી કૃત્ય પર પત્રકારત્વનો અહેવાલ લખવો તેને પણ અપરાધમાં કે ત્રાસવાદી કૃત્યમાં મદદગારી તરીકે ગણીને તેની સામે કાર્યવાહી કરી શકાશે.

**આરોપો વગર અટકાયતને લંબાવવી**: આ વિધેયકની કલમ ૨૦(૨)માં શકમંદની અટકાયતનો લઘુત્તમ પિરિયડ ૧૫ દિવસથી ૩૦ દિવસ સુધી વધારવાની જોગવાઈ ધરાવે છે અને આરોપો વગર અટકાયતનો મહત્તમ સમયગાળો ૯૦ દિવસથી ૧૮૦ દિવસ સુધી લંબાવી શકાશે જે આંતરરાષ્ટ્રીય ધોરણો કરતાં ઘણો વધુ સમયગાળો છે. આમાં એક સુરક્ષિત પાસાની જોગવાઈ એ કરવામાં આવે છે કે ૯૦ દિવસ કરતાં વધુ સમય અટકાયત લંબાવવા માટે ચોક્કસ કારણો રજૂ કરવાં પડશે અને અદાલતને તપાસમાં થયેલ પ્રગતિ અંગે સંતોષ થવો જોઈએ.

**પોલીસ અધિકારીઓની કબૂલાત**: આ વિધેયકની કલમ ૧૬માં અટકાયતી દ્વારા પોલીસ અધિક્ષકનો દરજ્જો ધરાવતા અથવા તેનાથી ઉપરનો દરજ્જો ધરાવતા પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવેલી કબૂલાતને કેટલીક શરતોને આધિન અદાલતમાં પુરાવા તરીકે ગ્રાહ્ય રાખવાની જોગવાઈ છે.

જ્યારે સામાન્ય ભારતીય ક્રિમિનલ કાયદા હેઠળ પોલીસ સમક્ષ કરવામાં આવેલી કબૂલાત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. કારણ કે આ પ્રકારની કબૂલાત અટકાયતી પર ત્રાસ ગુજારીને કે અન્ય કોઈ ગેરવર્તણૂક દ્વારા મેળવવામાં આવી હોય એવું માનવામાં આવે છે. બીજું આ વિધેયકમાં અટકાયતીઓ પર ગુજારવામાં આવતા ત્રાસ અને અન્ય પ્રકારની ગેરવર્તણૂક સામે કોઈ સુરક્ષિત પાસાની જોગવાઈ કરવામાં આવી નથી.

**જામિન પર નિયંત્રણ**: કલમ ૨૦ (૪) હેઠળ અટકાયતીઓને જામીન આપવા પર બિનજરૂરી અને અયોગ્ય વધારાના નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. આ કલમમાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી અદાલતને એવો સંતોષ ન થાય કે આરોપીએ આવો કોઈ ગુનો આચર્યો નથી એવા વાજબી કારણો અને આધાર છે અને જામીન પર હશે ત્યારે આવો કોઈ ગુનો આચરશે એવી કોઈ શક્યતા નથી એવો કોઈ સંતોષ ન થાય તો અટકાયતીઓને જામીન પર છોડવા નહીં. આંતરરાષ્ટ્રીય કાયદામાં અટકાયત હેઠળના તમામ આરોપીઓને ખટલાની કાર્યવાહી પહેલાં મુક્ત કરવાની તરફેણમાં જોગવાઈ હોય છે. આઈ.આઈ.સી.સી.પી.આર. ની કલમ ૯(૩)માં નિર્દિષ્ટ કર્યા મુજબ ખટલાની કાર્યવાહી પડતર હોય ત્યારે આરોપીને અટકાયતમાં રાખવાનો સામાન્ય નિયમ નથી.

**કાનૂની કાર્યવાહીમાંથી મુક્તિની જોગવાઈ**: વિધેયકની કલમ ૨૫માં કાનૂની કાર્યવાહીમાંથી મુક્તિની જોગવાઈ છે જે સદ્ભાવનાથી કરાયેલા અથવા કરવામાં આવનારા કોઈપણ પગલા માટે કોઈપણ પોલીસ અધિકારી કે સરકારી અધિકારી સામે કાનૂની કાર્યવાહી કરવાની મનાઈ ફર્માવે છે. સામાન્ય ક્રિમિનલ કાયદાથી આ જોગવાઈ અલગ છે. સામાન્ય કાયદા હેઠળ સંબંધિત સરકારની મંજૂરીને આધિન પોલીસ અધિકારી સામે કાર્યવાહી

કરી શકાય છે પરંતુ કાનૂની કાર્યવાહી પર સંપૂર્ણપણે પ્રતિબંધ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાનો ભંગ કરે છે. સરકાર પણ માનવ અધિકાર ભંગ સામે તપાસ કરીને કાર્યવાહી કરવા માટે ફરજબદ્ધ છે.

**ઈન્ટરસેપ્શન પુરાવા :** આ વિધેયકની કલમ ૧૪માં જણાવ્યું છે કે અન્ય કોઈપણ કાયદાની જોગવાઈ હેઠળ વાયર, ઈલેક્ટ્રોનિક કે મૌખિક સંદેશા વ્યવહારને આંતરીને કે ટેપિંગ કરીને એકત્ર કરાયેલા પુરાવા અદાલતમાં આરોપી વિરુદ્ધ પુરાવા તરીકે માન્ય અને ગ્રાહ્ય રાખવામાં આવશે. સંદેશા વ્યવહારો આંતરવાથી કે ટેપિંગ કરવાથી અભિવ્યક્તિના સ્વાતંત્રના તેમજ વ્યક્તિગત પ્રાઈવસીના અધિકાર સાથે ચેડાં થાય છે.

આ વિધેયકમાં આ રીતે એકત્ર કરાયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખવાની જોગવાઈ છે પરંતુ જે સંદેશા આંતરવામાં આવ્યા કે ટેપિંગ કરવામાં આવ્યું તે યોગ્ય શંકાના આધારે કાનૂની રીતે ઉચિત હતું કે કેમ તે નક્કી કરવા માટેના જરૂરી સુરક્ષા ઉપાયો દર્શાવવામાં આવ્યા નથી.

**નિર્દોષતા પુરવાર કરવાની જવાબદારી:** વિધેયકની કલમ ૨૧માં ગંભીર ગુનાઓના કેટલાક પુરાવાની જવાબદારી ઉલટાવવાની અને કેટલાક સંજોગોમાં આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની જવાબદારીની જોગવાઈ કરવામાં આવી છે. આવા કિસ્સાઓમાં વિધેયકમાં જણાવાયું છે કે જો વિપરીત પુરવાર ન થાય તો અદાલત માની લેશે કે આરોપીએ આવો ગુનો આચર્યો છે. ખાસ કરીને નીચેના સંજોગોમાં આ જોગવાઈ લાગુ પડે છે :-

જો આરોપી પાસે ગુનો આચરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલા હોવાનું મનાતા દસ્તાવેજો કે કાગળો સહિત ગેરકાયદેસર શસ્ત્રો કે અન્ય સામગ્રી મળી આવી હોય અથવા...

ગુનામાં ઉપયોગમાં લેવાયેલ ગેરકાયદેસર શસ્ત્રો અને દસ્તાવેજો જેવી અન્ય સામગ્રી અને વાહનો પર અથવા ગુનાના સ્થળે આરોપીઓના ફિંગરપ્રિન્ટ મળી આવ્યા હોય અથવા

આરોપીઓએ પોતે જેને નાણાકીય મદદ કરી રહ્યા છે એ શકમંદ કે ત્રાસવાદી કૃત્ય કે સંગઠિત ગુનાનો આરોપી છે એવું જાણવા છતાં નાણાકીય સહાય કરી હોય.

પરંપરાગત આંતરરાષ્ટ્રીય કાયદામાં નિર્દોષતા ધારી લેવાનો અધિકાર એ એક સામાન્ય ધોરણ છે અને તે તમામ સમય અને તમામ સંજોગોને લાગુ પડે છે અને ન્યાયી ખટલાની કાર્યવાહીના અધિકાર અને કાયદાના શાસનનું જરૂરી તત્વ છે. અપરાધી પુરવાર કરવાની જવાબદારી ઉલટાવીને વિધેયકની કલમ ૨૧ જ્યાં સુધી અપરાધી પરુવાર ન થાય ત્યાં સુધી વ્યક્તિ નિર્દોષ છે એવા અનુમાનનો ભંગ કરે છે.

ભારતના અગાઉના રાષ્ટ્રીય ત્રાસવાદ વિરોધી કાયદાઓ જેવા કે પોટા અને ટાડામાં ગુજસીટોક વિધેયકને લગતી અનેક જોગવાઈઓ હતી. પોટા કાયદો ૨૦૦૪માં અને ટાડા કાયદો ૧૯૯૬માં ચોમેરથી ટીકા બાદ રદ કરવામાં આવ્યો હતો. આ કાયદાઓનો ભારે દુરૂપયોગ થતાં અને આપખુદી અટકાયત, ત્રાસ અને પુરાવા ઉભા કરવા સહિતના માનવ અધિકાર ભંગના ગંભીર ઉલ્લંઘનના પગલે રદ કરાયા હતા.

ભારતમાં હાલ જે ગેરકાયેદસર પ્રવૃત્તિ (અટકાયત) કાયદો અમલમાં છે એમાં પણ આવી અનેક જોગવાઈઓ છે. ભારતમાં માનવ અધિકાર સંગઠનોએ આ કાયદાનો પણ દુરૂપયોગ થયાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં લાવ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૨માં માનવ અધિકારનો બચાવ કરનારા લોકોની સ્થિતિ યુએન સ્પેશિયલ રેપર્ટિયર દ્વારા પણ આ કાયદો રદ કરવાની માગણી કરવામાં આવી હતી. *(વર્તમાનપત્રોનાં આધારે)*

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.

❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.

❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે-બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

❒ ૧૪ રકાત નમાઝ બે-બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

❒ આ મુબારક રાત્રીએ બે-બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની કિતાબોની યાદી

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email : anjuman2006@hotmail.com

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| તોહફાએ નજાત *(ભાગ-૫, શાને રિસાલત ﷺ વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૬, સહાબીઓની કુર્બાનીઓ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૦, વાજિંત્રો હરામ હોવા વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૧, તાઝીયાદારી હરામ...)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૨, તા'ઝીમી સિજદો હરામ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૩, ઈલ્મે ગયબ વિશે)* | |
| તોહફાએ નજાત *(ભાગ-૧૪, હાઝિર નાઝિર વિશે)* | ૬૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૫, ફઝાઈલે નમાઝ)* | ૫૦ |
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૩)* | ૫૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૫૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧, ૨, ૩, ૪, ૫) | ૯૫૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૩૦૦ |
| ૧૯૯ દુઆઓ | ૨૫ |
| મુકાશફતુલ કુલૂબ *(ગુજરાતીમાં, ભાગ-૨)* | ૭૦ |
| ફિક્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રુપના.....દ્રષ્ટિએ | ૨૫ |
| સુન્ની-દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૨૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| કાદયાનીને ઓળખો | ૦૫ |
| **મામૂલાતે હરમૈન**<br>હજ્જ કેવી રીતે કરશો ?<br>હજ્જ શા માટે કરશો ?<br>આદાબે મદીના | ૧૦૦ |
| મશીની ઝબીહા | ૧૦ |
| સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ પરિબળો... | ૨૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્કનો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| વેપારનું મહત્વ | ૧૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| બેંકના વ્યાજ વિશે માહિતી | ૦૫ |
| મિસ્બાહુલ ઉમરા | ૩૦ |
| સૂફીઈઝમની હકીકત અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| અલ્લાહ પાકની નેઅમત આંખ | ૦૫ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| મસ્જિદોને તમારાં ઘર બનાવી લો ! | ૦૫ |
| વાલિદૈને મુસ્તફા ﷺ | ૦૫ |
| સલ્તનતે મુસ્તફા ﷺ | ૨૦ |
| રહમતે ખુદા બ વસીલએ ઔલિયા | ૨૦ |
| અનીસુલ અરવાહ | ૦૫ |
| દલીલુલ આરિફીન | ૦૫ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૦૫ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| ચાંદની સાબિતીના સાત તરીકા | ૦૫ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ૧૦ |
| મનઘડત તથા બનાવટી રિવાયતો | ૦૫ |
| સુન્નીઓના "કુર્આની" તથા દેવબંદીઓના "ઈસ્માઈલી"<br>અકીદાઓનો તફાવત | ૦૫ |
| રહનુમાએ હક્ક | ૧૦૦ |
| મુકાશફતુલ કુલૂબ (હવાલા સહિત મુકમ્મલ કિતાબ, પેજીસ : ૭૬૦) | ૨૬૦ |
| **★ અન્ય સંસ્થાની કિતાબો ★** | |
| બરકાતે શરીઅત-ઉર્દૂ, હિન્દી *(ભાગ-૧, ૨, ૩)* મુકમ્મલ | ૨૦૦ |
| ઈસ્લામિયાત-ઉર્દૂ, ગુજરાતી (ભાગ-૧, ૨) | ૧૦૦ |
| બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૨૦૦ |
| કાનૂને શરીઅત*(ભાગ-૧, ભાગ-૨)* | ૨૦૦ |
| તોહફાએ નિકાહ | ૪૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો) | ૪૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાં૩ કોપીમાં)* | ૨૫૦ |
| નૂરાની તા'લીમાત *(દુઆ, સૂરતો પોકેટ સાઈઝ)* | ૧૫ |
| અત્યબુલ બયાન *(તકવિયતુલ ઈમાનની રદમાં)* | ૧૨૫ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૩૦૦ |

**નોંધ : રૂા. ૪૦૦/- મેમ્બર ફી ભરી વર્ષભર અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા થકી પ્રકાશિત થતી કિતાબો મફત મેળવો !**

નોંધ : કિંમતના રૂા. ૧૦૦ પર ૧૫ રૂા. ટપાલ ખર્ચ મોકલવો

## દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં જશ્ને દસ્તારબંદી

દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ જિ. ભરૂચની યાદી જણાવે છે કે તા. ૨૯/૦૪/૨૦૧૫ બુધવારે રાત્રે દારૂલ ઉલૂમના ગ્રાઉન્ડ પર હાફેઝ કારી થનાર તલબાની દસ્તારબંદીનો જલસો હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી સાહબની સદારતમાં યોજાયો. નિઝામત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીએ સંભાળી. શરૂઆતમાં દારૂલ ઉલૂમના વિદ્યાર્થીઓ થકી કિ઼રાઅત, નઅત, તકરીરો, રજૂ કરવામાં આવી. બાદમાં કારી રિયાઝુદ્દીન અશરફી મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામીએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી મજમામાં રૂહાની તાજગી ભરી હતી. ત્યાર બાદ સુન્ની જગતની મહાન હસ્તી અતાએ મુફતીએ આઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતેઈસ્લામી)નું નારાઓની ગુંજમાં શાનો શૌકત સાથે આગમન થયું. આપે પોતાના બયાનમાં કુર્આન હદીષની રોશનીમાં દિલોની સફાઈ કરનાર વાતો વર્ણવી. આપે જણાવ્યું કે અલ્લાહની નજીક શ્રેષ્ઠ તે નથી કે જે માલદાર છે બલ્કે તે છે જે સૌથી વધુ અલ્લાહથી ડરનાર છે, ગુનાહોથી જુલ્મથી દૂર રહેનાર છે. ગરીબોથી નફરત નહીં મહોબ્બત કરો, તેમની મદદ કરો. કેમ કે એ ઈસ્લામના પયગંબરની સુન્નત છે. ગરીબોથી નફરત કરવી એ નબીની સુન્નત વિરૂધ્ધ છે. એટલે જ ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી رحمۃ اللہ علیہએ ગરીબોથી એવી મહોબ્બત કરી કે ગરીબ નવાઝ કહેવાયા. છેવટમાં હાફિઝ કારી થનાર કુલ ૧૪ વિદ્યાર્થીઓની દસ્તારબંદી થઈ. બાદમાં સલાતો સલામ તથા સર્વની ભલાઈની દુઆ સાથે જલસો સંપન્ન થયો હતો.

## ભરૂચ દારૂલ ઉલૂમ ગુલશને અજમેરમાં જશ્ને દસ્તારબંદી

તા. ૦૯/૦૫/૨૦૧૫ શનિવારે ઈશાની નમાઝ બાદ દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચમાંથી ફારિગ થનાર એક ફાઝિલ, ત્રણ આલિમ અને ત્રણ હાફિઝોની દસ્તારબંદીનો શાનદાર ભવ્ય જશ્ન મનાવાયો. કારી રકીબ રઝાની તિલાવતથી જશ્નની શરૂઆત થઈ. મૌલાના જમાલ રઝા સાહબે નઅતે પાક પેશ કરી. તાલિબે ઈલ્મ જાબિર દહેગામીએ ઈલ્મે દીન પર તક઼રીર કરી હતી. ત્યાર બાદ જનાબ કિ઼બ્લા હાફેઝ ઈબ્રાહીમ કાપોદ્રવી સાહબની સદારતમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીની નિઝામત હેઠળ વિવિધ સાદાતે કિરામ તથા ઉલમા હઝરાતની મૌજૂદગીમાં આલે રસૂલ ખતીબે બાવકા઼ર હઝરત મૌલાના સૈયદ અમીન અલી કા઼દરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ સુન્ની એકતા પર જોર દેતું અને "મસ્લકે આ'લા હઝરત ક્યા હૈ ?" એ વિષયે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આદેશો તથા અન્ય બુઝુર્ગોના હવાલાથી નસીહત આમેઝ બયાન કર્યું હતું તથા નવા ફારિગ થનારાઓને તેમજ બહોળી સંખ્યામાં આવેલ હાઝરીન અવામ તથા ઉલમાને સુન્ની એકતા સચવાય તે રીતે વર્તવા તાકીદી અપીલ કરી હતી જે બયાન સાંભળવાને લાયક છે સંસ્થાના પ્રમુખ સાહબે સૈયદ મકબૂલ હુસૈન ચોકવાલાએ મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. બયાનને અંતે ફારિગ થનાર તલબાની સાદાત ઉલમાના હાથે દસ્તારબંદી થઈ હતી. સલાતો સલામ બાદ સૈયદ સાહબની દુઆ પર જશ્ન પૂર્ણ થયો હતો.

### પારખેતમાં મસ્જિદે ચિશ્તીયાની ઈફતેતાહ

**પારખેત :** (જિ. ભરૂચ) ખાતે તા. ૯–૫–૨૦૧૫ શનિવારે પાલેજ–ભરૂચ રોડ પર બનેલ આલીશાન ચિશ્તીયા મસ્જિદની ઈફતેતાહ મગરિબની નમાઝ પઢાવીને આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કા઼દરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ કરાવી હતી. નમાઝ બાદ કા઼રી મકસૂદ સાહબ કાવીવાળા (પેશ ઈમામ : દયાદરા)એ કલામે રઝામાંથી વસ્ફે રુખ.....નઅતે પાક પઢી મજમાને ઝુમાવી દીધો હતો. ત્યારબાદ સૈયદ સાહબે મસ્જિદની તામીરની ફઝીલતની સાથોસાથ મસ્જિદને આબાદ રાખવા પર જોર દેતું અસરકારક બયાન કર્યું હતું. દુઆ સલાતો સલામ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો. ગુલશને ચિશ્તીયા મંઝિલ ખાતે આમ ન્યાઝ પણ રાખવામાં આવી હતી.

## "અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા"નાં અણમોલ આગમી પ્રકાશનો

**બુખારી શરીફની શરહ** : નુઝહતુલ કારી શરહે બુખારી (ભાગ : ૬), (લેખક : હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ /અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, હદિયો : રૂા. ૨૫૦/–, પેજીસ : ૬૫૦) રમઝાન શરીફમાં કે રમઝાન પછી છપાઈને આવી જશે. ઈન્શાઅલ્લાહ !

**મુકાશફતુલ કુલૂબ** : (લેખક : હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ, અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, રૂા. ૨૬૦/–, પેજીસ : ૭૬૦) જેના દિલથી વાંચનથી દિલની દુનિયામાં ઈન્કિલાબ મચી શકે છે. તકવો પરહેઝગારીનું જીવન મયસ્સર થઈ શકે છે. પોતે વાંચો તથા પોતાની ઔલાદ સતત એના વાંચનનો શોખ અપાવો. જેના વાંચનથી દિલની સફાઈ નિશ્ચિત છે. ઈન્શાઅલ્લાહ ! રમઝાનમાં આ કિતાબો સૌને રવાના થતી જશે, ઈન્શાઅલ્લાહ !

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૪૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે. **ઉપરોક્ત કિતાબોનો ખર્ચ લાખોમાં થશે તો આપની ઈમદાદ મોકલી સવાબના હક્કદાર થશો.**

### :: બેંકથી મદદ માટે એકાઉન્ટ નંબરો ::

- ❑ **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000302)
- ❑ **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000301)
- ❑ **પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000107)
- ❑ **મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ** (BOB Amod Branch, A/c. No. 16710100004533)

નોંધ : ડાયરેક્ટ બેંકના ખાતામાં જમા કરી અવશ્ય જાણ મેસેજ કે ફોનથી કરવી જેથી વિગતે રસીદ મોકલી શકાય.

### ★ હઝરત સૈયદ કમરુદ્દીનબાવા પીર સાહબના સ્વાગતમાં જુલૂસ ★

**આસોજ** : (તા. સાવલી)થી વકીલ સનત કુમાર બી. પરમાર જણાવે છે કે તા. ૫–૨–૨૦૧૫ના રોજ રાણીયા તથા તા. ૫–૪–૨૦૧૫ના રોજ આસોજ મુકામે સાવલી તાલુકાના આપના મુરીદોએ હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી પીર સાહબને નિમંત્રણ આપી બોલાવ્યા હતા. ૯–૧૦ ખુલ્લી જીપો, મોટર સાયકલો, ગાડીઓ સાથે પીર સાહબને બે ઘોડાની બગીમાં બેસાડી પાદરમાં, બજારમાં થઈ મસ્જિદ ચોક સુધી લઈ ગયા હતા. એ દરમ્યાન સ્પીકરો પર નઅતે પાક પઢવામાં આવી હતી તથા નારાઓની ગુંજ થતી રહી હતી. વાઅઝના જલ્સા બાદ ન્યાઝ જમાડવામાં આવી હતી. આપની સાથે આપના સાહબઝાદા સૈયદ અબ્દુલ મુસ્તફા સાહબ, સૈયદબાવા ટુંડાવવાળા તથા અન્ય સાદાતો, ચાહકો હાજર રહ્યા હતા. *(રિપોર્ટ ટૂંકાવીને રજૂ કર્યો.) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*